CMYK

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : ૧૧ માર્ચ ૨૦૨૫, મંગળવાર
વિક્રમ સંવત ૨૦૮૧, ફાગણ સુદ ૧૨

વર્ષ : ૧૬
અંક : ૨૪૮

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

લોકસભામાં રાહુલ ગાંધીની અપીલ | રાહુલ ગાંધીએ લોકસભામાં કહ્યું છે કે દેશભરમાં મતદાર યાદી પર પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે : દરેક વિપક્ષ મતદાર યાદી પર પ્રશ્નો ઉઠાવી રહ્યો છે

# વિપક્ષ ઈચ્છે છે કે વોટર લિસ્ટમાં ગરબડ પર ચર્ચા થાય : રાહુલ ગાંધી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ |

સંસદના બજેટ સત્રનો બીજો તબક્કો આજથી શરૂ થયો છે. આ સત્રની શરૂઆત હોબાળા સાથે થઈ છે. આ વખતે વિપક્ષે યુએસ ટ્રેડ ટેરિફ, મતદાર યાદીમાં કથિત હેરાફેરી, વક્ફ બિલ, સીમાંકન અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) માં ત્રણ ભાષાના નિયમ જેવા મુદ્દાઓ પર કેન્દ્ર સરકારને ઘેરવાની યોજના બનાવી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની NDA સરકાર ગ્રાન્ટની માંગણીઓ માટે સંસદીય મંજૂરી મેળવશે, બજેટ પ્રક્રિયા પૂર્ણ કરશે અને વક્ફ સુધારા બિલ સહિત મુખ્ય કાયદા પસાર કરવા માટે તમામ પ્રયાસો કરશે. આ સત્રમાં વિવાદાસ્પદ વક્ફ સુધારા બિલ પર શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચે ઘર્ષણ થઈ શકે છે. રાહુલ ગાંધીએ લોકસભામાં કહ્યું કે દેશભરમાં મતદાર યાદી પર પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. આખો વિપક્ષ એકસાથે કહી રહ્યો છે કે અહીં મતદાર યાદી પર ચર્ચા થવી જોઈએ. આ અંગે વિપક્ષી સાંસદોએ લોકસભા સ્પીકરને મતદાર યાદી પર બોલવાની તક આપવાની અપીલ કરી હતી. ડીએમકે સાંસદ કનિમોઝીએ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના તે નિવેદનની ટીકા કરી હતી જેમાં તેમણે તમિલનાડુના નેતાઓને અસંસ્કારી કહ્યા હતા. આના જવાબમાં ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું કે જો મેં આવું કંઈક કહ્યું હોય તો હું મારા શબ્દો પાછા લઉં છું.

આજે ગૃહની કાર્યવાહીની શરૂઆતમાં ધર્મેન્દ્ર પ્રધાને તમિલનાડુના સાંસદોને રાષ્ટ્રીય શિક્ષણ નીતિના વિરોધ વિશે ઘણું બધું કહ્યું હતું. વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ લોકસભામાં કહ્યું છે કે દેશભરમાં મતદાર યાદી પર પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. દરેક વિપક્ષ મતદાર યાદી પર પ્રશ્નો ઉઠાવી રહ્યો છે. આખો વિપક્ષ ફક્ત એટલું જ કહી રહ્યો છે કે મતદાર યાદી પર ચર્ચા થવી જોઈએ. ડીએમકે નેતાએ તમિલનાડુમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણ અંગે સરકાર પર પ્રહારો કર્યા. ડીએમકે નેતા ડૉ. ટી સુમતિએ પૂછ્યું, "શું કેન્દ્ર સરકાર સંસદને ખાતરી આપશે કે કાયદા દ્વારા ફરજિયાત ન હોય તેવી નીતિને નકારવા બદલ કોઈપણ રાજ્યને ભંડોળમાં કાપનો સામનો કરવો પડશે નહીં?" રાજ્યસભાના ઉપસભાપતિ હરિવંશ નારાયણ સિંહે ચેમ્પિયન્સ ટ્રોફી જીતવા બદલ રાજ્યસભાના સભ્યો વતી ભારતીય ટીમને અભિનંદન પાઠવ્યા હતા. લોકસભા સ્પીકર ઓમ બિરલાએ વિપક્ષને શાંત રહેવા અને મંત્રીને બોલવા દેવા વિનંતી કરી હતી.

## આખો વિપક્ષ એકસાથે કહી રહ્યો છે કે અહીં મતદાર યાદી પર ચર્ચા થવી જોઈએ

ઓમ બિરલાએ વિપક્ષી સાંસદોને કહ્યું છે કે આ યોગ્ય નથી, તે સંસદના મૂલ્યોની વિરુદ્ધ છે, તેનું ઉલ્લંઘન ન કરો. ગયા મહિને કેન્દ્રીય મંત્રીમંડળે કેટલાક ફેરફારો પછી આ બિલને મંજૂરી આપી હતી. કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરન રિજિજુએ જણાવ્યું હતું કે સરકાર વક્ફ બિલ ટૂંક સમયમાં પસાર કરવા આતુર છે. તેમનો દાવો છે કે આનાથી મુસ્લિમ સમુદાયના ઘણા પ્રશ્નો ઉકેલાશે. હકીકતમાં વિપક્ષ છેલ્લા ઘણા મહિનાઓથી આ મુદ્દો ઉઠાવી રહ્યો છે. આરોપ લગાવવામાં આવી રહ્યો છે કે, ચૂંટણી પંચ અને ભાજપ સાથે મળીને મતદાર યાદીમાંથી ઘણા નામો કાઢી રહ્યા છે અને ઘણા નામો ઉમેરી પણ રહ્યા છે. વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન તો એવું પણ કહી દીધું હતું કે મહારાષ્ટ્રમાં છેલ્લી ઘડીએ મોટી સંખ્યામાં મતદારોના નામ મતદાર યાદીમાં ઉમેરવામાં આવ્યા હતા. ત્યારે અહીં સુધી કહેવામાં આવ્યું હતું કે આ મુદ્દો કોર્ટમાં લઈ જવામાં આવશે. તાજેતરમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પણ આ મુદ્દો ઉઠાવ્યો હતો. તૃણમૂલ કોંગ્રેસના ચીફે ગત અઠવાડિયે એક જ મતદાર ઓળખ કાર્ડ ઈંઝ નંબર ધરાવતા અનેક મતદારોને ચિહ્નિત કર્યા હતા. બેનર્જીએ આરોપ લગાવ્યો હતો કે, ભાજપે નકલી મતદારોનો ઉપયોગ કરીને આવતા વર્ષે પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીને પ્રભાવિત કરવા માટે ચૂંટણી પંચ સાથે સાંઠગાંઠ કરી છે.

## લોકસભામાં ત્રણ ભાષા અને શિક્ષણ નીતિના મુદ્દે હંગામો

બજેટ સત્રના બીજા તબક્કાની શરૂઆત સાથે જ સોમવારે લોકસભામાં નવી શિક્ષણ નીતિ અને ત્રણ ભાષા નીતિ મુદ્દે ભારે હોબાળો થયો હતો. કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધમેન્દ્ર પ્રધાને તમિલનાડુ સરકાર પર પ્રજાને શિક્ષણ નીતિ મુદ્દે ગેરમાર્ગે દોરવાનો આરોપ મૂક્યો હતો. બીજી બાજુ ડીએમકેએ પણ પ્રધાન પર તમિલનાડુનું અપમાન અને ફંડ અટકાવવાનો આરોપ મૂક્યો હતો. ડીએમકે સાંસદોએ પ્રધાનના આરોપોનો વિરોધ નોંધાવતાં કેન્દ્રીય શિક્ષણ મંત્રીએ પોતાનું નિવેદન પાછું ખેંચ્યું હતું. પ્રશ્નકાળ દરમિયાન પ્રધાને ડીએમકે સરકાર પર નેશનલ એજ્યુકેશન પોલિસીનો વિરોધ કરવાનો આરોપ મૂક્યો હતો. તેમણે કહ્યું કે, એક સમય હતો, જ્યારે તમિલનાડુ સરકાર કેન્દ્ર સરકારની નેશનલ એજ્યુકેશન પોલિસીના એમઓયુ પર હસ્તાક્ષર કરવા તૈયાર હતી. તમિલનાડુના શિક્ષણ મંત્રી સાથે અમુક સભ્ય અમારી પાસે આવ્યા હતાં. તેમણે સહમતિ દર્શાવી હતી. પણ અમુક લોકો તેનો વિરોધ કરી રહ્યા છે. કારણકે, તેઓ ભવિષ્યમાં મુખ્યમંત્રી બનવા માગે છે. વર્તમાન મુખ્યમંત્રી વિદ્યાર્થીઓ પ્રત્યે પ્રમાણિક નથી. પ્રધાને આગળ કહ્યું કે, અમે તમિલનાડુને ફંડ ફાળવણી કરી રહ્યા છે. પરંતુ તે પ્રતિબદ્ધ નથી. તે વિદ્યાર્થીઓના ભવિષ્યને બરબાદ કરી રહ્યા છે. તેઓ જાણી જોઈને રાજનીતિ કરી રહ્યા છે. આ દુર્ભાગ્યવશ છે. તે વિદ્યાર્થીઓ સાથે અન્યાય કરી રહ્યા છે. તેમના લોકતાંત્રિક અધિકારો અટકાવી રહ્યા છે. કેન્દ્ર સરકાર તમામ માટે કામ કરી રહી છે. કેન્દ્રીય શિક્ષણ મંત્રીના ડીએમકે પર આ આરોપો મૂકાતા ડીએમકે સાંસદોએ સુત્રોચ્ચાર કર્યો હતો. સાંસદ કનિમોઝીએ જણાવ્યું હતું કે, તમારા ભાષણથી મને તકલીફ થઈ છે. તમારા શબ્દ અસભ્ય છે. તેને પરત લો. ડીએમકે સાંસદોએ ક્યારેય ત્રણ ભાષા નીતિનો વિરોધ કર્યો નથી. ડીએમકે સાંસદો દ્વારા વિરોધ નોંધાતા શિક્ષણ મંત્રીએ જણાવ્યું કે, જો દુઃખ પહોંચ્યું હોય તો હું મારા અસભ્ય શબ્દો પાછા ખેંચુ છું.

## રવિન્દ્ર જાડેજાએ નિવૃત્તિની અટકળો પર મૂક્યું પૂર્ણવિરામ




| નવી દિલ્હી, તા.૧૦ |

ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ જીત્યા બાદ ભારતીય ક્રિકેટ ટીમ અને ચાહકો ઉત્સાહમાં આવી ગયા છે. ભારતીય ચાહકો માટે આ ખિતાબ બેવડી ખુશી લઈને આવ્યો છે, કારણ કે ટીમ ઈન્ડિયાએ માત્ર સતત બીજી ટુર્નામેન્ટ જીતી નથી, પરંતુ તેના પ્રિય ખેલાડીઓએ નિવૃત્તિની અફવાઓનો પણ પૂર્ણવિરામ મૂક્યું છે. ફાઈનલ સમાપ્ત થયા પછી કેપ્ટન રોહિત શર્માએ બધા દાવાઓને ફગાવી દીધા હતા અને હવે એવું લાગે છે કે સ્ટાર ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ પણ નિવૃત્તિ અંગેની અટકળોને નકારી કાઢી છે. દુબઈમાં ૯ માર્ચ, રવિવારે રમાયેલી ફાઈનલમાં રવિન્દ્ર જાડેજાએ શાનદાર બોલિંગ કરી હતી. સ્ટાર ઓલરાઉન્ડરે પોતાની ૧૦ ઓવરના સ્પેલમાં માત્ર ૩૦ રન આપ્યા અને ટોમ લેથમની વિકેટ લીધી હતી. પરંતુ ફાઈનલમાં તેણે પોતાનો છેલ્લો બોલ ફેંકતાની સાથે જ તેના ટીમ ઈન્ડિયાના સાથી વિરાટ કોહલીએ જાડેજાને ગળે લગાવી દીધો હતો.

# રાજકારણમાં બિનઅનુભવી માર્ક કાર્ની કેનેડાના નવા વડાપ્રધાન બનશે

| (એજન્સી) ઓટાવા, તા.૧૦ |

બેન્ક ઓફ કેનેડા અને બેન્ક ઓફ ઈંગ્લેન્ડના પૂર્વ ગવર્નર માર્ક કાર્નીને કેનેડાની સત્તાધારી પાર્ટી લિબરલના નવા નેતા તરીકે ચૂંટવામાં આવ્યા હતા. આ સાથે માર્ક કાર્ની કેનેડાના નવા વડાપ્રધાન બનશે અને જસ્ટિન ટ્રુડોનું સ્થાન લેશે. ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષની શરૂઆતમાં જ જસ્ટિન ટ્રુડોએ કેનેડાના વડાપ્રધાન પદેથી રાજીનામું આપી દીધું હતું. ત્યાર બાદ ૫૯ વર્ષીય કાર્નીએ ૮૬% સભ્યોના વોટ મેળવીને વડાપ્રધાન પદ મેળવવામાં સફળતા મેળવી હતી. એવું કહેવાય છે કે કાર્નીને રાજકારણનો અનુભવ નથી. તેમણે કહ્યું કે હું પાર્ટીને પુર્નજીવીત કરવા અને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ



ટ્રમ્પ સાથે વેપાર અંગે મંત્રણા કરવા સૌથી ઉપયોગી વ્યક્તિ સાબિત થઈશ. રાજકારણમાં પ્રવેશેલા કાર્નીએ કહ્યું કે ટ્રમ્પ સતત ટેરિફની ધમકીઓ આપી રહ્યા છે અને તેના કારણે કેનેડાના અર્થતંત્રને ઝટકો લાગી શકે છે. ઉલ્લેખનીય છે કે કેનેડામાં આવું પહેલીવાર થશે જ્યારે કોઈ એવી વ્યક્તિ વડાપ્રધાન બનશે જેને રાજકારણ સાથે કોઈ લેવા દેવા નહોતા. કાર્નીએ કહ્યું કે બે G7 સેન્ટ્રલ બેન્કના ગવર્નર તરીકે સેવા કરનાર હું પ્રથમ વ્યક્તિ છું અને આ જ મારો અનુભવ દર્શાવે છે કે હું ટ્રમ્પનો સામનો કરવા સૌથી ઉપયોગી અને યોગ્ય વ્યક્તિ સાબિત થઈશ. માર્ક કાર્નીનો જન્મ કેનેડાના ફોર્ટ સ્મિથ, નોર્થવેસ્ટ ટેરેટરીઝમાં થયો હતો. તેમનું બાળપણ એડમંટનમાં વીત્યું અને પછી તે અમેરિકા ગયા જ્યાં હાર્વર્ડ યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્રનો અભ્યાસ પૂર્ણ કર્યો. ત્યારબાદ તે યુકે ગયા જ્યાં ઓક્સફોર્ડ યુનિવર્સિટીથી માસ્ટર ડિગ્રી અને પછી ૧૯૯૫માં અર્થશાસ્ત્રમાં ડૉક્ટરેટની ડિગ્રી મેળવી. કાર્નીને ૨૦૦૮માં બેન્ક ઓફ કેનેડાના ગવર્નર બનાવાયા હતા.

## IPLમાં તમાકુ અને દારૂની જાહેરાતો પર પ્રતિબંધ મુકો

| નવી દિલ્હી, તા.૧૦ |

IPLની ૧૮મી સિઝન ૨૨ માર્ચથી શરૂ થઈ રહી છે. આ પહેલા સ્વાસ્થ્ય મંત્રાલયે આઈપીએલની જાહેરાતોને લઈને પત્ર લખ્યો છે. આરોગ્ય મંત્રાલયે ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ને ૨૨ માર્ચથી શરૂ થનારી ટુર્નામેન્ટ દરમિયાન 'સરોગેટ' જાહેરાતો સહિત તમામ પ્રકારના તમાકુ અને આલ્કોહોલના પ્રચાર પર પ્રતિબંધ મૂકવાનો નિર્દેશ આપ્યો છે. આરોગ્ય સેવાઓના મહાનિર્દેશક અતુલ ગોયલે IPLના અધ્યક્ષ અરુણ ધૂમલને પત્ર લખ્યો છે.

બે પક્ષો વચ્ચે અથડામણ, આગચંપી પણ કરાઈ

## મહુમાં ભારતની જીતની ઉજવણી કરતા લોકો પર પથ્થરમારો કરાયો

ઘટના જામા મસ્જિદની પાસે ઘટી: જોત જોતામાં તો વિવાદ એટલો વધી ગયો કે અનેક દુકાનો અને ગાડીઓમાં આગચંપી થઈ

| (એજન્સી) ઈન્દોર, તા.૧૦ |

મધ્ય પ્રદેશના ઈન્દોરના મહુમાં રવિવારે આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતની જીત બાદ જે ઉજવણી થઈ તે દરમિયાન બે સમુદાયના લોકો વચ્ચે અથડામણ થઈ. જશ્ન મનાવી રહેલા લોકો પર બીજા સમુદાયના લોકોએ પથ્થરમારો કર્યો. આ ઘટના શહેરના જામા મસ્જિદની પાસે ઘટી. જોત જોતામાં તો વિવાદ એટલો વધી ગયો કે અનેક દુકાનો અને ગાડીઓમાં આગચંપી થઈ. વિવાદના કારણે સમગ્ર વિસ્તારમાં હડકંપ મચી ગયો. ભીડને કાબૂમાં કરવા માટે પોલીસે લાઠીચાર્જ કરવો પડ્યો. મળતી માહિતી મુજબ મહુ વિસ્તારમાં ભારતની જીત બાદ લોકોએ જીતનું જૂલુસ કાઢ્યું. આ જૂલુસ જ્યારે મસ્જિદ પાસે પહોંચ્યુ તો બે પક્ષો વચ્ચે ગરમાગરમી થઈ. જોતજોતામાં તો હિંસક રૂપ ધારણ કરી લીધુ. ઉપદ્રવીઓએ જશ્ન મનાવી રહેલા લોકો પર પથ્થરમારો શરૂ કરી દીધો. જેના કારણે અનેક લોકો ઘાયલ થયા.

## રાજકીય પક્ષોને ચેકમાં દાન કરી રોકડા મેળવનારા ઈનકમ ટેક્સની રડારમાં

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ |

આઈટી વિભાગને ગુપ્ત માહિતી મળી છે કે અનેક કરદાતાઓએ રાજકીય પક્ષોને ચેક સ્વરુપે મોટી રકમ આપી અને અમૂક કમિશન કાપીને રોકડ સ્વરુપે આ નાણા પરત મેળવ્યા. આમ કરીને કરદાતાઓએ ટેક્સ મુક્તિનો લાભ લઈને ટેક્સની ચોરી કરી હોઇ શકે છે. આ શંકાને દૂર કરવા માટે હવે આઈટી વિભાગે મોટાપાયે તપાસ અભિયાન શરૂ કર્યુ હોવાના અહેવાલો છે. આઈટી વિભાગે હજારો કરદાતાઓને સવાલ પૂછ્યો છે કે રાજકીય પક્ષમાંથી તેમનો કોણે સંપર્ક કર્યો હતો, જે પક્ષને દાન આપ્યું તે શું તમારા મતવિસ્તારમાં ચૂંટણી લડે છે? જે લોકોએ પાંચ લાખ કે તેથી વધુની રકમ દાન કરી હોય તેમને આવા અનેક સવાલો આઈટી વિભાગ દ્વારા મોકલવામાં આવ્યા હોવાના અહેવાલો છે. આ સવાલો નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના સમયગાળાને ધ્યાનમાં રાખીને પૂછવામાં આવ્યા છે. એવા ગુપ્ત રિપોર્ટ મળ્યા છે કે અનેક દાતાઓએ રાજકીય પક્ષોને ચેક સ્વરુપે મોટી રકમ દાનમાં આપી હતી અને કમિશન કપાઇ ગયા બાદ તેને રોકડ સ્વરુપમાં પાછી મેળવી હતી. આ પ્રકારના નાણાકીય વ્યવહારમાં અનેક લોકોએ વચેટિયા તરીકેની ભૂમિકા પણ નિભાવી હોઇ શકે છે અને એકથી ત્રણ ટકાનું કમિશન લઇને મની લોન્ડરિંગ મશીન તરીકે કામ કર્યુ હોવાની આઈટી વિભાગને શંકા છે. નિયમો મુજબ રાજકીય પક્ષોને આપેલા દાન પર કોઇ ટેક્સ નથી લાગતો, વળી કેટલા રૂપિયા દાન કરી શકાય તેની પણ કોઇ મર્યાદા નથી. તેથી આ છૂટનો ઉપયોગ છટકબારી તરીકે પણ થઇ શકે છે. હાલમાં જે નાણાકીય વર્ષની તપાસ ચાલી રહી છે તે સમયગાળા દરમિયાન આશરે નવ હજારથી વધુ લોકોએ પાંચ લાખ કે તેથી વધુની રકમ પર આઈટી કાયદાની કલમ ૮૦જીજીસી હેઠળ છૂટનો દાવો કર્યો છે. આ કલમ વ્યક્તિગત દાતાઓ માટે જ્યારે ૮૦જીજીબી કંપનીઓ માટે લાગુ પડે છે.

## IIFAમાં પહેલીવાર કોઈ બે ગુજરાતી કલાકારને એવોર્ડ

| (એજન્સી) જયપુર, તા.૧૦ |

આ વખતે ઈન્ટરનેશનલ ઈન્ડિયન ફિલ્મ એકેડમી (IIFA) ઍવોર્ડ શૉ ભારતમાં હોસ્ટ કરવામાં આવ્યો હતો. ૮ અને ૯ માર્ચે જયપુરમાં આયોજિત આ ઍવોર્ડ શૉમાં વર્ષના બેસ્ટ પરફોર્મન્સને વિવિધ કેટેગરીમાં ઍવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં આ વખતે ગુજરાતી કલાકારોનો પણ દબદબો રહ્યો હતો. IIFAમાં આ વર્ષે પહેલીવાર એવું બન્યું છે કે કોઈ બે ગુજરાતી કલાકારને ઍવોર્ડ મળ્યો હોય. IIFAમાં પહેલીવાર કોઈ બે ગુજરાતી કલાકારને ઍવોર્ડ મળ્યો હતો. જેમાં સ્નેહા દેસાઈને લાપતા લેડીઝ ફિલ્મ માટે બેસ્ટ સ્ક્રીન પ્લે માટે ઍવોર્ડ આપવામાં આવ્યો હતો. જયારે ફિલ્મ શેતાન માટે જાનકી બોડીવાલાને બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસ કેટેગરીમાં ઍવોર્ડ મળ્યો હતો. સ્નેહા દેસાઈ : કિરણ રાવ દ્વારા નિર્દેશિત અને આમિર ખાનના પ્રોડક્શન હાઉસના બેનર હેઠળ બનેલી ફિલ્મ લાપતા લેડીઝ ૧ માર્ચ, ૨૦૨૪ના રોજ થિએટર્સમાં રિલીઝ થઈ હતી. જો સ્નેહા દેસાઈ વિશે વાત કરીએ તો તેણે ગ્રેજ્યુએશન અને પોસ્ટ ગ્રેજ્યુએશન મુંબઈની પ્રતિષ્ઠિત કૉલેજોમાંની એક નરસી મોંજી ઈન્સ્ટિટ્યૂટમાંથી કર્યું છે. ત્યારબાદ આલાપ દેસાઈ સાથે લગ્ન કર્યા, જેનો આખો પરિવાર સંગીત અને થિયેટર સાથે સંકળાયેલો છે. મુંબઈમાં ગુજરાતી નાટકો માટે લોકોમાં ક્રેઝ છે, આથી મિત્રોના કહેવાથી તેમણે લખવાની શરુઆત કરી. નાટકો બાદ તેમને ટેલિવિઝન સિરિયલના નિર્માતાઓ આતિશ કાપડિયા અને જેડી મજીઠિયાએ મને સિરિયલ લખવાની ઓફર કરી અને વાગલે કી દુનિયા અને પુષ્પા ઈમ્પોસિબલ લખવાનું શરુ કર્યું. સ્નેહા ગુજરાતી છે, તેમજ ઘણી સિરિયલો અને નાટકો લખ્યા છે, આથી આમીરખાનના પુત્ર જુનૈદની પહેલી ફિલ્મ મહારાજ માટે પણ તેમને જ કહેવામાં આવ્યું હતું. ત્યારબાદ તેણે ડાયલોગ લખવામાં પણ હાથ અજમાવ્યો. ત્યારબાદ લાપતા લેડીઝ ફિલ્મમાં સ્ક્રીન પ્લેની ઓફર મળી હતી.

કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે ખુશ ખબર

# કેન્દ્ર સરકારના કર્મચારીઓના હોળી પહેલાં જ પગારમાં થઈ શકે છે વધારો

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ |

કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે હોળી પહેલાં જ ખુશીના સમાચાર આવી શકે છે. ૧૨ માર્ચ, બુધવારે કેન્દ્ર સરકાર મોંઘવારી ભથ્થા અને મોંઘવારી રાહતમાં વધારો કરવાની જાહેરાત કરી શકે છે. સરકારના આ નિર્ણયથી ૧.૨ કરોડથી વધુ સરકારી કર્મચારીઓ અને પેન્શનર્સને લાભ થઈ શકે છે. ૧૨ માર્ચે કેબિનેટની આ મુદ્દે બેઠક યોજાવાની છે. ત્યારબાદ મોંઘવારી ભથ્થામાં વધારા અંગે જાહેરાત થઈ શકે છે. સરકાર વર્ષમાં બે વખત મોંઘવારી ભથ્થુ વધારે છે. કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવતો આ વધારો એક જાન્યુઆરી અને એક જુલાઈના રોજથી લાગુ થાય છે. મીડિયા સુત્રો અનુસાર, સરકાર હોળી પહેલાં મોંઘવારી ભથ્થામાં બે ટકાનો વધારો કરી શકે છે. મોંઘવારી દર અનુસાર, કેન્દ્ર સરકારના કર્મચારીઓના પગારમાં મોંઘવારી ભથ્થુ બે ટકા વધવાની શક્યતા છે. જેનાથી મોંઘવારી ભથ્થુ ૫૩ ટકાથી વધી ૫૫ ટકા થશે. જો કે, તેના પર અંતિમ નિર્ણય વડાપ્રધાન મોદીના નેતૃત્વ હેઠળની કેબિનેટ બેઠકમાં લેવામાં આવશે. ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ કેન્દ્ર સરકારે મોંઘવારી ભથ્થુ ત્રણ ટકા વધાર્યુ હતું. જે ૧ જુલાઈ, ૨૦૨૪થી લાગુ થયુ હતું. આ વધારા બાદ મોંઘવારી ભથ્થુ ૫૦ ટકાથી વધી ૫૩ ટકા થયુ છે. કેન્દ્ર સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં બે ટકાનો વધારો થાય તો રૂ. ૧૮૦૦૦ના બેઝિક પગારમાં માસિક રૂ. ૩૬૦નો વધારો થશે. હાલ મોંઘવારી ભથ્થામાં રૂ. ૯૫૪૦ મળી રહ્યા છે, જે ૨ ટકાના વધારા સાથે રૂ. ૯૯૦૦ થશે. મોંઘવારી ભથ્થુ ત્રણ ટકા વધ્યું તો રૂ. ૫૪૦ વધી કુલ મોંઘવારી ભથ્થું ૧૦૦૮૦ થશે.

શેરબજારમાં વેચવાલીનું દબાણ

## સેન્સેક્સ ઉપલા સ્તરેથી નીચે સરક્યો, ૨૧૭ પોઈન્ટનો ઘટાડો

| (એજન્સી) મુંબઈ, તા.૧૦ |

ટ્રેડીંગ સપ્તાહના પહેલા દિવસે શેરબજાર લાલ નિશાનમાં બંધ થયું. બીએસઈ પર સેન્સેક્સ ૨૧૭ પોઈન્ટ ઘટીને ૭૪,૧૧૫.૧૭ પર બંધ થયો. NSE પર નિફ્ટી ૦.૪૧ ટકાના ઘટાડા સાથે ૨૨,૪૬૦.૩૦ પર બંધ થયો. ૧૦ માર્ચે, ભારતીય ઈક્વિટી સૂચકાંકો નકારાત્મક સ્તરે બંધ થયા હતા અને નિફ્ટી ૨૨,૫૦૦ની નીચે સરકી ગયો હતો. આજના ટ્રેડિંગ દરમિયાન, પાવર ગ્રીડ કોર્પ, HUL, ઈન્ફોસિસ, SBI લાઈફ, નેસ્લેના શેર નિફ્ટીના ટોચના લાભકર્તાઓની યાદીમાં સામેલ હતા. જ્યારે ઈન્ડસઈન્ડ બેંક, ટ્રેન્ટ, ઓએનજીસી, આઈશર મોટર્સ, બજાજ ઓટોના શેર ટોચના ઘટાડાવાળા શેરોની યાદીમાં સામેલ હતા. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ ૧.૩ ટકા ઘટ્યો હતો, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ ૧.૭ ટકા ઘટ્યો હતો. FMCG સિવાય, બધા ક્ષેત્રીય સૂચકાંકો લાલ નિશાનમાં ટ્રેડ થયા હતા, જેમાં ઓટો, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, કેપિટલ ગુડ્સ, ઓઈલ અને ગેસ, રિયલ્ટી, PSU બેંકોમાં ૧-૨ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

કાશ્મીરના CM ઓમર અબ્દુલ્લાના તપાસના આદેશ

# ગુલમર્ગમાં રમઝાન માસમાં ફેશન શો યોજાતા હોબાળો

| (એજન્સી) જમ્મુ, તા.૧૦ |

સોમવારે જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં ગુલમર્ગમાં તાજેતરમાં યોજાયેલા એક ફેશન શૉ ના કારણે હોબાળો થયો હતો. આ શૉ રમઝાન માસમાં આયોજિત કરવામાં આવ્યો હતો, જેના પર ઘણા રાજકીય પક્ષો અને ધાર્મિક નેતાઓએ નારાજગી વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ આ કાર્યક્રમને અશ્લીલ ગણાવતા કહ્યું કે, તેનાથી ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચી છે.ગૃહની કાર્યવાહી શરૂ થતાં જ નેશનલ કોન્ફરન્સ (NC), પીપુલ્સ ડેમોક્રેટિક પાર્ટી (PDP) અને બે સ્વતંત્ર ધારાસભ્યોએ આ મુદ્દો ઉઠાવ્યો અને પૂછ્યું કે રમઝાન દરમિયાન આવો કાર્યક્રમ કેવી રીતે યોજાઈ શકે. તેમણે આ મામલાની તપાસની માગ કરી હતી. મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ જવાબ આપતા કહ્યું કે, સરકારે પહેલા જ આ મામલે તપાસના આદેશ આપી દીધા છે. તેમણે સ્પષ્ટતા કરી કે, આ એક ખાનગી કાર્યક્રમ હતો અને તેના માટે સરકાર પાસેથી કોઈ પરવાનગી લેવામાં નહોતી આવી.ઓમર અબ્દુલ્લાએ કહ્યું કે, ગુલમર્ગમાં આયોજિત આ ખાનગી કાર્યક્રમથી લોકોની ભાવનાઓને ઠેસ પહોંચી છે. આ પ્રકારના કાર્યક્રમો ક્યારેય ન થવા જોઈએ. સરકારને આ ફેશન શો સાથે કોઈ લેવાદેવા નથી. આયોજકોએ અમારી પાસેથી કોઈ પરવાનગી નહોતી લીધી. તે એક સંપૂર્ણ પણે ખાનગી કાર્યક્રમ હતો, જે હોટલની અંદર યોજાયો હતો. તેમણે કહ્યું કે, જો આ ઘટનામાં કોઈ નિયમનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે તો મામલો પોલીસને સોંપી દેવો જોઈએ. આ વચ્ચે ભારતીય જનતા પાર્ટી (BJP) એ સમગ્ર વિવાદને બિનજરૂરી ગણાવ્યો અને NC, PDP અને કેટલાક ધાર્મિક નેતાઓ પર નિશાન સાધ્યું. ભાજપના ધારાસભ્ય રણબીર સિંહ પઠાનિયાએ કહ્યું કે, કાશ્મીર ઘાટીમાં કટ્ટરતાની આગ ભડકાવવામાં આવી રહી છે.

# વટવા ઇલેક્ટ્રિક લોકો શેડ દ્વારા થ્રી ફેઝ ઇલેક્ટ્રિક લોકો ને વિનાઇલ રેપિંગ થી કર્યું સુસજ્જિત






| અમદાવાદ, તા.૧૦ |

ભારતીય રેલવેમાં ઈલેક્ટ્રિક ટ્રેક્શનના ૧૦૦ ગૌરવપૂર્ણ વર્ષોના ઉપલક્ષ્યમાં પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના ઈલેક્ટ્રિક લોકો શેડ, વટવા દ્વારા થ્રી ફેઝ ઈલેક્ટ્રિક લોકો સંખ્યા ૪૧૭૦૮ **WAG9HC** પર વિનાઈલ પેસ્ટિંગ દ્વારા સુસજ્જિત કરવામાં આવ્યું. આ વિશેષ આયોજન હેઠળ મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્માએ ઈલેક્ટ્રિક લોકો સંખ્યા ૪૧૭૦૮ ને ભારતીય રેલ સેવા માટે સમર્પિત કર્યું.

આ પ્રસંગે વરિષ્ટ મંડળ યાંત્રિક એન્જિનિયર (**ELS**) વટવા શ્રી એસ.પી. ગુપ્તાએ જણાવ્યું હતું કે મંડળ રેલ પ્રબંધક અમદાવાદના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ આ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ થયું છે. તે ફક્ત ભારતીય રેલ્વેના ગૌરવશાળી ઈતિહાસનું સન્માનજ નથી કરતું, પરંતુ તેના ભવિષ્ય પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા પણ દર્શાવે છે. તેમણે એમ પણ કહ્યું કે આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ વટવા શેડના તમામ કર્મચારીઓ અને અધિકારીઓ પ્રશંસાને પાત્ર છે.

શ્રી ગુપ્તાએ વધુમાં ઉમેર્યું હતું કે હાલમાં વટવા શેડ ખાતે ૫૦ કન્વેશનલ ઈલેક્ટ્રિક લોકોમોટિવ અને ૯૨ થ્રી ફેઝ ઈલેક્ટ્રિક લોકોમોટિવની નિયમિત જાળવણી કરવામાં આવી રહી છે જે ભારતીય રેલ્વેની ટેકનોલોજી અને સંચાલન ક્ષમતાને મજબૂત બનાવવામાં નોંધપાત્ર યોગદાન આપી રહ્યું છે.

આ આયોજન ભારતીય રેલ્વેની શ્રેષ્ઠતા અને પ્રગતિ તરફ એક મહત્વપૂર્ણ પગલું છે, જે ભવિષ્યમાં ઈલેક્ટ્રિક ટ્રેક્શનના ક્ષેત્રમાં વધુ સફળતા તરફ દોરી જશે.

## રૂા. ૧૦ લાખની સામે રૂા. ૧૭.૫૦ લાખ ચૂકવ્યા છતાં પઠાણી ઉઘરાણી

### અગાઉ વેપારીએ અરજી કરતાં સમાધાન થઇ ગયા છતાં આરોપીએ ઉઘરાણી ચાલુ રાખી, ધમકી આપી

| (એજન્સી) રાજકોટ, તા.૧૦ |

રૈયા ટેલિફોન એક્સચેન્જ પાછળ હરિહર નગર-૩માં સન પ્લાઝામાં રહેતા અને ગારમેન્ટનો ધંધો કરતાં શ્યામ દિનેશભાઈ ભૂત (ઉ.વ.૩૩) એ આરોપી રાજેન્દ્રસિંહ ઘોઘુભા જાડેજા વિરૂધ્ધ વ્યાજખોરીની ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જેના આધારે પોલીસે તપાસ આગળ ધપાવી છે. ફરિયાદમાં શ્યામભાઈએ જણાવ્યું છે કે તે પોતાના ઘરેથી કપડાનો વેપાર કરે છે. મૂળ ધોરાજીનો વતની છે. ૨૦૧૧માં ધોરાજીથી રાજકોટ આવી ક્રિસ્ટલ મોલમાં ભાડાનો શો રૂમ રાખી ગારમેન્ટનો ધંધો શરૂ કર્યો હતો. ધંધો વધતા કુલ ૮ શો-રૂમ શરૂ કર્યા હતાં. ૨૦૨૦માં કોરોનામાં ધંધો ઠપ્પ થઈ જતાં શો-રૂમના ભાડા અને કર્મચારીઓના પગાર આપવા પૈસાની જરૂર પડતાં મિત્ર હાર્દિક ચાવડા મારફત આરોપીનો સંપર્ક થયો હતો. જેથી આરોપીની હનુમાન મઢી ખાતે આવેલી દુકાનેથી પાંચેક વર્ષ પહેલા રૂા. ૨.૫૦ લાખ ૩ ટકા વ્યાજે લીધા હતા. જે પૈસા સમયસર ચૂકવી દીધા બાદ ફરીથી રૂા. ૫ લાખ ૨૦ ટકા વ્યાજે લીધા હતા. જેમાં એડવાન્સ વ્યાજ પેટે ૧ લાખ કાપી બાકીના રૂા. ૪ લાખ આરોપીએ આપ્યા હતા. જેનું વ્યાજ અને મુદલ પણ સમયસર ચૂકવી દીધું હતું.ત્યાર પછી વધુ પૈસાની જરૂરિયાત પડતાં આરોપી પાસેથી રૂા. ૧૦ લાખ ૨૦ ટકા વ્યાજે લીધા હતાં. જેનું એડવાન્સ વ્યાજ રૂા. ૨ લાખ કાપીને આરોપીએ રૂા. ૮ લાખ આપ્યા હતાં. નક્કી થયા મુજબ દરરોજ રૂા. ૧૦ હજારનો હપ્તો આરોપીને ચૂકવવાનો હતો. ૨૫ દિવસ સુધી રૂા. ૨.૫૦ લાખ ચૂકવ્યા બાદ વધુ પૈસા નહીં ચૂકવી શકતા આરોપીએ પેનલ્ટી પેટે રૂા. ૧૦ હજારના હપ્તા સામે રૂા. ૧૦ હજાર વસૂલવાનું શરૂ કર્યું હતું. આ રીતે તેણે જે રૂા. ૧૦ લાખ લીધા હતા તેની સામે આરોપીનેકુલરૂા.૧૭.૫૦લાખચૂકવ્યાહતાં.જેતવખતે આરોપીને પોતાની પેઢીના ચેક આપી સહી કરેલા સ્ટેમ્પ પણ આપ્યા હતાં. આટલી રકમ ચૂકવી દીધા છતાં આરોપી તેની પાસે ઉઘરાણી કરતાં ૨૦૨૨માં પોલીસ કમિશનરને આરોપી અને અન્ય લોકો વિરૂધ્ધ અરજી કરી હતી. તે વખતે બધા સાથે સમાધાન થઈ જતાં નક્કી થયા મુજબ આરોપીને રૂા. ૩ લાખ આપ્યા હતાં.જેના થોડા સમય પછી આરોપીએ ફરીથી ઉઘરાણી શરૂ કરી હતી. તે વખતે પોલીસ કમિશનરે વ્યાજખોરો વિરૂધ્ધ ફરીથી લોક દરબાર શરૂ કર્યા હતાં. જેથી તેણે આરોપી અને અન્ય પાંચ માણસો વિરૂધ્ધ ૨૦૨૪માં અરજી કરી હતી. જેમાં આરોપી સિવાયનાં બાકીના પાંચ માણસો વિરૂધ્ધ ગાંધીગ્રામ-૨ પોલીસ મથકમાં ગુનો દાખલ થયો હતો. ૨૦૨૨માં તે ધંધા માટે મુંબઇ જતો રહ્યો હતો. જે અરસામાં આરોપીએ તેના નામનાં રૂા. ૨.૫૦ લાખના બે ચેક બેન્કમાં નાખ્યા હતાં. જે બાઉન્સ થતાં ૨૦૨૩માં તે રાજકોટ આવ્યો હતો. તે વખતે આરોપીએ તેને નેગોશિયેબલના કેસ પાછા ખેંચી લેવાનું અને પોતાના વિરૂધ્ધ કાર્યવાહી નહીં કરવાનું કહ્યું હતું.

## રેલવે બોર્ડના ચેરમેન સતીશ કુમારે કર્યું મહિલા કર્મચારીઓનું સન્માન, કહ્યુ – નારી અમારી સંસ્કૃતિની શાન








| નવી દિલ્લી, તા.૧૦ |

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસર પર રેલવે મહિલા કલ્યાણ સંગઠન (**RWWCO**) દ્વારા નેશનલ રેલવે મ્યુઝિયમ ઑડિટોરિયમ, નવી દિલ્લીમાં એક ભવ્ય સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું. સમારંભના મુખ્ય અતિથિ રેલવે બોર્ડના ચેરમેન અને સીઈઓ શ્રી સતીશ કુમારે ભારતીય રેલવેના પ્રત્યેક ઝોન, પ્રોડક્શન યુનિટ (**PU**) અને કેટલાક જાહેર ઉપક્રમો (**PSUs**) થી ચૂંટાયેલ ૩૩ ઉત્કૃષ્ટ મહિલા કર્મચારીઓને સન્માનિત કર્યા. તેમણે કહ્યું કે નારી માત્ર પુરૂષોની સમકક્ષ જ નહીં પરંતુ તેમનાથી વધુ કામ કરીને દેશના વિકાસમાં યોગદાન આપી રહી છે.

શ્રી સતીશ કુમારે ભારતીય રેલવેમાં મહિલાઓની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ નાંખતા કહ્યું કે રેલવેમાં મહિલાઓની ભાગીદારી માત્ર કાર્યક્ષેત્ર સુધી મર્યાદિત નથી, પરંતુ તેઓ અમારા સંગઠનની શક્તિ અને સફળતાનો અભિન્ન ભાગ છે. તેમની મહેનત, સમર્પણ અને નેતૃત્વે ભારતીય રેલવેને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેમણે એક કવિતાનું પઠન કરતાં કહ્યુ કે નારી માન છે, સન્માન છે. નારી અમારી સંસ્કૃતિની શાન છે. નારી શક્તિ છે, નારી ભક્તિ છે, નારી જીવન જ્યોતિની અભિવ્યક્તિ છે.

આ અવસર પર સંગઠનની અધ્યક્ષ શ્રીમતી (ડૉ.) રૂબી રાની સિંહએ મહિલા કર્મચારીઓના સશક્તિકરણ, કાર્યસ્થળ પર તેમની સુરક્ષા અને લૈંગિક સમાનતાને પ્રોત્સાહન આપવા માટે ભારતીય રેલવે દ્વારા લેવામાં આવી રહેલા વિવિધ પગલાંઓની ચર્ચા કરી. આ અવસર પર સંગઠનની સચિવ શ્રીમતી અમૃતા શર્મા, કોષાધ્યક્ષ શ્રીમતી નિર્દેશ સિંહ અને સંયુક્ત સચિવ શ્રીમતી અંજલિ વર્મા સહિત કેટલાય જાણીતા લોકો ઉપસ્થિત હતા.

### ઉત્કૃષ્ટ મહિલા કર્મચારીઓની યાદી - ૨૦૨૫

| ક્ર. | નામ | પદ | રેલવે |
|---|---|---|---|
| ૧ | શ્રીમતી દિપા સંજય કેથવાસ | કોન્સ્ટેબલ/આરપીએફ | સેન્ટ્રલ રેલવે |
| ૨ | શ્રીમતી ઋત્વિકા સરકાર | ટેકનીશિયન | ઈસ્ટર્ન રેલવે |
| ૩ | શ્રીમતી પિંકી કુમારી | પોઈન્ટ્સમેન | ઈસ્ટ સેન્ટ્રલ રેલવે |
| ૪ | શ્રીમતી સુશોભિની નાયક | ચીફ નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ | ઈસ્ટ કોસ્ટ રેલવે |
| ૫ | શ્રીમતી વીણા | ટેકનીશિયન | નોર્ધન રેલવે |
| ૬ | શ્રીમતી રચના | કોન્સ્ટેબલ/આરપીએફ | એનસીઆર |
| ૭ | શ્રીમતી સુનીતા શર્મા | ઓફિસ સુપ્રિટેન્ડન્ટ | નોર્થ ઈસ્ટર્ન રેલવે |
| ૮ | શ્રીમતી નુપુર તાપદાર | સિનિયર ટેકનીશિયન | નોર્થ ઈસ્ટ ફ્રન્ટિયર રેલવે |
| ૯ | શ્રીમતી પિંકી જાટ | કોન્સ્ટેબલ/આરપીએફ | નોર્થ વેસ્ટર્ન રેલવે |
| ૧૦ | શ્રીમતી મહિતા કે | સિનિયર ટેકનીશિયન | સાઉથર્ન રેલવે |
| ૧૧ | શ્રીમતી રંજિતા મુનાગાલા | ટી.ટી.આઈ. | સાઉથ સેન્ટ્રલ રેલવે |
| ૧૨ | શ્રીમતી સુમિતા ચૌધરી | સિનિયર ડીટીઆઈ (સુરક્ષા) | સાઉથ ઈસ્ટર્ન રેલવે |
| ૧૩ | શ્રીમતી સુનીતા દશરથ બરમાઈયા | એકાઉન્ટ આસિસ્ટન્ટ | સાઉથ ઈસ્ટ સેન્ટ્રલ રેલવે |
| ૧૪ | શ્રીમતી શિલ્પા એસ. | કોન્સ્ટેબલ/આરપીએફ | સાઉથ વેસ્ટર્ન રેલવે |
| ૧૫ | શ્રીમતી સીમા એસ. કુશવાહા | ટેકનીશિયન | વેસ્ટર્ન રેલવે |
| ૧૬ | શ્રીમતી કલ્પના ચૌરે | વેલ્ડર | વેસ્ટ સેન્ટ્રલ રેલવે |
| ૧૭ | શ્રીમતી પૂર્ણિમા કર્માકર | ટેકનીશિયન | મેટ્રો રેલવે |
| ૧૮ | શ્રીમતી બન્હિશિખા ચક્રવર્તી | પીજીટી/ભૂગોળ | ચિતરંજન લોકોમોટિવ વર્ક્સ |
| ૧૯ | શ્રીમતી ઉષા સિંહ | ચીફ નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ | બનારસ લોકોમોટિવ વર્ક્સ |
| ૨૦ | શ્રીમતી એલ.આર.સુબથ્રા | ટેકનીશિયન | ઈન્ટીગ્રલ કોચ ફેક્ટરી |
| ૨૧ | શ્રીમતી સુનીતા દેવી | ચીફ ઓફિસ સુપ્રિટેન્ડન્ટ | રેલવે કોચ ફેક્ટરી |
| ૨૨ | શ્રીમતી હરજીત કૌર | ઓફિસ સુપ્રિટેન્ડન્ટ | પટિયાલા લોકોમોટિવ વર્ક્સ |
| ૨૩ | શ્રીમતી અનુરાધા શર્મા | મેનેજર, અતિથિ સેવાઓ | એન.એ.આઈ.આર. |
| ૨૪ | શ્રીમતી રેણુ પાંડેય | પીએસ | આર.ડી.એસ.ઓ. |
| ૨૫ | શ્રીમતી શાઈની સ્વરૂપી | એકાઉન્ટ આસિસ્ટન્ટ | રેલવે વ્હીલ ફેક્ટરી |
| ૨૬ | શ્રીમતી અફસાના બેગમ | ચીફ ઓફિસ સુપ્રિટેન્ડન્ટ | મોર્ડન કોચ ફેક્ટરી |
| ૨૭ | શ્રીમતી અશ્વિની શાલિકરામ મેશરામ | સિનિયર એએલપી/સીટીસીસી | સી.આર.આઈ.એસ. |
| ૨૮ | શ્રીમતી રૂચિ લૌહરી | એચઆર આસિસ્ટન્ટ | એમ.આર.વી.સી. |
| ૨૯ | શ્રીમતી સુનીતા સ્વામી | આસિસ્ટન્ટ સેક્શન ઓફિસર | રેલવે બોર્ડ |
| ૩૦ | શ્રીમતી મંજીતા દેવી | સેક્શન ઓફિસર (એચઆર) | આરઆઈટીઈએસ |
| ૩૧ | શ્રીમતી નિશા વાસન | મેનેજર/એડમીન./સિવિલ | ડીએફસીસીઆઈએલ |
| ૩૨ | શ્રીમતી એ.દીપિકા બાલમૂચુ | મેનેજર (ફાયનાન્સ) | આર.વી.એન.એલ. |
| ૩૩ | શ્રીમતી દીપાવલી કુહાડ | આસિસ્ટન્ટ ઓફિસર (સી એન્ડ ઓ) | સી.ઓ.એન.સી.ઓ.આર. |

## રેલ સંરક્ષામાં ઉત્કૃષ્ટ કાર્ય બદલ ડીઆરએમ દ્વારા સાત રેલ કર્મચારીઓને સમ્માનિત કર્યા



| અમદાવાદ, તા.૧૦ |

પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક (**DRM**) શ્રી સુધીર કુમાર શર્માએ મંડળના ૦૭ રેલવે કર્મચારીઓને સુરક્ષિત ટ્રેન પરિચાલન માટે ઉત્કૃષ્ટ કામગીરી બદલ સમ્માનિત કર્યા. આ રેલવે કર્મચારીઓને ફરજ દરમિયાન તેમની સજકતા અને સતર્કતાને કારણે અનિચ્છનીય ઘટનાઓને રોકવામાં યોગદાન આપવા બદલ પ્રમાણપત્રો અને મોમેન્ટો પ્રદાન કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

વરિષ્ઠ મંડળ સંરક્ષા અધિકારી ઉમેશ પ્રસાદે જાણકારી આપતા જણાવ્યું હતું કે શ્રી લાજવંત ઢાકા વરિષ્ઠ ગુડ્સ ટ્રેન મેનેજર-પાલનપુર, શ્રી કિશન સિંહ સોલંકી ટ્રેન મેનેજર-ગાંધીધામ, શ્રી સિકંદર લાલ ટ્રેન મેનેજર-ગાંધીધામ, શ્રી બનવારી લાલ સ્ટેશન માસ્ટર-કિડિયાનગર, શ્રી બલીરામ કુમાર કાંટેવાલા-વિરમગામ, શ્રી મોહમ્મદ આરીફ ખાન વરિષ્ઠ સહાયક ચાલક-અમદાવાદ અને સુશ્રી લગોટી સોનલ બેન કાંટેવાલા-ડીસાએ અનપેક્ષિત ઘટનાઓ જેમકે કોચમાંથી તણખા નીકળતા દેખવું, વેગનમાંથી ધુમાડો નીકળતા દેખવું, બ્રેકવાનમાં વધુ પડતું કંપન દેખવું, હેલિકલ સ્પ્રિંગ બહાર નીકળતા દેખવું,વગેરે આવી ઘટનાઓ પર તાત્કાલિક કાર્યવાહી કરવા જેવી સંભવિત નુકસાન થી બચાવ્યું છે. મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્માએ આ સજગ સંરક્ષા રેલ ગાર્ડ્સને પ્રોત્સાહિત કર્યા અને કહ્યું કે મુસાફરોની સંરક્ષા આપણી સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને જ્યારે રેલવે કર્મચારીઓ તેમની ફરજ દરમિયાન સજગતા અને સતર્કતા સાથે કામ કરે છે ત્યારે અમને સુરક્ષિત ટ્રેન સંચાલનમાં મદદ મળે છે. અમને આ રેલવે કર્મચારીઓ પર ગર્વ છે.

## ૧૧ માર્ચના રોજ પશ્ચિમ રેલવે ચલાવશે અમદાવાદ અને દાનાપુર વચ્ચે હોળી સ્પેશિયલ ટ્રેન

| અમદાવાદ, તા.૧૦ |

પશ્ચિમ રેલવે દ્વારા હોળીના તહેવારની જોતાં યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખતાં અમદાવાદ અને દાનાપુર વચ્ચે હોળી સ્પેશિયલ ટ્રેનની બે ટ્રિપ વિશેષ ભાડા પર ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે :

ટ્રેન નંબર ૦૯૪૦૭/૦૯૪૦૮ અમદાવાદ-દાનાપુર-અમદાવાદ સ્પેશિયલ (૨ ટ્રિપ)

ટ્રેન નંબર ૦૯૪૦૭ અમદાવાદ-દાનાપુર સ્પેશિયલ ૧૧માર્ચ ૨૦૨૫ મંગળવારના રોજ અમદાવાદથી સવારે ૦૯:૨૦ કલાકે ઉપડશે તથા બીજા દિવસે ૧૯.૦૦ કલાકે દાનાપુર પહોંચશે. આ જ રીત ટ્રેન નંબર ૦૯૪૦૮ દાનાપુર-અમદાવાદ સ્પેશિયલ ટ્રેન ૧૨ માર્ચ ૨૦૨૫ બુધવારે દાનાપુરથી ૨૨:૦૦ કલાકે ઉપડશે તથા ત્રીજા દિવસે ૧૦:૩૦ કલાકે અમદાવાદ પહોંચશે.

માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન નડિયાદ, છાયાપુરી, રતલામ, ઉજ્જૈન, સંત હિરદારામ નગર, બીના, સાગર, દમોહ, કટની મુડવારા, સતના, માણિકપુર, પ્રયાગરાજ છિવકી, પંડિત દિનદયાળ ઉપાધ્યાય, બક્સર અને આરા સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં તમામ કોચ સ્લીપર ક્લાસના રહેશે.

ટ્રેન નંબર ૦૯૪૦૭ નુ બુકિંગ ૧૦ માર્ચ, ૨૦૨૫ ના રોજ ૧૫.૦૦ વાગ્યે થી યાત્રી આરક્ષણ કેન્દ્રો અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સંચાલન સમય, રોકાણ અને સંરચનાથી સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી **www.enquiry.indianrail.gov.in** પર જઈને અવલોકન કરી શકે છે.

### પુત્ર અને પુત્રવધૂ વિરૂદ્ધ ફરિયાદ

## રતનપરમાં વૃધ્ધ પિતાને પુત્રની લાફા ઝીંકી મારી નાંખવાની ધમકી

| (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૧૦ |

જોરાવરનગર પોલીસ મથકની હદમાં આવેલ રતનપર વિસ્તારમાં રહેતા વૃધ્ધ પિતાને મિલ્કત બાબતે બોલાચાલી કરી ગાળો આપી લાફો માર્યો હતો તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી જે અંગે ભોગ બનનાર પિતાએ પોતાનાથી અલગ ચોટીલા રહેતા પુત્ર અને પુત્રવધુ સામે ફરિયાદ નોંધાવતા જોરાવરનગર પોલીસે વધુ તપાસ હાથધરી છે.રતનપર શેરી નં.૯ માં રહેતા ફરિયાદી વાલજીભાઈ ગાંડાભાઈ ચાવડા ઉ.વ. ૭૫ વાળાના મોટો દિકરા રમેશભાઈ વાલજીભાઈ ચાવડા જેણે પિતાની મરજી વિરૂધ્ધ અન્ય મહિલા સાથે પોતાની રીતે બીજા લગ્ન કર્યા હોય છેલ્લા ૧૭ વર્ષથી પિતાથી અલગ ચોટીલા ખાતે રહે છે. ત્યારે ફરિયાદીનો દિકરો રમેશભાઈ અને તેની પત્નિએ બે વખત ચોટીલાથી આવી પિતા સાથે બોલાચાલી કરી મિલકત બાબતે વાતચીત કરી હતી અને પિતા પાસે મિલકતનો ભાગ માંગી બોલાચાલી કરી હતી અને પુત્ર તેમજ તેની પત્નિએ એકસંપ થઈ ફરિયાદી પિતાને ગાળો આપી હતી તેમજ પુત્રએ લાફા ઝીંકી વૃધ્ધ પિતાને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

## આહવામાં ઐતિહાસિક ડાંગ દરબાર મેળાનો થયો પ્રારંભ

| (એજન્સી) ડાંગ, તા.૧૦ |

ડાંગના આહવામાં સુપ્રસિદ્ધ ડાંગ દરબાર મેળાનું આજે રવિવારથી પ્રારંભ થયો છે. આ મેળો આગામી ૧૨ માર્ચ સુધી યોજાશે. ૯ માર્ચે સવારે આહવા કલેક્ટર કચેરીથી ડાંગના રાજવીઓની શોભાયાત્રા નીકળી હતી. જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયો હતો અને રાજવીઓને પોલિટિકલ પેન્શન એનાયત કરાયું હતું. આ પ્રથામાં રાજ્યપાલ દ્વારા રાજવીઓને પેન્શન આપીને સન્માનિત કરવામાં આવે છે. પરંતુ આ વખતે રાજ્યપાલ હાજર રહી શક્યા ન હતા. ડાંગનાં ગૌરવશાળી ઈતિહાસ અને આદિવાસી પ્રજાજનોની નોખી, અનોખી જીવન શૈલી, અહીંની પ્રાકૃતિક સંપદા તથા નૈસર્ગિક સ્થળોને કારણે જાણીતા બનેલા ડાંગ જિલ્લામાં દેશ વિદેશનાં પર્યટકો આવતા રહે છે.

## શહેરની અનેક માર્કેટોમાં ગેરકાયદે માળિયાઓ, ખૂંટી ભરાયેલી દુકાનો

| (એજન્સી) સુરત, તા.૧૦ |

સુરતના રીંગરોડ પર આવેલી શિવશક્તિ માર્કેટમાં લાગેલી આગમાં વેપારીઓના કરોડનો માલ સ્વાહા થઈ ગયો હતો. આગ બાદ માર્કેટ પાસે ફાયર એન.ઓ.સી.અને ગેરકાયદે બાંધકામ અંગે ઈમ્પેક્ટ ફી મંજુર હોવાનું બહાર આવ્યું હતું. હવે આ આગને લઈને સંયુક્ત સર્વેના રિપોર્ટમાં ચોંકાવનારી ઘટસ્ફોટ થયો છે. જેમાં શહેરની અનેક માર્કેટોમાં ગેરકાયદે માળિયાઓ, ખૂંટી ભરાયેલી દુકાનો હોવાની વિગતો સામે છે. સુરતના રીંગરોડ પર આવેલી શિવ શક્તિ ટેક્સટાઈલ માર્કેટમાં ૨૫મી ફેબ્રુઆરી આગ લાગી હતી. આ આંગ માંડ-માંડ ૩૮ કલાક બાદ કાબૂમાં આવી છે. માર્કેટમાં લાગેલી આગને લઈને ફાયર વિભાગ, શહેર વિકાસ વિભાગ અને ઝોનલ ટીમે સર્વે હાથ ધર્યો હતો. જેનો પ્રાથમિક રિપોર્ટ સુરત મ્યુનિસિપલ કમિશનરને આપવામાં આવ્યો હતો. જેમાં શહેરની અનેક માર્કેટોમાં ગેરકાયદે માળીયાઓ, ખૂંટી ભરાયેલી દુકાનો હોવાનું સામે આવ્યું છે. જેનો પ્રાથમિક રિપોર્ટમાં સામે આવ્યું છે કે, સુરત શહેરન અનેક માર્કેટોમાં જરૂરી વેન્ટિલેશન ના હોવાનું પણ સામે આવ્યું છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ગુજરાતમાં મને RSS વિરુદ્ધ કંઈ ન બોલવાનું કહેવામાં આવ્યું હતું



। (એજન્સી) ભોપાલ, તા.૧૦ ।
કોંગ્રેસના નેતા દિગ્વિજય સિંહે પડદા પાછળ ભાજપને ટેકો આપતા કોંગ્રેસના નેતાઓ પર રાહુલ ગાંધીની કડક ટિપ્પણીની પ્રશંસા કરી છે. તેમણે રવિવારે કહ્યું હતું કે ગુજરાતમાં ચૂંટણી પ્રચાર દરમિયાન હિન્દુઓના ગુસ્સે થવાના ડરથી તેમને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) વિરુદ્ધ કંઈ ન બોલવા માટે કહેવામાં આવ્યું હતું. મહત્વનું છે કે, શનિવારે અમદાવાદમાં કોંગ્રેસના કાર્યકરોને સંબોધતા, ગાંધીએ કહ્યું હતું કે પાર્ટીનું પ્રથમ કાર્ય કોંગ્રેસના કાર્યકરો અને નેતાઓના બે જૂથોને અલગ પાડવાનું છે - પહેલું જે પક્ષની વિચારધારાને હૃદયમાં રાખે છે અને લોકો સાથે ઉભા છે અને બીજું જે લોકોથી દૂર છે, જેમાંથી અડધા ભાજપ સાથે છે. તેમણે આવા નેતાઓ અને કાર્યકરોને ખતમ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને કડક કાર્યવાહી અને હાંકી કાઢવાની ચેતવણી પણ આપી હતી.

## વનુઆતુ પણ રદ્દ કરશે લલિતની નાગરિકતા!



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।
ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ના પૂર્વ અધ્યક્ષ અને નાણાકીય અનિયમિતતાના આરોપી લલિત મોદીને મોટો ઝટકો લાગ્યો છે. વનુઆતુના વડા પ્રધાને તેમનો પાસપોર્ટ રદ કરવાનો આદેશ આપ્યો છે. લલિત મોદીએ થોડા દિવસો પહેલા લંડનમાં ભારતીય દૂતાવાસમાં પોતાનો ભારતીય પાસપોર્ટ પણ સરેન્ડર કર્યો હતો. આવી સ્થિતિમાં લલિત મોદી 'ન ઘરનો ન ઘાટનો' જેવી સ્થિતિમાં છે. વિદેશ મંત્રાલયે પુષ્ટિ કરી હતી કે લલિત મોદીએ પોતાનો પાસપોર્ટ સરેન્ડર કરવા માટે અરજી કરી છે. લલિત મોદી ૨૦૧૦માં ભારત છોડીને લંડનમાં રહેતો હતો. તેણે અનેકવાર ઈન્ટરવ્યુ પણ આપ્યા અને પોતાને નિર્દોષ જાહેર કર્યા હતા. ભારતીય પાસપોર્ટ સરેન્ડર કર્યા બાદ ખબર પડી કે તેણે પેસિફિક મહાસાગરમાં આવેલા ટાપુ દેશ વનુઆતુની નાગરિકતા લીધી છે. તેને ગોલ્ડન પાસપોર્ટ મળ્યો છે. મહત્વનું છે કે વનુઆતુ સમૃદ્ધ લોકોને તેમના દેશની નાગરિકતા ખરીદવાની મંજૂરી આપે છે.

## રોહિત શર્મા વિશે અભદ્ર ટિપ્પણી કરનારા કોંગ્રેસ પ્રવક્તા શમા મોહમ્મદના તેવર બદલાયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।
ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫માં ભારતીય ક્રિકેટ ટીમ શાનદાર પ્રદર્શન કરતા ટ્રોફી પોતાના નામે કરી છે. આ મેચમાં ભારતીય કપ્તાન રોહિત શર્માએ પણ શાનદાર પ્રદર્શન કર્યું છે. પીએમ મોદી સહિત ભારતની તમામ હસ્તીઓએ ટીમ ઈંડિયાને જીત પર શુભકામનાઓ આપી છે. તો વળી કોંગ્રેસના પ્રવક્તા શમા મોહમ્મદે પણ ટીમ ઈંડિયા અને રોહિત શર્માને લઈને મોટી વાત કહી દીધી છે. શમા મોહમ્મદે કપ્તાન રોહિત શર્માને સલામ કહ્યું છે. કોંગ્રેસના પ્રવક્તા શમા મોહમ્મદે એક્સ પર લખ્યું કે, ચેમ્પિયન્સટ્રોફી૨૦૨૫માંશાનદાર પ્રદર્શન કરી જીત પ્રાપ્ત કરવા માટે ટીમ ઈંડિયાને શુભકામના. તેમણે લખ્યું કે, કપ્તાન રોહિત શર્માને સલામ, જેમણે શાનદાર ૭૬ રન બનાવીને જીતને પાયો નાખ્યો. શ્રેયસ અય્યર અને કેએલ રાહુલે મહત્ત્વની ઈનિંગ્સ રમી, જેનાથી ભારતને જીત મળી. આ એક યાદગાર જીત છે.



હોળી તહેવાર નજીક આવી રહ્યો ત્યારે મુરાદાબાદમાં સીબીએસઈ બોર્ડની ધોરણ ૧૦ની પરીક્ષા આપ્યા બાદ વિદ્યાઓએ હોળીની ઉજવણી કરી હતી.

# જમ્મુ-કાશ્મીરના કથુઆમાં 3 હિન્દુની હત્યાને પગલે ઉગ્ર દેખાવો

। (એજન્સી) કથુઆ, તા.૧૦ ।
જમ્મુ અને કાશ્મીરના કથુઆ જિલ્લાના બિલ્લાવર તાલુકામાં ત્રણ હિન્દુઓની હત્યાને પગલે ઉગ્ર વિરોધી દેખાવો થયા હતાં. ત્રણ નાગરિકોની હત્યાના વિરોધમાં રવિવારે બિલ્લાવર અને આસપાસના વિસ્તારોમાં બંધ પાળવામાં આવ્યો હતો. કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે આ ત્રણ નાગરિકોની હત્યામાં આતંકવાદીઓની સંડોવણીનો સંકેત આપ્યો હતો. શનિવારે જિલ્લાના પર્વતીયાળ વિસ્તારમાં આવેલા દૂરના મલ્હાર વિસ્તારમાં આવેલા ઈશુ નાલ્લામાં ૧૫ વર્ષીય વરુણ સિંહ, તેના કાકા યોગેશ સિંહ (૩૨ વર્ષ) અને દર્શન સિંહ (૪૦)ના મૃતદેહ મળી આવ્યાં હતાં.કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે કથુઆ જિલ્લાના બાની વિસ્તારમાં



આતંકવાદીઓ દ્વારા ૩ યુવાનોની ક્રૂર હત્યા અત્યંત દુઃખદ અને ચિંતાનો વિષય છે. આ શાંતિપૂર્ણ વિસ્તારમાં વાતાવરણ બગાડવા પાછળ કોઈ ઊંડું ષડયંત્ર હોવાનું જણાય છે. અમે આ બાબતે સંબંધિત અધિકારીઓ સાથે ચર્ચા કરી છે. કેન્દ્રીય ગૃહ સચિવ પોતે જમ્મુ પહોંચી રહ્યા છે, જેથી સ્થળ પર સ્થિતિનું મૂલ્યાંકન કરી શકાય. હત્યા પર શોક વ્યક્ત કરતા જમ્મુ-કાશ્મીરના નાયબ મુખ્યપ્રધાન સુરિન્દર ચૌધરીએ જણાવ્યું હતું કે ગુનાઓમાં વધારો ચિંતાનો વિષય છે. તેમણે બાનીના ધારાસભ્ય રામેશ્વર સિંહ પર થયેલા જીવલેણ હુમલા અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. અહીં ઉલ્લેખનીય છે કે ધારાસભ્ય શનિવારે મોડી રાત્રે બિલ્લાવરની સ્થાનિક હોસ્પિટલમાં મૃતકના પરિવારના સભ્યોને મળવા ગયાં ત્યારે દેખાવકારોએ તેમના પર કથિત હુમલો કર્યો હતો. ધારાસભ્યના સુરક્ષા ગાર્ડ્સે દરમિયાનગીરી કરીને તેમને દૂર લઈ ગયા હતાં. ફિન્ટર ચોક ખાતે વિરોધ પ્રદર્શનકારીઓના જૂથનું નેતૃત્વ કરનારા સ્થાનિક ભાજપ નેતા ગોપાલ કૃષ્ણે જણાવ્યું હતું કે આ આતંકવાદીઓએ કરેલા ટાર્ગેટ કિલિંગનો સ્પષ્ટ કિસ્સો છે. સરકારે છેલ્લા એક વર્ષથી જંગલોમાં છુપાયેલા આતંકવાદીઓનો સફાયો કરવા જંગલોમાં આતંકવાદ વિરોધી કાર્યવાહીને વધુ તીવ્ર બનાવવી જોઈએ.

## ઈંગ્લેન્ડના બેટ્સમેન હેરી બ્રુકે દિલ્હી કેપિટલ્સ સાથે કરાર સમાપ્ત કરી દીધો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।
ઈંગ્લેન્ડના બેટ્સમેન હેરી બ્રુકે ૨૨ માર્ચથી શરૂ થનારી ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૫ સીઝન પહેલા દિલ્હી કેપિટલ્સ સાથેનો તેનો કરાર સમાપ્ત કરી દીધો છે, જેના કારણે તેના પર આ ટુર્નામેન્ટમાં રમવા માટે ૨ વર્ષનો પ્રતિબંધ લાગી શકે છે. આ સતત બીજી સિઝન છે જ્યારે ૨૬ વર્ષીય ઈંગ્લેન્ડના ખેલાડી હેરી બ્રુકે પોતાને IPL માટે અનુપલબ્ધ જાહેર કર્યો છે. આ માટે તેણે ફ્રેન્ચાઈઝી અને તેના સમર્થકોની માફી માંગી હતી. હેરી બ્રુકે સોશિયલ મીડિયા પર લખ્યું છે કે, મેં IPLની આગામી સિઝનમાંથી ખસી જવાનો ખૂબ જ મુશ્કેલ નિર્ણય લીધો છે.

## મુંબઈથી ન્યૂયોર્ક જતી એર ઈન્ડિયાની ફ્લાઈટમાં બોમ્બની ધમકી મળી

### મુંબઈથી ન્યૂયોર્ક જતી એર ઈન્ડિયાની ફ્લાઈટમાં બોમ્બ મુકાયો હોવાની માહિતી મળતાં મુંબઈ પરત લવાઈ




। (એજન્સી) મુંબઈ, તા.૧૦ ।
મુંબઈથી ન્યૂયોર્ક જતી એર ઈન્ડિયાની ફ્લાઈટમાં બોમ્બ મુકાયો હોવાની માહિતી મળતાં તેને મુંબઈ પરત લાવવામાં આવી હતી. આ અંગે સત્તાવાર સૂત્રોએ આ માહિતી આપી હતી. વિમાનમાં ૩૨૦ થી વધુ લોકો સવાર હતા અને તે સુરક્ષિત રીતે મુંબઈમાં ઉતરી ગયું હતું. સુરક્ષા એજન્સીઓ આ અંગે તપાસ કરી રહી છે. એર ઈન્ડિયાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આજે ૧૦ માર્ચ ૨૦૨૫ મુંબઈ-ન્યૂયોર્ક (JFK) ફ્લાઈટ AI ૧૧૯ માં સંભવિત સુરક્ષા ખતરો જોવા મળ્યો હતો. જરૂરી પ્રોટોકોલનું પાલન કર્યા બાદ વિમાનમાં સવાર તમામ લોકોની સુરક્ષાના હિતમાં વિમાનને પરત મુંબઈ લઈ જવામાં આવ્યું હતું. એક સૂત્રએ જણાવ્યું કે બોઈંગ 777-300 ER એરક્રાફ્ટમાં ૧૯ ક્રૂ મેમ્બર સહિત ૩૨૨ લોકો સવાર હતા. એર ઈન્ડિયાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે આજે ૧૦ માર્ચે મુંબઈ-ન્યૂયોર્ક (JFK) ફ્લાઈટ AI119ની ફ્લાઈટ દરમિયાન સંભવિત સુરક્ષા ખતરા મળી આવ્યા હતા. જરૂરી પ્રોટોકોલનું પાલન કર્યા બાદ વિમાનમાં સવાર તમામ લોકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને વિમાનને મુંબઈ પરત લઈ જવામાં આવ્યું હતું. એરક્રાફ્ટ ૧૦૨૫ કલાકે (સ્થાનિક સમય) પર મુંબઈમાં સુરક્ષિત રીતે ઉતર્યું હતું, અને એર ઈન્ડિયા તેના અધિકારીઓને સંપૂર્ણ સહયોગ આપી રહી છે.

### દેશભરમાં દિવાળી જેવો માહોલ

# મધ્યપ્રદેશના મહુમાં બે જૂથ વચ્ચે અથડામણ બાદ તંગદીલી

### અથડામણ બાદ, પરિસ્થિતિને કાબુમાં લેવા માટે ઇન્દોર ગ્રામીણ અને ઇન્દોર શહેરથી પોલીસ ફોર્સને વિસ્તારમાં તૈનાત કરવામાં આવી છે

। (એજન્સી) મહુ, તા.૧૦ ।
ગઈ કાલે રવિવારે દુબઈમાં રમાયેલી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની ફાઈનલ મેચમાં ભારતીય ટીમ ન્યૂઝીલેન્ડને ૪ વિકેટે હરાવીને ૧૨ વર્ષ બાદ આ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બની. ન્યુઝીલેન્ડની ટીમે આપેલો ૨૫૨ રનનો ટાર્ગેટ ભારતીય ટીમે ૪૯ ઓવરમાં છ વિકેટ ગુમાવીને ચેઝ કરી લીધો, ભારત તરફથી કેપ્ટન રોહિત શર્માએ ૭૬ રનની શાનદાર ઈનિંગ રમી. રવિન્દ્ર જાડેજાએ વિનિંગ શોટ ફટકાર્યા બાદથી દેશભરમાં ઉજવણી શરુ થઈ ગઈ હતી. દેશભરમાં હોળી પહેલા દિવાળી જેવો માહોલ જોવા મળ્યો હતો.મુંબઈ, દિલ્હી, કોલકાતા, ચેન્નઈ, લખનઉ, અમદાવાદ જેવા મહાનગરો સહીત દેશના ખૂણે ખૂણે વસતા ક્રિકેટ પ્રેમીઓએ ફટાકડા ફોડી ઉજવણી કરી હતી. ઘણા શહેરોમાં ક્રિકેટ ચાહકો રસ્તાઓએ પર ઉતરી આવ્યા હતાં અને 'ભારત માતા કી જય'ના નારા સાથે રેલી કાઢી હતી. આ દમિયાન લોકોએ



એકબીજાને મીઠાઈ ખવડાવતા પણ જોવા મળ્યા હતાં.દિલ્હીના કનોટ પ્લેસ અને મુંબઈના મરીન ડ્રાઈવ પર પણ ચાહકોની મોટી ભીડ ઉમટી પડી હતી. લોકોએ ઢોલ વગાડી અને ડાંસ કરીને ઉજવણી કરી હતી. પંજાબના જાલંધરમાં, એક ક્રિકેટ ચાહક દુકાનદારે જીત પછી મફત પિઝા આપવાની ઓફર શરૂ કરી હતી. ભારતીય ક્રિકેટ ટીમની જીતની ઉજવણી દરમિયાન મધ્યપ્રદેશના મહુમાં અથડામણ થઈ હતી. શહેરની જામા મસ્જિદ વિજય રેલી કાઢી રેહલા ક્રિકેટ ચાહકો પર કથિત રીતે પથ્થરમારો કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ અથડામણ શરુ થઈ હતી. કેટલાક વાહનોમાં તોડફોડ કરવામાં આવી હતી.

## નવપરિણીત દંપતી બેડરૂમમાં મૃત હાલતમાં મળતા સનસનાટી

। (એજન્સી) અયોધ્યા, તા.૧૦ ।
અયોધ્યામાંથી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. જ્યાં એક નવપરિણીત યુગલનું લગ્નના થોડા કલાકો પછી શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ થયું. રવિવારે સવારે જ્યારે પરિવારના સભ્યોએ વરરાજા અને કન્યાને જગાડવાનો પ્રયાસ કર્યો ત્યારે તેમણે ખોલ્યો નહોતો અને મોડે સુધી દરવાજો ખખડાવવાં છતાં પણ ન ખોલવામાં આવતાં દરવાજો તોડી પડાયો હતો અને દરવાજો તોડીને જેવી અંદર નજર નાખી તો પરિવાર કંપી ઉઠ્યો હતો. દુલ્હનનો મૃતદેહ પલંગ પર પડ્યો હતો, જ્યારે વરરાજા પંખા સાથે લટકતો હતો. ઉત્તર પ્રદેશના અયોધ્યા જિલ્લાના કેન્ટ પોલીસ સ્ટેશન વિસ્તારના સહદતગંજ મુરાવન ટોલામાં લગ્નના બીજા દિવસે એટલે કે લગ્નની રાત્રે વરરાજા અને વરરાજાના મૃત્યુને કારણે હંગામો મચી ગયો. લગ્નની રાત પછી, જ્યારે સવાર થઈ, ત્યારે બંને નવદંપતી રૂમમાંથી બહાર આવ્યા નહીં. જ્યારે પરિવારના સભ્યોએ રૂમ ખોલ્યો, ત્યારે અંદરનું દ્રશ્ય જોઈને તેઓ ચોંકી ગયા. એક તરફ દુલ્હનનો મૃતદેહ પલંગ પર પડેલો હતો અને બીજી તરફ વરરાજાના મૃતદેહ ફાંસીથી લટકતો હતો. આ પછી પરિવારે પોલીસને જાણ કરી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મૃતદેહનો કબજો લીધો અને તેને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો. હવે પોસ્ટમોર્ટમ રિપોર્ટ બહાર આવ્યો છે, જેમાં બંનેના મૃત્યુનું કારણ જણાવવામાં આવ્યું છે. માહિતી મળ્યા બાદ સાંસદ અવધેશ પ્રસાદ, એસએસપી રાજકરણ નૈય્યર ઘટનાસ્થળે પહોંચ્યા અને ઘટનાની માહિતી એકઠી કરી અને પીડિત પરિવારને સાંત્વના આપી.

### તોફાની તત્વો સામે કડક પગલાં ભરવા માગણી

# અમેરિકામાં હિન્દુ મંદિરમાં તોડફોડથી ભારત નારાજ

### કેલિફોર્નિયા ખાતે હિન્દુ-સનાતન ધર્મના પ્રતિક સમાન BAPSના શ્રીસ્વામિનારાયણ મંદિરને અપવિત્ર કરવા કટ્ટરપંથીઓનો પ્રયાસ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।
અમેરિકામાં આવેલા અગ્રણી હિન્દુ મંદિરમાં અજાણ્યા તોફાની તત્ત્વોએ તોડફોડ કરી હતી અને દિવાલો પર ભારત વિરોધી સૂત્રો લખ્યા હતા. ભારતે આ ઘટના સામે ઉગ્ર વિરોધ નોંધાવી તોફાની તત્વો સામે કડક પગલાં ભરવા માગ કરી છે. સાન બેરનાર્ડિનો સિટીમાં ચિનો હિલ્સ ખાતે આવેલા હિન્દુ-સનાતન ધર્મના પ્રતિક સમાન શ્રી સ્વામિનારાયણ મંદિરને અપવિત્ર કરવાનો પ્રયાસ થયો હતો. BAPS પબ્લિક અફેર્સની એક્સ પોસ્ટ મુજબ, અન્ય એક મંદિરને અપવિત્ર કરવા પ્રયાસ થયો છે. આ વખતે ચીનો હિલ્સમાં ઘટના બની છે. ધિક્કાર અને નફરતની સામે હિન્દુ સમાજ અડગ બનીને ઊભો છે. ચીનો હિલ્સ અને દક્ષિણ કેલિફોર્નિયામાં અમે ધિક્કારને પગ જમાવવા દઈશું નહીં. માનવતા અને શ્રદ્ધામાં અમે વિશ્વાસ રાખીએ છીએ અને શાંતિ-સદભાવ જળવાઈ રહે તેવા પ્રયાસ કરીશું. આ પોસ્ટમાં ઘટનાની વિગતો અપાઈ ન હોતી.



ભારતે રવિવારે આ ઘટનાની આકરી ટીકા કરી હતી અને ધાર્મિક સ્થળોએ પૂરતી સલામતી આપવા માગણી કરી હતી.ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે આ મામલે જણાવ્યું હતું કે, ચીનો હિલ્સમાં હિન્દુ મંદિરમાં તોડફોડ કરનારા સામે આકરામાં આકરા પગલાં લેવાની માગણી કરી છે. આ સાથે પૂજાસ્થળે સુરક્ષા બંદોબસ્ત વધારવા સ્થાનિક તંત્રને જણાવ્યું છે. વિરોધ પક્ષ કોંગ્રેસે પણ આ ઘટનાની ટીકા કરી હતી અને ધિક્કાર તથા અસહિષ્ણુતાના કૃત્યને અસહ્ય ગણાવ્યું હતું. કોંગ્રેસના નેતા પવન ખેરાએ કહ્યું હતું કે, ચીનો હિલ્સ કેલિફોર્નિયા ખાતે આવેલા BAPS મંદિરને નુકસાન પહોંચાડવાની ઘટનાની કોંગ્રેસ સખત ટીકા કરે છે.

### વસ્તી વધારવા માટે સાંસદની વિચિત્ર જાહેરાત

# જો દીકરાનો જન્મ થાય તો એક ગાય અને દીકરી જન્મે તો ૫૦,૦૦૦ રૂપિયા આપશે

### આંધ્રપ્રદેશમાં તેલુગુ દેશમ પાર્ટીના સાંસદ કલીસેટ્ટી અપ્પાલા નાયડૂએ મહિલાઓને ત્રીજુ બાળક થવા પર ગિફ્ટ આપવાની જાહેરાત કરી

। (એજન્સી) અમરાવતી, તા.૧૦ ।
આંધ્ર પ્રદેશના વિજયનગરમમાં તેલુગુ દેશમ પાર્ટીના સાંસદ કલીસેટ્ટી અપ્પાલા નાયડૂએ મહિલાઓને ત્રીજુ બાળક થવા પર ગિફ્ટ આપવાની જાહેરાત કરીને ચર્ચામાં આવી ગયા છે. તેમાં કહેવાયું છે કે જો બાળક છોકરો હોય તો ગાય અને છોકરી હોય તો ૫૦,૦૦૦ રુપિયા આપવામાં આવશે. સાંસદે કહ્યું કે, આ રકમ તેઓ પોતાના વેતનમાંથી આપશે. પ્રધાનમંત્રી અને રાજ્યના મુખ્યમંત્રી દ્વારા જનસંખ્યા વધારવા માટે ઉઠાવવામાં આવી રહેલા પગલાનું આહ્વાન અને બંને દ્વારા ત્રીજા બાળકને જન્મ આપવાની વાત પર ભાર આપતા વિજયનગરમના સાંસદે આવો નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી ચંદ્રબાબૂ નાયડૂએ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસર પર પ્રકાશમ જિલ્લાના મરકાપુરમાં આયોજીત એક કાર્યક્રમમાં તેની ઘોષણા કરતા તમામ મહિલાઓ કર્મચારીઓને પ્રસવ દરમ્યાન મેટરનિટી લીવ આપવામાં આવશે, પછી ભલે ગમે તેટલા બાળકો હોય. હકીકતમાં જોઈએ તો, મુખ્યમંત્રીએ એક મજબૂત સંદેશ આપ્યો છે કે બધી મહિલાઓએ શક્ય તેટલા વધુ બાળકો પેદા કરવા જોઈએ. શુક્રવારે, એક કોન્સ્ટેબલ દ્વારા ગૃહમંત્રી સમક્ષ શંકા ઉઠાવવામાં આવી હતી કે શું મહિલા કર્મચારીઓને પ્રસૂતિની સંખ્યા ગમે તેટલી હોય, મેટરનિટી લિવ આપવામાં આવશે? આવી સ્થિતિમાં, મુખ્યમંત્રીએ શનિવારે પોતાનો જવાબ સ્પષ્ટ કર્યો છે. અત્યાર સુધી, મહિલા કર્મચારીઓને ફક્ત બે પ્રસૂતિ માટે પૂરા પગાર સાથે છ મહિનાની લિવ મળતી હતી, પરંતુ હવે મુખ્યમંત્રીએ જાહેરાત કરી છે કે મહિલા કર્મચારીઓને બાળકોની સંખ્યા ગમે તે હોય, બધી પ્રસૂતિ માટે રજા આપવામાં આવશે. આ પછી, વિજયનગરમના સાંસદ કાલિસેટ્ટી અપ્પલાનાયડુએ ત્રીજા બાળકને જન્મ આપતી મહિલાઓ માટે પ્રોત્સાહનોની જાહેરાત કરી છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે વિજયનગરમના રાજીવ સ્પોર્ટ્સ કમ્પાઉન્ડમાં આયોજિત સભાને સંબોધતા, વિજયનગરમના સાંસદે જાહેરાત કરી કે જો કોઈ મહિલા ત્રીજા બાળકને જન્મ આપે છે. તો જો તે પુત્રી હોય તો તેને ૫૦,૦૦૦ રૂપિયા અને જો તે પુત્ર હોય તો ગાય આપવામાં આવશે. આ જાહેરાત હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે.

### ઉત્તર પ્રદેશમાં કાનપુરના બિલહૌરની ઘટના

# રમઝાનને કારણે પત્નીએ ઈનકાર કર્યો તો કિશોર પર કુકર્મ આચરીને હત્યા કરી

### ૫મા ધોરણના વિદ્યાર્થીનું અપહરણ કરાયું અને પછી તેના પર સૃષ્ટિ વિરુદ્ધ કુકર્મ આચરીને તેની હત્યા કરવામાં આવી

। (એજન્સી) કાનપુર, તા.૧૦ ।
રમઝાનને કારણે પત્નીએ શારીરિક સંબંધનો ઈનકાર કર્યો તો તેના પતિએ એક નિર્દોષ કિશોરનું અપહરણ કરીને તેના પર સૃષ્ટિ વિરુદ્ધનું કુકર્મ આચર્યું એટલું જ નહીં પરંતુ તેની હત્યા પણ કરી દીધી! મળતા અહેવાલ મુજબ, ઉત્તર પ્રદેશમાં કાનપુરના બિલહૌરમાં એક ઘૃણાસ્પદ ઘટના પ્રકાશમાં આવી છે. ૫મા ધોરણના વિદ્યાર્થીનું અપહરણ કરવામાં આવ્યું હતું અને પછી તેના પર સૃષ્ટિ વિરુદ્ધ કુકર્મ આચરીને તેની હત્યા કરવામાં આવી. આરોપીઓએ આ કિશોરના મૃતદેહને કૂવામાં ફેંકી દીધા બાદ પરિવાર પાસેથી ૧૦ લાખ રૂપિયાની ખંડણી પણ માંગી હતી. પોલીસે ઝડપથી કાર્યવાહી કરી અને મોબાઈલ લોકેશનના આધારે ૨૪ કલાકની અંદર એક આરોપીની ધરપકડ કરી લીધી જ્યારે બીજો હજુ પણ ફરાર છે. પોલીસની પૂછપરછ દરમિયાન આરોપીનજર અલી ઉર્ફે હુસૈને જણાવ્યું હતું કે રમઝાન મહિનામાં ઉપવાસ રાખવાને કારણે તેની પત્ની શારીરિક સંબંધ બાંધવાનો ઈનકાર કરતી હતી. આ કારણોસર તેણે તેના મિત્ર અઝહર ઉર્ફે અક્ષ્ટુ સાથે મળીને આ ભયાનક ગુનો કર્યો. પોલીસનું કહેવું છે કે આ જઘન્ય ગુનામાં વધુ લોકો સંડોવાયેલા હોઈ શકે છે, જેની તપાસ કરવામાં આવી રહી છે. બાળકનો મૃતદેહ મળી આવ્યો છે અને તેને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યો છે. પોલીસે જણાવ્યું કે આરોપી હુસૈને ખુલાસો કર્યો છે કે રમઝાન મહિનામાં તેની પત્નીએ રોજાના ઉપવાસને કારણે શારીરિક સંબંધ બાંધવાનો ઈનકાર કરતી હતી. આ કારણસર તેણે અઝહર સાથે મળીને ગામના એક ૧૩ વર્ષના છોકરાનું અપહરણ કરવાનું કાવતરું ઘડ્યું. તેની સાથે સૃષ્ટિ વિરુદ્ધના કુકર્મ બાદ ખંડણી માંગીને બંનેનો ઈરાદો પૈસા કમાવવાનો હતો. આરોપી જાણતો હતો કે ૧૩ વર્ષનો છોકરો દરરોજ સાંજે જીમમાં જાય છે. આ દરમિયાન જ્યારે તે જીમમાંથી પાછો ફરી રહ્યો હતો ત્યારે આરોપીએ તેને કોઈ બહાને ગામથી લગભગ અડધો કિલોમીટર દૂર બોલાવ્યો. ત્યાં દોરડું અને સળિયા પહેલેથી જ મૂકી રાખ્યા હતા. રાત્રે લગભગ ૯ વાગ્યે બંનેએ બાળકને પકડી લીધો અને દોરડાથી બાંધી દીધો. બંનેએ વારાફરતી તેના પર કુકર્મ આચર્યું.

## તંત્રી લેખ...

# હોળી અગાઉ મોંઘા થયા સોના-ચાંદી


સામાન્ય રીતે તહેવારો દરમિયાન સોના અને ચાંદીના ભાવમાં વધારો જોવા મળે છે. હોળી પહેલા જ સોનાના ભાવમાં વધારો થયો છે. એનો અર્થ એ કે જો તમે હોળી પહેલા તમારા માટે અથવા તમારા પ્રિયજનો માટે સોનું ખરીદવા માંગતા હોવ તો તમારે તમારા ખિસ્સાને થોડું વધુ ઢીલું કરવું પડશે. આજે દિલ્હીમાં ૨૪ કેરેટ સોનાનો ભાવ ૮૬,૨૨૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ છે. કોલકાતા, મુંબઈ અને ચેન્નઈ જેવા અન્ય મેટ્રો શહેરોમાં ૨૪ કેરેટ સોનાનો ભાવ અનુક્રમે પ્રતિ ૧૦ ગ્રામ ૮૬,૧૦૦ રૂપિયા, પ્રતિ ૧૦ ગ્રામ ૮૬,૨૨૦ રૂપિયા અને પ્રતિ ૧૦ ગ્રામ ૮૬,૪૭૦ રૂપિયા છે. આજે લખનઉમાં ૨૨ કેરેટ સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ ૭૯,૦૫૩ રૂપિયા છે અને ૨૪ કેરેટ સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ ૮૬,૨૪૦ રૂપિયા છે. જયપુરમાં ૨૨ કેરેટ સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ ૭૯,૦૨૬ રૂપિયા છે અને ૨૪ કેરેટ સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ ૮૬,૨૧૦ રૂપિયા છે. પટનામાં ૨૨ કેરેટ સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ ૭૯,૯૮૯ રૂપિયા છે અને ૨૪ કેરેટ સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ ૮૬,૧૭૦ રૂપિયા છે. જ્યારે પુણેમાં ૨૨ અને ૨૪ કેરેટ સોનાનો ભાવ ૭૯,૦૩૫ રૂપિયા અને ૮૬,૨૨૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ છે. ચાંદીના વાયદાના ભાવ પણ ઊંચા સ્તરે શરૂ થયા હતા. મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) પર ચાંદીનો બેન્ચમાર્ક કોન્ટ્રાક્ટ આજે વધારા સાથે ખુલ્યો છે. આજે ૧૦ માર્ચ, ૨૦૨૫ના રોજ ચાંદીનો ભાવ ૯૭,૬૦૦ રૂપિયા પ્રતિ કિલો હતો. ફાઈનાન્શિયલ એક્સપ્રેસ અનુસાર, આજે, ૧૦ માર્ચ, ૨૦૨૫ના રોજ ભારતીય શહેરોમાં ચાંદીના ભાવ નીચે મુજબ છે. દિલ્હીમાં ચાંદીનો ભાવ ૯૭૩.૭ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ છે. ચેન્નઈમાં ચાંદીનો ભાવ ૯૭૮.૨ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ છે. કોલકાતાની વાત કરીએ તો તે ૯૭૪.૧ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ છે. જ્યારે પટનામાં તે ૯૭૪.૯ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ છે અને લખનઉમાં તે ૯૭૫.૬ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ છે. સોનાના ભાવમાં ઘણા કારણોસર વધઘટ થાય છે. સોનું ફક્ત રોકાણનું સાધન નથી, પરંતુ તે આપણી પરંપરાઓ અને તહેવારોનો એક મહત્વપૂર્ણ ભાગ પણ છે. તેથી એવું જોવા મળ્યું છે કે તહેવારો અને લગ્નો દરમિયાન સોનાની માંગ વધે છે. આ ઉપરાંત વિશ્વ બજારમાં સોનાના ભાવ, સરકારી કર અને રૂપિયાના મૂલ્યમાં વધઘટ પણ સોનાના ભાવને અસર કરે છે.

# કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે વર્ષ ૨૦૨૪-૨૫ માટે મુખ્ય કૃષિ પાકો (ખરીફ અને રવી)ના ઉત્પાદનનો બીજો આગોતરો અંદાજ જાહેર કર્યો

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે વર્ષ ૨૦૨૪-૨૫ માટે મુખ્ય કૃષિ પાકો (ખરીફ અને રવી)ના ઉત્પાદનનો બીજો આગોતરો અંદાજ જાહેર કર્યો છે. કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ તથા ગ્રામીણ વિકાસ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે મુખ્ય કૃષિ પાકોના આંકડાને મંજૂરી આપીને જાહેર કરતા કહ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર કૃષિ ક્ષેત્રના વિકાસ માટે સતત કામ કરી રહી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, કૃષિ મંત્રાલય વિવિધ યોજનાઓ મારફતે ખેડૂતોને સહાય અને પ્રોત્સાહન પ્રદાન કરે છે, જેના પરિણામે કૃષિ પાક ઉત્પાદનમાં વિક્રમી વધારો થયો છે. રાજ્યો પાસેથી પ્રાપ્ત પાકના વિસ્તારને રિમોટ સેન્સિંગ, વીકલી ક્રોપ વેધર વોચ ગ્રૂપ અને અન્ય એજન્સીઓ પાસેથી પ્રાપ્ત થયેલી માહિતીને માન્યતા આપવામાં આવી છે. ઉપરાંત કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ (ડીઓએ એન્ડ એફડબ્લ્યુ) એ ઉદ્યોગ અને અન્ય સરકારી વિભાગોના પ્રતિનિધિઓ સાથે ખરીફ અને રવી સિઝન માટે તેમના અભિપ્રાયો અને લાગણીઓ જાણવા માટે સ્ટેકહોલ્ડર કન્સલ્ટેશનની પહેલ કરી હતી. અંદાજોને આખરી ઓપ આપતી વખતે આ અંગે પણ વિચારણા કરવામાં આવી છે. વધુમાં, ઉપજના અંદાજો ક્રોપ કટિંગ એક્સપેરિમેન્ટ્સ (સીસીઈ), અગાઉના વલણો અને અન્ય ફાળો આપનાર પરિબળો પર આધારિત છે. વિવિધ પાકો (ખરીફ અને રવી)ના ઉત્પાદનની વિગતો નીચે મુજબ છેઃ ખરીફ અનાજ - ૧૬૬૩.૯૧ એલએમટી/રવી ખાદ્યાન્ન (ઉનાળા સિવાય) - ૧૬૪૫.૨૭ એલએમટી, ખરીફ ચોખા - ૧૨૦૬.૭૯ એલએમટી (રેકોર્ડ); રબી ચોખા (ઉનાળો સિવાય) - ૧૫૭.૫૮ એલએમટી, ઘઉં - ૧૧૫૪.૩૦ એલએમટી (રેકોર્ડ), ખરીફ મકાઈ - ૨૪૮.૧૧ એલએમટી (રેકોર્ડ); રબી મકાઈ (ઉનાળા સિવાય) - ૧૨૪.૩૮ એલએમટી, ખરીફ શ્રી અન્ન - ૧૩૭.૫૨ એલએમટી; રવી શ્રી અન્ન - ૩૦.૮૧ એલએમટી, તુવેર - ૩૫.૧૧ એલએમટી, ગ્રામ - ૧૧૫.૩૫ એલએમટી, મસૂરની દાળ - ૧૮.૧૭ એલએમટી, ખરીફ તેલીબિયાં - ૨૭૬.૩૮ એલએમટી/રવી તેલીબિયાં (ઉનાળા સિવાય) - ૧૪૦.૩૧ એલએમટી, ખરીફ મગફળી - ૧૦૪.૨૬ એલએમટી (રેકોર્ડ); રબી મગફળી (ઉનાળો સિવાય) - ૮.૮૭ એલ.એમ.ટી., સોયાબીન - ૧૫૧.૩૨ એલએમટી (રેકોર્ડ), રેપસીડ અને સરસવ - ૧૨૮.૭૩ એલએમટી, શેરડી - ૪૩૫૦.૭૯ એલએમટી, કપાસ - ૨૯૪.૨૫ લાખ ગાંસડી (પ્રત્યેક ૧૭૦ કિગ્રા), શણ - ૮૩.૦૮ લાખ ગાંસડી (પ્રત્યેક ૧૮૦ કિગ્રા), ખરીફ અનાજનું ઉત્પાદન અંદાજે ૧૬૬૩.૯૧ એલએમટી અને રવી ખાદ્યાન્નનું ઉત્પાદન અંદાજે ૧૬૪૫.૨૭ એલએમટી છે. ખરીફ ચોખાનું ઉત્પાદન ૧૨૦૬.૭૯ એલએમટી હોવાનો અંદાજ છે. જે વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૧૩૨.૫૯ એલએમટી હતું. જે ૭૪.૨૦ એલએમટીનો વધારો દર્શાવે છે. રવી ચોખાનું ઉત્પાદન ૧૫૭.૫૮ એલએમટી થવાનો અંદાજ છે. ઘઉંનું ઉત્પાદન ૧૧૫૪.૩૦ એલએમટી હોવાનો અંદાજ છે, જે અગાઉના વર્ષના ૧૧૩૨.૯૨ એલએમટીના ઉત્પાદનની સરખામણીએ ૨૧.૩૮ એલએમટી વધારે છે. શ્રી અન્ન (ખરીફ)નું ઉત્પાદન અંદાજે ૧૩૭.૫૨ એલએમટી અને શ્રી અન્ન (રવી)નું ઉત્પાદન અંદાજે ૩૦.૮૧ એલએમટી છે. વધુમાં, ન્યુટ્રી/બરછટ અનાજ (ખરીફ)નું ઉત્પાદન ૩૮૫.૬૩ એલએમટી અને ન્યુટ્રી/બરછટ અનાજ (રવી)નું ઉત્પાદન ૧૭૪.૬૫ એલએમટી હોવાનો અંદાજ છે. તુવેર અને ચણાનું ઉત્પાદન અનુક્રમે ૩૫.૧૧ એલએમટી અને ૧૧૫.૩૫ એલએમટી હોવાનો અંદાજ છે અને મસૂરનું ઉત્પાદન ૧૮.૧૭ એલએમટી હોવાનો અંદાજ છે. ખરીફ અને રવી મગફળીનું ઉત્પાદન અનુક્રમે ૧૦૪.૨૬ એલએમટી અને ૮.૮૭ એલએમટી હોવાનો અંદાજ છે. ખરીફ મગફળીનું ઉત્પાદન ગયા વર્ષના ૮૬.૬૦ લાખ મેટ્રિક ટન કરતાં ૧૭.૬૬ લાખ મેટ્રિક ટન વધુ છે.સોયાબીનનું ઉત્પાદન ૧૫૧.૩૨ એલએમટી હોવાનો અંદાજ છે.

**નાની નાની વાતમાં મતભેદ ધરાવનારા લોકો આજના સમાજમાં વસે છે, અને એને કારણે સમાજમાં અશાંતિ અનુભવાય છે**

# સમાજ એટલે શું? હકીકતમાં સમાજ શબ્દની સાચી વ્યાખ્યા આપણે જાણતા જ નથી!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**સમાજ, સમાજ શબ્દની સાચી વ્યાખ્યા આપણે જાણતા જ નથી, અને લોકોના સમૂહને સમાજ એવું નામ આપી દીધું છે, પરંતુ માત્ર સરખી શારિરીક રચના જ નહીં, સરખી સમજ ધરાવતા અને પરિસ્થિતિ મુજબ સમ્યક કે સમ રહી શકે એવાં નિશ્ચિત સમૂહને સમાજ કહેવામાં આવે છે, જ્યારે આજે સમાજમાં સરખી સમજ ધરાવતા લોકો બહુ ઓછાં દેખાતા હોય છે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હમણાં મહિલા દિવસ ગયો અને વીમન્સ વીકના ચિંતનમાં આજની મહિલાની વાસ્તવિકતાને રજૂ કરવામાં આવી હતી. તો એને લઈને ઘણાં બધા પ્રતિભાવો આવ્યાં, અને કહ્યું કે બેન તમે મહિલા હોવા છતાં આટલું તટસ્થ રહીને કહ્યું એ ધન્યવાદને પાત્ર છે. બહુ દેખીતી રીતે ઘણી મહિલાઓને પસંદ આવ્યું ન્હોય! મધ્યસ્થ અને તટસ્થ રહેવું એ વ્યવહાર જગતમાં બરોબર છે. પરંતુ જ્યારે આટલી મોટી સંખ્યામાં આ લેખને પ્રતિસાદ સાંપડતો હોય, ત્યારે તટસ્થ થી આગળ જઈને સત્યસ્થ લખાણ હોવું બહુ જરૂરી છે. આ ચિંતન લખાય છે ત્યારે અહીં કોઈ મહિલા નથી, અને અહીં કોઈ પુરુષ નથી, "અલક્ષ લીંગ ભેદો" નાં ભાવથી જ લખાય છે, ન કોઈની ખોટી પ્રશંસા! કે ન કોઈની ખોટી નીંદા! બિલકુલ વાસ્તવિક! અને ખરેખર હવે આ બાબત દરેક મહિલા એ વિચારવું પડશે. ૧૭ મી અને ૧૮ મી સદીમાં સમાજમાં દહેજનું દુષણ એ રીતે પ્રવેશ્યું હતું કે દીકરીને દૂધ પીતી કરવાનો આપણે ત્યાં એક કુરિવાજ શરૂ થયો હતો. આજે પણ સ્ત્રી ભૃણ હત્યાં પર કાબુ કરવાં સરકારે ભલે ગર્ભ પરિક્ષણ પર પ્રતિબંધ મૂક્યો હોય, પણ સામાજિક પરિસ્થિતિથી આપણે વાકેફ છીએ! દિવસે દિવસે વધતી બળાત્કારની ઘટના લોકોને આ રીતે પણ વિચારવા મજબૂર કરશે, કારણ કે મહિલાની સુરક્ષા દિવસે દિવસે ઘટતી જાય છે, અને હવે તો સુધરેલા સમાજમાં પણ અમુક રીતે ઘરેલુ હિંસા વધતી જાય છે, ત્યારે આ સમાજમાં એને જન્મ આપવો શું હિતાવહ છે? એમ પણ દંપતિ વિચારશે ! કેટલાં બધાં શબ્દોના અર્થ વિશે ઘણાં બધાં લોકો જાણતા નથી હોતાં, અને છતાં પોતાને બુદ્ધિશાળી તરીકે ઓળખાવે છે. એવો જ એક શબ્દ છે સમાજ, સમાજ શબ્દની સાચી વ્યાખ્યા આપણે જાણતા જ નથી, અને લોકોના સમૂહને સમાજ એવું નામ આપી દીધું છે, પરંતુ માત્ર સરખી શારિરીક રચના જ નહીં, સરખી સમજ ધરાવતા અને પરિસ્થિતિ મુજબ સમ્યક કે સમ રહી શકે એવાં નિશ્ચિત સમૂહને સમાજ કહેવામાં આવે છે. જ્યારે આજે સમાજમાં સરખી સમજ ધરાવતા લોકો બહુ ઓછાં દેખાતા હોય છે. નાની નાની વાતમાં મતભેદ ધરાવનારા લોકો આજના સમાજમાં વસે છે, અને એને કારણે સમાજમાં અશાંતિ અનુભવાય છે. આપણી સમ રહેવાની આવડત અથવા તો લાયકાત કે સમજ આપણનેસમ્યકતાતરફદોરીજનારસૌથીમોટુંપરિબળછે. પૂજ્ય બાપુ એ એકવાર નેપાળની કથામાં ભગવાન બુદ્ધના સમ્યક દર્શનમાંથી આઠ સમ્યકતાઓ ગણાવી હતી. આ સાત સમ્યકતા આપણને એક એક પગથિયે



એક એક પરિણામ આપે છે, અને એ રીતે આપણે આ સાધનાના સાત પડાવ, સમ્યક દ્રષ્ટિ, સમ્યક વાણી, સમ્યક સંકલ્પ, સમ્યક કર્મ, સમ્યક આજીવિકા, સમ્યક વ્યાયામ, સમ્યક સ્મૃતિ પુરા કરીએ, એટલે કે સાત સમ્યકતાનું યોગ્ય પરિણામ મળે, તો આઠમી સમ્યકતા સમ્યક સમાધિ આસાન બને. પરંતુ આપણી તો દ્રષ્ટિ વાણી, સંકલ્પ, કર્મ, આજીવિકા, વ્યાયામ, કે સ્મૃતિ એક પણ સમ્યક નથી! અને એવું નથી કે આ બધું થઈ શકે તેમ નથી પરંતુ આપણે તે કરતા જ નથી. સમ રહેવું એ શબ્દનો સીધો સાદો અર્થ કરીએ તો કોઈપણ ઘટના ઘટે એટલે પ્રતિક્રિયા રૂપે તરત કોઈ પ્રતિભાવ ન આપવો, એને સમ રહેવું કહેવાય. એટલે સીધી સાદી ભાષામાં કહીએ તો સહનશીલતા જેની વધારે તે સમ અથવા તો સમ્યક છે, એવું કહી શકાય. દ્રષ્ટિની સમ્યકતાનું પરિણામ વિવેક છે, એટલે કે આંખ તો જોવાનું કામ કરે, પરંતુ દ્રષ્ટિ જો સમ્યક હોય તો એ ઉત્તેજના પૂર્ણ દ્રશ્ય જોવા છતાં વિવેક પૂર્વક સમ રહી શકે છે. એ જ રીતે સમ્યક વાણીનું પરિણામ મૌન છે સામેવાળું આપણને ગમે તેટલું કહે, ગમે તેવા આક્ષેપો મૂકે, ગાલી ગલોચ કરે, છતાં કંઈ જ બન્યું નથી એમ શાંત અથવા તો મૌન રહેવું એ સમ્યક વાણીનું પરિણામ છે. સમ્યક સંકલ્પનું પરિણામ ધ્યેય સિદ્ધ છે,પણ એ વાસ્તવિકતાને નજર સામે રાખીને સતત પરિશ્રમ કરાવી યોગ્ય મંઝિલ સુધી પહોંચાડે, જેમાં માત્ર મહત્વકાંક્ષા નથી સમય મુજબ સમાધાન કરવાની તૈયારી હોય છે. સમ્યક કર્મનું પરિણામ મૂળ માનવતાના ધર્મનું અનુસરણ. જે માત્ર પોતાનાં જ ભોગ વિશે વિચારતા નથી, અને અન્ય પ્રત્યેની પોતાની જવાબદારી સ્વીકારે છે, સૌને આદર આપે છે, અને હેસિયત મુજબ ભાગમાંથી ભાગ પાડીને સમાજ સાથે જોડાયેલા રહે છે. સમ્યક આજીવિકાનું પરિણામ સંતોષ છે! પોતાના પરિવારનું સારી રીતે ભરણપોષણ થઈ શકે, એટલી આજીવિકા હોય તો વધુ માટે થઈને ખોટી દોડાદોડ ન કરવી, અને આ રીતે વિચારવું એ આજના સમાજમાં આવશ્યક છે. ભવિષ્ય વિશે વિચારવું એ સારી વાત છે, પરંતુ એટલું બધું ન વિચારવું કે જે વર્તમાન ને દૂષિત કરે. એટલે કે નિવૃત્તિ પછી પણ પ્રવૃત્તિની આજના સમાજમાં શરૂ થયેલી જે ગતાનુંગતિ છે એ ખોટી છે. પછીનો સમય ભગવાનની ભક્તિ માટેનો છે, પણ ત્યારે પણ જો અર્થ ઉપાર્જન વિશે જ વિચારીશું તો કેમ ચાલશે!; આ ઉપરાંત બેકારી વધતી જાય છે એનું આ પણ એક કારણ છે. સમ્યક વ્યાયામ નું પરિણામ શારીરિક અને માનસિક સ્વાસ્થય છે, એટલે કે સુડોળ શરીર છે. સમ્યક વ્યાયમ માં ઘરકામ પર ભાર મૂકવો જોઈએ ! જે આજકાલ કોઈને ગમતું નથી, જીમમાં જવું મંજૂર પણ કામ નહીં. આપણે સૌ જાણીએ છીએ કે ભારતીય નારીની જે સુંદર કાયા વાળી જે તસવીર છે, કે જેને રસિકજન મગફળી જેવી કહે છે, એ આજે જોવા મળતી નથી! એનું કારણ એ છે કે સુખ સુવિધા ના સાધનો વધતા સ્ત્રીનો શારીરિક શ્રમ ઘટ્યો છે. પહેલા તો કુવેથી પાણી ભરવું, ચૂલા ચોકા, છાણ વાસીદું, વલોણું, ઘંટી એ દળવું, નદીએ કપડાં ધોવા જવું, અને વાસણો માંજવા આ બધો એક વ્યાયામ જ હતો. એટલે વિકાસ ના થવો જોઈએ કે સુખ સુવિધા ના સાધનો ન શોધાવા જોઈએ, એવું કહેવાનું કોઈ તાત્પર્ય નથી. પરંતુ ધીરેધીરે સાવ બેઠાડું જીવન થઈ ગયું છે, અને ઉપરથી જીભના ચટાકા! જીમમાં જવાની જરૂર એટલે પડે છે, એટલું તો પાકું જ છે. પુરુષો પણ પગપાળા કે ઘોડે સવારી વગેરે થી એક ગામથી બીજે ગામ જતા હતાં, અને આ ઉપરાંત મોટાભાગના વ્યવસાયો પરિશ્રમ વાળા હતાં, જે હવે નથી, એટલે આ બધું કરવું પડે છે. પરંતુ ગમે તે રીતે પણ સમ્યક વ્યાયામ જરૂરી છે, એટલી સમજ તો કેળવવી જ પડશે. સમ્યક સ્મૃતિનું પરિણામ વૃતિનો વૈરાગ્ય છે, અને આ ઉપલબ્ધિ એટલી આસાન નથી. બાહ્ય શરીરને ઘસી ઘસીને સાફ કરી શકાય છે, પણ આંતરિક મેલ રૂપે પડેલી એવી કેટલી સ્મૃતિઓ આપણા જીવનને દૂષિત કે પ્રદુષિત કરતી રહે છે,એ જાણતા હોવા છતાં, આપણે એટલું આસાનીથી એ છોડી શકતા નથી. પરંતુ મારું નહીં, અમારું ની ભાવના કેળવાય તો મેં કર્યું અને મારું! મારું છૂટતાં અહંકાર ઘટે છે, અને એ ભાવ સમ્યક સ્મૃતિ તરફ દોરી જાય છે. તેમજ કોઈ દુઃખદ સ્મૃતિ હોય તો પરિવારની હૂંફમાં રહેવાથી ધીરે ધીરે ભુલાતી જાય છે. સમ્યક સમાધિ નું પરિણામ સાક્ષાત્કાર અને મુક્તિ છે, આજે તો આ સાત પગથિયા આપણે સૌ ચડી શકીએ અને એક એક પગથિયે મળતા પરિણામને જીવન મૂડી તરીકે સાચવી અને દરેક પરિસ્થિતિમાં સમ રહી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**સનતકુમારોને ક્રોધ આવ્યો એટલે પતન થયું, પ્રભુના દ્વારે ગયેલા પાછા આવ્યા, કામ, ક્રોધ અંદરના વિકાર છે, તક મળતાં એ બહાર આવે છે**

# માણસ માટે ફક્ત બે જ બાબતો મહત્વપૂર્ણ છે, ભગવાનનો ડર અને ભાવ, જો ભગવાનનો ડર હશે તો હંમેશા પાપોથી દૂર રહેશો, જો તમે ભાવ રાખશો, તો તેમના આશીર્વાદ તમારા પર વરસતા રહેશે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ભક્તિમાર્ગમાં લોભ કેવી રીતે વિઘ્ન કરે છે? માણસ ભગવાનને માટે અગર દાન માટે હલકામાં હલકી ચીજવસ્તુઓનો ઉપયોગ કરે છે, બાબાનો શુટ બનાવવો હોય તો સાત રૂપિયે વારનું કાપડ અને ઠાકોરજીના વાઘા સિવડાવ વા હોય તો ચાર આને ગજનું કાપડ! ઠાકોરજીના માટે ફૂલ લેવા ગયા અને ગુલાબના ફૂલના ચાર આના પડે, તો કહેશે કે કરણનાં ફૂલ આપ.**

આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો કર્મમાર્ગમાં વિઘ્ન કરનારો કામ છે. કશ્યપ દિતિ એનો દાખલો છે. કામથી કર્મનો નાશ થાય છે. ભક્તિમાર્ગમાં વિઘ્ન કરનાર લોભ છે.લોભથી ભક્તિનો નાશ થાયછે કામ,ક્રોધ,લોભ આ ત્રણથી પુણ્ય નો નાશ થાય છે. વિવેકથી કામનો નાશ થાય છે, પણ ક્રોધનો નાશ મુશ્કેલ છે.એકનાથજી મહારાજે ભાવાર્થ રામાયણમાં લખ્યું છે કે કામીને,લોભીને તત્કાળ થોડો લાભ થાય છે,પણ ક્રોધ કરનારને કાંઈ લાભ થતો નથી. ઊલટું તેના પુણ્યનો ક્ષય થાય છે વલ્લભાચાર્યજીએ આ વિશે કહ્યું છે કે,કામ કર્મનો નાશ કરે છે.તેથી કામ,ક્રોધ,લોભને ગીતાજીમાં નરકનાં દ્વારો કહ્યાં છે અને એ ત્રણ ત્યજવાનું કહ્યું છે. ભક્તિમાર્ગમાં લોભ કેવી રીતે વિઘ્ન કરે છે? માણસ ભગવાનને માટે અગર દાન માટે હલકામાં હલકી ચીજવસ્તુઓનો ઉપયોગ કરે છે. બાબાનો શુટ બનાવવો હોય તો સાત રૂપિયે વારનું કાપડ અને ઠાકોરજીના વાઘા સિવડાવ વા હોય તો ચાર આને ગજનું કાપડ! ઠાકોરજીના માટે ફૂલ લેવા ગયા અને ગુલાબના ફૂલના ચાર આના પડે,તો કહેશે કે કરણનાં ફૂલ આપ.મારા ઠાકોરજી તો ભાવના ભૂખ્યા છે પણ ઘર વાળી માટે ગમે તેટલા રૂપિયા ખર્ચીને સારી વેણી લઈ આવે. સત્યનારાયણની કથામાં બેસવાનું હોય,તો ભાઈ રૂપિયા બસોનું પીતાંબર પહેરીને બેસે અને જ્યારે ઠાકોરજીને વસ્ત્રપરિધાન કરાવવાનો પ્રસંગ આવે ત્યારે કહેશે, પેલું નાડું લાવેલા તે ક્યાં ગયું!ભગવાન કહે છે, હમ સબ સમજતે હે. મેં પણ તારા માટે લંગોટી પહેરવાના કંદોરાનું નાડું તૈયાર રાખ્યું છે. આવું ન કરો. ભગવાનને સારામાં સારી વસ્તુ અર્પણ કરો.બસો બાવન વૈષ્ણવો ની વાર્તાઓમાં જમનાદાસ ભક્ત નું એક દૃષ્ટાંત આવે છે. જમનાદાસ ભક્ત એક વખત ઠાકોરજીને માટે બજારમાં ફૂલ લેવા નીકળ્યા. ફૂલવાળાની દુકાને એક સારું કમળ જોયું. જમનાદાસજીએ વિચાર્યું કે, આજ તો મારા ઠાકોરજીને માટે હું આ સુંદર કમળ લઈ જઈશ. તે જ વખતે તે દુકાને એક યવન રાજા ફૂલ લેવા આવી પહોંચે છે. યવનરાજાને પોતાની રખાત વેશ્યા માટે ફૂલ જોઈતું હતું. જમનાદાસ ભક્ત માળીને કમળ ના ફૂલની કિંમત પૂછે છે. માળી પાંચ રૂપિયા કિંમત જણાવે છે, તેજ વખતે યવનરાજા વચમાં કૂદી પડે છે કે,એ ફૂલના હું દસ રૂપિયા આપવા તૈયાર છું.બંને વચ્ચે ફૂલ લેવા હરીફાઈ ચાલે છે.યવનરાજા તે ફૂલની કિંમત દસ હજાર રૂપિયા બોલે છે. જમનાદાસ ભક્ત કહે, મારા એક લાખ! યવનરાજાને વેશ્યા તરફ સાચો પ્રેમ ન હતો, મોહ હતો. તે વિચારે છે કે, એક લાખ હશે તો બીજી સ્ત્રી મળશે ત્યારે જમના દાસજી ભક્તને મન તેના ઠાકોર જી સર્વસ્વ હતા. તેનો સાચો શુદ્ધ પ્રેમ હતો.જમનાદાસ પોતાની સર્વ મિલકત વેચીને એક લાખ રૂપિયા કિંમત આપી ફૂલ ખરીદી લાવે છે અને શ્રીનાથજીની સેવામાં અર્પણ કરે છે.શ્રીનાથજીના માથા ઉપર થી મુગટ આજે નીચે પડી જાય છે. ભગવાન તે દ્વારા બતાવે છે, જમનાદાસ ભક્તના કમળનું વજન



મારાથી સહન થતું નથી. સનતકુમારોને ક્રોધ આવ્યો એટલે પતન થયું.પ્રભુના દ્વારે ગયેલા પાછા આવ્યા. કામ, ક્રોધ અંદરના વિકાર છે. તક મળતાં એ બહાર આવે છે.તેથી મન ઉપર સત્સંગ નો ભક્તિનો અંકુશ રાખો ઈશ્વર નું સતત ચિંતન કરે તેના અંદરના વિકારો શાંત થાય છે. સનતકુમારોનો ક્રોધ હજી શમ્યો નથી.તેમણે ક્રોધમાં જય-વિજયને શ્રાપ આપ્યો કે,રાક્ષસોમાં વિષમતા હોય છે.તમે એવી વિષમતા દેખાડી માટે તમે રાક્ષસો થાઓ! મંદિરમાં થોડું પાપ કરે એ મહા પાપ છે. સનતકુમારોએ વૈકુંઠ માં ક્રોધ કર્યો.તેથી ભગવાને વિચાર્યું કે, મારા દ્વારે પાપ કર્યું એટલે મારા ઘરમાં આવવા હવે એ લાયક નથી. આ લોકોએ ક્રોધ ઉપર હજુ વિજય મેળવ્યો નથી. સનકાદિકને અંદર પ્રવેશ મળ્યો નહીં. અંદર ગયા હોત પછી બહાર આવવાપણું ન હતું. કારણ ભગવાનનું પરમધામ તો એવું છે, જ્યાં ગયા પછી આવવાપણું હોતું નથી. એટલે નારાયણ લક્ષ્મીજી બહાર આવે છે.ઠાકોરજી સનત કુમારોની સામે જોતા નથી.આજે નજર ધરતી ઉપર છે.જીવનેકરેલાં પાપ માટે હૃદયથી પસ્તાવો ન થાય ત્યાં સુધી ઠાકોર જી દર્શન આપતાં નથી. સ્વદોષ દર્શન એ ઈશ્વર દર્શનનું ફળ છે. સનતકુમારો વંદન કરે છે. પણ ઠાકોરજી સામું જોતા નથી. સનકાદિક ઋષિઓ ભગવાન પાસે ક્ષમા માગે છે. બ્રાહ્મણો ભગવાનને વહાલા છે. ભગવાન સનતકુમારોને કહે છે કે, તમે મારી ભક્તિ અને જ્ઞાનનો પ્રચાર કર્યો છે. મને મારા ભક્તો અતિ પ્રિય છે. અનન્ય ભક્તિ ન હોય તો મને લક્ષ્મીજી પણ પ્રિય નથી.નિષ્કામ ભક્તિ મનેઅતિશય પ્રિય છે.લક્ષ્મીજીમાં પણ નિષ્કામ ભક્તિ ન હોય તો લક્ષ્મીજી પણ પ્રિય લાગતી નથી. ચંચળ લક્ષ્મીજી ઠાકોરજીના ચરણમાં સ્થિર થાય છે. તુલસીજી રાધાજીનું સ્વરૂપ છે. જીવાત્મા પરમાત્માનું લગ્નએ તુલસી વિવાહનું તાત્પર્ય છે. સનકાદિક વિચારે છે કે, અમારાં વખાણ કરે છે, પણ ધામમાં તો બોલાવતા નથી કે લઈ જતા નથી માટે અમારે હજુ તપશ્ચર્યા કરવાની જરૂર છે.હજુ ક્રોધ અમારામાંથી ગયો નથી, એટલે સનકાદિક બ્રહ્મલોકમાં પધારે છે. પછી જય-વિજયને સાંત્વના આપી નારાયણ ભગવાને કહ્યું, તમારા ત્રણ અવતારો થશે પણ તમારો ઉદ્ધાર કરવા હું ચાર અવતારો ધારણ કરીશ! સનકાદિકના શાપથી જય અને વિજય અનુક્રમે હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ તરીકે અવતર્યા છે. એજ દિતિના બે પુત્રો. મહાપ્રભુજીએ આ ચરિત્રની સમાપ્તિ કરતાં કશ્યપ ઉપર ત્રણ દોષો નાખેલા છેઃકર્મત્યાગ,મૌન ત્યાગ અને સ્થાન ત્યાગ. હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુના રોજ ચાર-ચાર હાથ વધતા.જો આમ ખરેખર બને તો માતાપિતા ની શું સ્થિતિ થાય તે કલ્પી શકો છો! બીજી મુશ્કેલી એક બાજુ મૂકીએ, તો પણ એક દિવસનાં કપડાં બીજે દિવસે ટૂંકા પડે.પણ ભાગવતની આ સમાધિ ભાષા છે.ભાગવતમાં સમાધિ ભાષા મુખ્ય છે. લૌકિકભાષા ગૌણ છે. આમ કહીને લોભનું સ્વરૂપ બતાવ્યું છે. ચાર-ચાર હાથ રોજ વધતા એટલે કે લોભ રોજને રોજ વધતો જાય છે.લાભથી લોભ વધે છે.લોભનો અંત પ્રભુ કૃપા વગર થતો જ નથી શરીર જીર્ણ થવાથી કામ મરે છે, પણ લોભનો નાશ થતો નથી. લાભથી લોભ વધે એટલે પાપ વધે.પાપ વધે એટલે ધરતી રસા તળમાં જાય છે.ધરતી એટલે માનવસમાજ દુઃખરૂપી રસાતળ માં ડૂબે છે.હિરણ્યાક્ષે ખૂબ ભેગું કર્યું છે. હિરણ્યકશિપુએ ખૂબ ભોગવ્યું છે. લોભ વધે એટલે ભોગ વધે, ભોગ વધે એટલે પાપ વધે.જ્યારથી લોકો માનવા લાગ્યા કે, પૈસાથી જ સુખ મળે છે ત્યારથી જગતમાં પાપ બહુ વધી ગયું છે. હિરણ્યાક્ષને મારવા વરાહ અવતાર થયો. હિરણ્યકશિપુને મારવા નૃસિંહ અવતાર થયો. હિરણ્યાક્ષ ભોગના લોભનો અને હિરણ્યકશિપુએ લોભના ભોગનો અવતાર છે. કામને મારવા એક જ અવતાર લીધો છે. રાવણ અને કુંભકર્ણને મારવા રામચંદ્રજીનો અવતાર. ક્રોધને મારવા પણ એકજ અવતાર શિશુ પાળને મારવા શ્રીકૃષ્ણાવતારપરંતુ લોભને મારવા માટે બે અવતાર લેવા પડ્યા છે.વરાહા વતાર અને નૃસિંહાવતાર.તે બતાવે છે કે લોભને જીતવો બહુજ મુશ્કેલ છે. વૃદ્ધાવસ્થામાં ડહાપણ ઘણાને આવે છે,પણ જુવાનીમાં જે ડાહ્યો થયો તે સાચો ડાહ્યો થયો કહેવાય શક્તિ ક્ષીણ થાય ત્યારે કામ જાય તેમાં શું ગઢ જીત્યો?કોઈ ગણકારે નહીં ત્યારે ડોસાનો ક્રોધ જાય તેમાં શું નવાઈ? પણ આ લોભ છેવટે વૃદ્ધાવસ્થામાં પણ છૂટતો નથી.લોભ વગેરેના ફેલાવાથી પૃથ્વી દુઃખરૂપી સાગર માં ડૂબી હતી. સત્કર્મમાં વિઘ્ન કરનાર લોભ છે,માટે લોભને સંતોષથી મારજો.લોભ સંતોષથી મરે, માટે સંતોષ કેળવો. વરાહ ભગવાનએ સંતોષનો અવતાર છે. વરાહાવતાર એ યજ્ઞાવતાર છે. વર અહ એટલે શ્રેષ્ઠ દિવસ. શ્રેષ્ઠ દિવસ કયો? જે દિવસે તમારા હાથે સત્કર્મ થાય તે. શ્રેષ્ઠ કર્મ કરો એટલે દિવસ શ્રેષ્ઠ બનશે.જે કાર્ય થી પ્રભુ પ્રસન્ન થાય એ સત્કર્મ છે. સત્કર્મને યજ્ઞ કહે છે. સત્કર્મમાં વિઘ્ન કરનારો હિરણ્યાક્ષ છે એટલે કે લોભ છે. વરાહ ભગવાને પૃથ્વી જે સમુદ્રમાં ડૂબેલી હતી તેને સમુદ્રમાંથી બહાર કાઢી પરંતુ પૃથ્વીને પોતાની પાસે રાખી નથી. પૃથ્વી મનુને એટલે મનુષ્યોનેસોંપી જે પોતાની પાસે આવ્યું તે બીજા ને આપી દીધું.આ સંતોષ છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત હોળાષ્ટક કમૂર્તા ચાલે છે બસ હવે હોળી ધુળેટી ની ઘડીઓ ગણાય રહી છે.ક્રિકેટ ચાહકોએ તો ગત રવિવારે દિવાળીનો માહોલ ઉભો કર્યો રાજકારણમાં રાહુલે ગરમાવો લાવ્યો છે ક્યાં કેટલી યાદવાસ્થળી છે એ સમય બતાવશે.અસ્તુ.

### અમારો ઉદ્દેશ્ય મીડિયા ક્ષેત્રમાં ક્રાંતિ લાવવાનો : અજય

# નવું સાહસ એઆઈ કંપનીનું સંચાલન કરશે

## અજય દેવગણે એઆઈ-સંચાલિત મીડિયા કંપની 'પ્રિઝમિક્સ'ની જાહેરાત કરી

અજય દેવગણે એઆઈ-સંચાલિત મીડિયા કંપની 'પ્રિઝમિક્સ'ની જાહેરાત કરી, જે જનરેટિવ એઆઈ સ્ટોરી ટેલિંગ પર આધારિત હશે. તેમનો ધ્યેય મીડિયા ક્ષેત્રમાં ક્રાંતિ લાવવાનો અને ઉચ્ચ-ગુણવત્તાવાળી એઆઈ સામગ્રીને વધુ સુલભ અને વિસ્તૃત બનાવવાનો છે. તેમાં તેમની સાથે તેમના ભત્રીજા દાનિશ દેવગન અને અન્ય લોકો પણ છે. બોલીવુડ અભિનેતા અજય દેવગણે શુક્રવારે 'પ્રિઝમિક્સ' નામની એક એઆઈ -સંચાલિત મીડિયા કંપનીની જાહેરાત કરી, જે જનરેટિવ એઆઈ સ્ટોરીટેલિંગમાં નિષ્ણાત હશે. દેવગણે કહ્યું કે એઆઈ વાર્તા કહેવાની કળામાં વધુ સુધારો કરી શકે છે.અભિનેતા અજય દેવગણે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તે હવે માત્ર એક



સાધન નથી રહ્યું પરંતુ એક સર્જનાત્મક સાથી બની ગયું છે જે ફિલ્મ નિર્માતાઓ અને બ્રાન્ડ્સને તેમની કલ્પનાઓને નવી અને અદ્ભુત રીતે સાકાર કરવામાં મદદ કરશે..તેમણે કહ્યું, 'અમારો ઉદ્દેશ્ય મીડિયા ક્ષેત્રમાં ક્રાંતિ લાવવાનો અને ઉચ્ચ ગુણવત્તાવાળી એઆઈ સામગ્રીને વધુ સુલભ અને વિસ્તૃત બનાવવાનો છે.' દેવગન પ્રેસમિક્સના ચેરમેન તરીકે સેવા આપશે. તેમના ભત્રીજા દાનિશ દેવગન, જે સહ-સ્થાપક અને મુખ્ય વ્યવસાય અધિકારી હશે. ફિલ્મ 'ટાર્ઝન'માં અભિનય માટે જાણીતા અભિનેતા વત્સલ સેઠ કંપનીના સહ-સ્થાપક અને મુખ્ય કાર્યકારી અધિકારી હશે જ્યારે સાહિલ નાયર સહ-સ્થાપક અને મુખ્ય સર્જનાત્મક અધિકારી તરીકે સેવા આપશે.આ નવા સાહસનો ઉદ્દેશ્ય ટૂંકી ફિલ્મો અને શ્રેણીઓથી લઈને એનિમેટેડ ગ્રાફિક નવલકથાઓ, સંગીત વિડિઓઝ, કોર્પોરેટ સામગ્રી અને સોશિયલ મીડિયા ઝુંબેશ સુધીની સામગ્રી બનાવવા માટે જનરેટિવ AI ટેકનોલોજીનો ઉપયોગ કરવાનો છે. તેના ધ્યેયોમાં સોશિયલ મીડિયા પ્રોજેક્ટ્સનો પણ સમાવેશ થાય છે જે અત્યંત ખર્ચાળ અને તકનીકી રીતે પડકારજનક હોઈ શકે છે.

### ૫૦૦ કરોડના ક્લબમાં સામેલ થઈ 'છાવા'

# બોક્સ ઓફિસનો કિંગ વિક્કી કૌશલ!

વિક્કી કૌશલ અને રશ્મિકા મંદાના સ્ટારર ફિલ્મ 'છાવા' દરેક પસાર થતા દિવસે નવા રેકોર્ડ બનાવી રહી છે. 'છાવા' ની જંગી કમાણીએ બધાને આશ્ચર્યચકિત કરી દીધા છે. આ ફિલ્મ રિલીઝના પહેલા દિવસથી જ સારું પ્રદર્શન કરી રહી છે. દરમિયાન, વિક્કી કૌશલની 'છાવા' એ આ વર્ષે અજય દેવગન, કંગના રનૌત અને અક્ષય કુમારની ફિલ્મોને પાછળ છોડી દીધી છે. 'છાવા' એ આ બધી ફિલ્મોને પાછળ છોડીને ૫૦૦ કરોડ ક્લબમાં પ્રવેશ કર્યો છે. આ સાથે, આ ફિલ્મ ૨૦૨૫ની પહેલી ૫૦૦ કરોડની કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે.'છાવા' વિક્કી કૌશલ માટે એક શાનદાર ફિલ્મ સાબિત થઈ છે. બધાને અભિનેતાનું કામ ખૂબ ગમ્યું છે. લક્ષ્મણ ઉતેકર દ્વારા દિગ્દર્શિત 'છાવા' એ તેના ચોથા




શનિવારે (૨૩મા દિવસે) ફરી ડબલ ડીજીટમાં કલેક્શન કર્યું અને આ સાથે ફિલ્મે ૫૦૦ કરોડનો આંકડો પાર કરી દીધો. હિન્દી ભાષામાં, 'સ્ત્રી ૨' એ ૨૨ દિવસમાં, 'જવાન' એ ૧૮ દિવસમાં અને 'પુષ્પા ૨' એ માત્ર ૧૧ દિવસમાં ૫૦૦ કરોડનો આંકડો પાર કર્યો હતો. 'છાવા' આ લિસ્ટમાં ચોથા નંબર પર છે.સેકનિલ્કના તાજેતરના અહેવાલ મુજબ, વિક્કી અને રશ્મિકાની ફિલ્મે રિલીઝના ૨૩મા દિવસે ૧૬.૫ કરોડ રૂપિયાની કમાણી કરી છે. આ સાથે, ફિલ્મે અત્યાર સુધીમાં ભારતમાં હિન્દી ભાષામાં ૫૦૩.૩ કરોડ રૂપિયાની કમાણી કરી છે. જો આ આંકડાઓમાં તેલુગુ ભાષાની કમાણી પણ ઉમેરવામાં આવે તો 'છાવા' ની કુલ કમાણી ૫૦૮.૮ કરોડ રૂપિયા થાય છે. એટલું જ નહીં, 'છાવા' એ વિશ્વભરમાં ૬૮૨.૩૫ કરોડ રૂપિયાની કમાણી કરી છે.વિક્કી કૌશલની 'છાવા' હવે મોટી ફિલ્મો માટે ખતરાની ઘંટી બની રહી છે. જો આ ફિલ્મની કમાણીની ગતિ આવી જ રહેશે તો શાહરૂખ ખાનની 'પઠાણ' ફિલ્મનો હિન્દી ભાષાનો રેકોર્ડ તૂટવાની ખાતરી છે.

### નોરા ફતેહીનું દર્દ છલકાયું

# આઈટમ સોન્ગ તો હીટ થયા પણ મને એક પૈસો ન મળ્યો!



નોરા ફતેહી બોલિવૂડ એક્ટ્રેસ હોવાની સાથે-સાથે શાનદાર ડાન્સર પણ છે. પોતાના આ જ ટેલેન્ટના કારણે તેણે અનેક ફિલ્મોમાં આઈટમ સોન્ગ કર્યા છે. જોકે, હવે 'દિલબર ગર્લ'ના નામથી ઓળખાતી નોરા ફતેહીએ જણાવ્યું કે, 'ભલે મારા આઈટમ સોન્ગે ફિલ્મો હિટ થયા હોય અને ઈન્ટરનેટ પર ધૂમ મચાવી હોય પરંતુ તેના માટે મને એક પૈસો નથી મળ્યો.'આઈટમ સોન્ગ તો હીટ થયા પણ મને એક પૈસો ન મળ્યોનોરા ફતેહીએ જણાવ્યું કે, 'જ્યારે મેં આ સોન્ગમાં દેખાવાનું શરૂ કર્યું, જે ઈન્ટરનેટ પર છવાઈ ગયા હતા, ફિલ્મો હિટ કરાવી રહ્યા હતા અને બોક્સ ઓફિસ નંબર્સ પર પ્રભાવ પાડી રહ્યા હતા અને મને સમજાયું કે મારા સિવાય બધા પૈસા કમાઈ રહ્યા છે. YouTubeથી પૈસા આવી રહ્યા હતા. સફળ સોન્ગના કારણે ફિલ્મોને ફાયદો થઈ રહ્યો છે, પરંતુ આ સોન્ગ હું તેમના માટે ળીમાં કરી રહી હતી.' નોરા ફતેહીએ આગળ કહ્યું કે, 'હું જે પણ પૈસા કમાઈ રહી હતી તે લાઈવ પર્ફોર્મન્સ અને ઈવેન્ટ્સમાંથી હતા. પરંતુ મારા માટે કોઈ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ, સ્ટ્રીમિંગના નફા જેવી કંઈ વસ્તુ નહોતી.' નોરાએ જણાવ્યું કે, 'સિસ્ટમ વિરુદ્ધ જવાના બદલે મેં તેમાં રહીને પૈસા કમાવાનો રસ્તો શોધી લીધો. મેં પબ્લિશિંગ રાઈટ્સ અને રોયલિટીમાં પોતાનો હિસ્સો લેવાનું શરૂ કર્યું.'એક્ટ્રેસે કહ્યું કે,'દિલબર ગર્લ'હોવાનો શું ફાયદો, 'જ્યારે મારી પાસે પોતાના બાળકોને બતાવવા માટે કોઈ શોહરત જ નહીં હશે? જનરેશનલ વેલ્થ મોટી બાબત છે અને હવે હું તેના પર ફોકસ કરવા માગું છું.'

# ૧૨ વર્ષના વનવાસ પછી લાર્જ સ્ક્રીન પર કમબેક કરશે

## બોલિવૂડમાં ઘણી સેલિબ્રિટીઓ કમબેક કરી રહી છે, આ કલાકારો વર્ષો પછી પડદા પર વાપસી કરી રહ્યા છે

બોલિવૂડ અભિનેત્રી મૌસમી ચેટર્જી ૧૨ વર્ષ પછી ફિલ્મ 'આરી' દ્વારા મોટા પડદા પર વાપસી કરી રહી છે. આ ફિલ્મમાં નુસરત જહાં અને તેમના પતિ યશ દાસગુપ્તા પણ મહત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે. મૌસમી ચેટર્જીના ચાહકો માટે એક ટ્રીટ સાબિત થશે. બોલિવૂડમાં ઘણી સેલિબ્રિટીઓ કમબેક કરી રહી છે. આ કલાકારો વર્ષો પછી પડદા પર વાપસી કરી રહ્યા છે. શર્મિલા ટાગોર, સેલિના જેટલી, ફરદીન ખાન પછી હવે મૌસમી ચેટર્જીનું નામ પણ તેમાં ઉમેરાયું છે. તે ૧૨ વર્ષ પછી મોટા પડદા પર પણ વાપસી કરવા જઈ રહી છે. તે માત્ર હિન્દી ફિલ્મોમાં જ નહીં પરંતુ બંગાળી ફિલ્મોમાં પણ તેના શાનદાર અભિનય માટે જાણીતી છે. હવે તે તેની આગામી ફિલ્મમાં નુસરત જહાં સાથે જોવા મળશે.આ ફિલ્મનું નામ 'આરી' છે, જેમાં ચોક્કસપણે મૌસમી ચેટર્જી અને નુસરત જહાં હશે. નુસરતના પતિ યશ દાસગુપ્તા, જે વ્યવસાયે અભિનેતા છે, તે પણ એક મહત્વપૂર્ણ



ભૂમિકામાં જોવા મળશે. મૌસમી છેલ્લે ૨૦૧૩ માં આવેલી ફિલ્મ 'ગોયનાર બક્ષો' માં જોવા મળી હતી. જે એક બંગાળી ફિલ્મ હતી અને લોકોને ખૂબ ગમ્યું.તે જ સમયે, નુસરત જહાં પણ બંગાળી સિનેમાની સૌથી પ્રિય અભિનેત્રીઓમાંની એક છે. તેમણે બંગાળી સિનેમામાં પોતાની એક અલગ ઓળખ બનાવી છે. ફિલ્મ 'આરી' વિશે વાત કરીએ તો, તેનું દિગ્દર્શન જીત ચક્રવર્તી કરી રહ્યા છે. તેની વાર્તા વિશે હજુ સુધી વધુ માહિતી જાહેર કરવામાં આવી નથી. જોકે, અહેવાલો દાવો કરી રહ્યા છે કે આ એક ફેમિલી ડ્રામા ફિલ્મ હશે જે સંબંધોમાં આવતા ફેરફારો અને પરિવારમાં આવતા ઉતાર-ચઢાવને દર્શાવશે.એક સૂત્રએજણાવ્યું હતું કે મૌસમી ચેટર્જીની વાપસી ચાહકો માટે એક ટ્રીટ છે. ફિલ્મમાં તેમનો રોલ અદ્ભુત છે. નુસરત સાથે તેની જોડી એક માસ્ટરસ્ટ્રોક છે. આ ઉપરાંત, તે એક એવી ફિલ્મ બની ગઈ છે જે જોવા માટે ખરેખર રસપ્રદ રહેશે. ફિલ્મ પૂર્ણ અને તૈયાર છે. બધું શૂટિંગ થઈ ગયું છે. તે ૨૫ એપ્રિલના રોજ રિલીઝ થવાનું છે.

### તમન્ના ભાટિયા માટે ૨૦૨૪નું વર્ષ ખૂબ સારું રહ્યું

# તમારી કિંમત સમજો: અભિનેત્રી તમન્ના ભાટીયાએ મહિલાઓને આપી શીખ

## તેના દમદાર અભિનયની સાથે, તેણે વિસ્ફોટક નૃત્યથી દર્શકોના દિલ પણ જીતી લીધા

૮ માર્ચે સમગ્ર વિશ્વમાં 'મહિલા દિવસ' ઉજવવામાં આવે છે. આ ખાસ પ્રસંગે, સુંદર અભિનેત્રી તમન્ના ભાટિયાએ તેના મહિલા ચાહકો માટે એક ખાસ સંદેશ મોકલ્યો છે. તેમણે મહિલાઓને તેમની શક્તિને ઓળખવા અને સામાજિક અવરોધોને પડકારવા કહ્યું છે.બ્રેક અપના સમાચાર વચ્ચે તમન્નાએ મૌન તોડ્યું છે.દર વર્ષે ૮ માર્ચે, સમગ્ર વિશ્વમાં 'મહિલા દિવસ' ઉજવવામાં આવે છે. આ પ્રસંગે, દક્ષિણ સિનેમાથી લઈને બોલિવૂડ સુધી પોતાની મજબૂત ઓળખ બનાવનારી સુંદર અભિનેત્રી તમન્ના ભાટિયાએ તેના મહિલા ચાહકો માટે એક ખાસ સંદેશ મોકલ્યો છે. તેમણે મહિલાઓને તેમની શક્તિને ઓળખવા અને સામાજિક અવરોધોને પડકારવા વિનંતી કરી છે. તમન્ના માને છે કે વાસ્તવિક સશક્તિકરણ ત્યારે શરૂ થાય છે જ્યારે આપણે આપણી પોતાની કિંમત સમજીએ છીએ.તેમણે કહયું, 'આ મહિલા દિવસ પર, ચાલો આપણે દરેક મહિલાની શક્તિ, સહનશક્તિ અને પ્રતિભાની ઉજવણી કરીએ.' તમારો અવાજ ઉઠાવો અને સમાનતા પ્રાપ્ત કરવા માટે એકબીજાને પ્રેરણા આપો.વિશ્વભરમાં વિવિધ કાર્યક્રમો દ્વારા આ સંદેશ ફેલાવવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે, જેથી મહિલાઓને સમાજમાં વધુ સ્વતંત્રતા અને તકો મળી શકે. તમન્ના ભાટિયા માટે ૨૦૨૪નું વર્ષ ખૂબ સારું રહ્યું. તેમણે અગાઉ પણ પોતાના કામ પ્રત્યેના જુસ્સા



વિશે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, 'મને હંમેશા અભિનય કરવાની તીવ્ર ઈચ્છા હતી.' મને થિયેટર અને અન્ય પ્લેટફોર્મ પર કામ કરવાની મજા આવતી હતી. ક્યારેક કામના કલાકો ખૂબ લાંબા હોય છે, પણ તે ક્યારેય બોજ જેવું લાગતું નથી.તેમણે આગળ કહ્યું, 'લોકો મને પૂછે છે કે મને શું ખુશ કરે છે, પરંતુ મારા માટે મારું કામ મારી સૌથી મોટી ખુશી છે.' પોતાના કામ વિશે વાત કરીએ તો, તમન્ના છેલ્લે ક્રાઈમ ડ્રામા 'સિકંદર કા મુકદ્દર'માં જોવા મળી હતી. આ નેટફિલક્સ શ્રેણી નીરજ પાંડે દ્વારા દિગ્દર્શિત છે અને તેમાં અવિનાશ તિવારી, જીમી શેરગિલ, રાજીવ મહેતા, દિવ્યા દત્તા અને ઝોયા અફરોઝ જેવા કલાકારો છે. આ ઉપરાંત, તે ૨૦૨૪ માં 'અરણમલાઈ ૪' અને 'વેદ' જેવી ફિલ્મોનો પણ ભાગ બનશે.૨૦૨૪ માં, તેના દમદાર અભિનયની સાથે, તમન્નાએ તેના વિસ્ફોટક નૃત્યથી દર્શકોના દિલ પણ જીતી લીધા. તે ફિલ્મ 'સ્ત્રી ૨' ના ગીત 'આજ કી રાત' માં જોવા મળી હતી, જેમાં તેના અભિનયને લોકોએ ખૂબ પસંદ કર્યો હતો. આ વર્ષે તે તેલુગુ ફિલ્મ 'ઓડેલા ૨'માં જોવા મળશે. આ ફિલ્મના તાજેતરમાં રિલીઝ થયેલા ટીઝરમાં, તમન્ના નાગા સાધુના અવતારમાં જોવા મળી રહી છે. આ ટીઝર મહા કુંભ મેળામાં લોન્ચ કરવામાં આવ્યું હતું, જેમાં તેણી પોતાના ગામની રક્ષા માટે એક ખતરનાક શક્તિ સામે લડતી જોવા મળી હતી.

### કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળીને કામ કરી રહ્યો છે અભિનેતા

# 'હીરામંડી' પછી ચમક્યું ફરદીન ખાનનું નસીબ



## સંજયની સિરીઝ 'હીરામંડી'માં વર્ષો પછી ફરદીન ખાનને જોઈને બધાના ચહેરા પર સ્મિત આવી ગયું હતું

સંજય લીલા ભણસાલીની સિરીઝ 'હીરામંડી'માં વર્ષો પછી ફરદીન ખાનને જોઈને બધાના ચહેરા પર સ્મિત આવી ગયું હતું. તેના કમબેકથી બધા ખુશ થઈ ગયા હતા. આ સિરીઝમાં ફરદીને સોનાક્ષી સિંહા, અદિતિ રાવ હૈદરી, રિચા ચઢ્ઢા અને મનીષા કોઈરાલા સાથે સ્ક્રીન સ્પેસ શેર કરી હતી. તેણે ભજવેલું પાત્ર પણ લોકોને ગમ્યું હતું. હીરામંડી પછી, તે અક્ષય કુમાર, વાણી કપૂર, એમી વિર્ક, તાપસી પન્નુ સાથે ફિલ્મ 'ખેલ ખેલ મેં' માં પણ જોવા મળ્યો હતો. જોકે, આ ફિલ્મ ફ્લોપ સાબિત થઈ હતી.એક ઈન્ટરવ્યુ દરમિયાન, ફરદીને તાજેતરમાં 'હીરામાંડી' સાથેના તેના કમબેક વિશે વાત કરી અને તે સિરીઝનો ભાગ બનીને કેટલો ખુશ હતો તે વિશે વાત કરી હતી. તેણે કહ્યું, "હું ખૂબ જ ભાગ્યશાળી છું કે મને સંજય લીલા ભણસાલી સાથે કામ કરવાની તક મળી, હું તેમનો મોટો ફેન છું અને હું તેમના કામની ખૂબ પ્રશંસા પણ કરું છું. તો, આટલા વર્ષો પછી તેમના ડ્રીમ પ્રોજેક્ટનો ભાગ બનવું અને આ સિરીઝના બધા પ્રતિભાશાળી લોકો સાથે કામ કરવું, ફક્ત કલાકારો જ નહીં પણ સિનેમેટોગ્રાફરો પણ... આખું સેટઅપ, તેમની આખી ટીમ સાથે તે ખૂબ જ ખાસ હતું."ફરદીને આગળ કહ્યું કે, તે ક્યારેય કોઈ મોટી ફિલ્મ કે સિરીઝનો ભાગ નથી રહ્યો જેનું ઐતિહાસિક મહત્ત્વ હોય અને તેણે ક્યારેય આવું કોઈ પાત્ર નથી ભજવ્યું. તેણે કહ્યું, આ ખરેખર એક એવી સ્મૃતિ છે જે તે હંમેશા માટે યાદ રાખશે. આ એક મહાન અનુભવ, એક સૌભાગ્ય અને સન્માન છે.ફરદીન ખાને તેના આગામી પ્રોજેક્ટ્સ વિશે પણ વાત કરી. તેણે કહ્યું, "મને જે પ્રોજેક્ટ્સ ઓફર કરવામાં આવ્યા છે તે મને ખૂબ જ ખાસ લાગે છે. તે 'હીરામંડી' અને 'હાઉસફુલ ૫' ની જેમ રસપ્રદ છે, જેમાં કન્ટેન્ટ, મસ્તી અને કમર્શિયલ વેલ્યુ છે. હું નસીબદાર હતો કે મને એક ક્રાઈમ થ્રિલર ફિલ્મ મળી, જે મેં પહેલા ક્યારેય નહોતી કરી. પાત્રો, સેટઅપ અને વાર્તા મારા કમ્ફર્ટ ઝોનની બહાર હતી, જેના કારણે તે શીખવાનો એક અલગ અનુભવ મળ્યો."

# સારા ન દેખાતા એક્ટરો ટેલેન્ટના દમ પર કરોડો કમાઇ રહ્યાં છે

## રણવીર સિંહે કહ્યું હતું કે 'મારા કરીઅરની શરૂઆતમાં જ આદિત્ય ચોપડાએ મને રિયાલિટી ચેક આપી દીધો હતો



પ્રિયંકા ચોપડા જોનસની મમ્મી મધુ ચોપડાએ કહ્યું કે ઘણાં સુપરસ્ટાર એવા છે જે સારા નથી દેખાતા, પરંતુ ટેલેન્ટના દમ પર સારી કમાણી કરી રહ્યાં છે. બોલિવૂડમાં એક્ટર્સ સારા દેખાતા હોય તેમને બ્રેક મળી જાય છે. આજે સોશિયલ મીડિયા પર કોઈ ફેમસ થઈ ગયું તો તેમને કોઈ પણ પ્રોજેક્ટની ઓફર કરી દેવામાં આવે છે. જોકે બીજી તરફ ટેલેન્ટેડ એક્ટર્સ પણ ખૂબ જ સારું કામ કરી રહ્યાં છે. તેમણે કહ્યું કે ટેલેન્ટ હોય તો કોઈ રોકી નહીં શકે. મધુ ચોપડા ડોક્ટર અને કોસ્મેટોલોજીસ્ટ છે. તેમણે મુંબઈમાં પ્રેક્ટિસ કરી હતી અને હવે પ્રિયંકાના પ્રોડક્શન-હાઉસની કમાન સંભાળે છે.પ્રિયંકા ચોપડા જોનસની મમ્મી મધુ ચોપડાએ હાલમાં જ એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે, 'ઘણાં એવા લોકો છે જેમનું નામ મારે નથી લેવું, જેઓ જરા પણ સારા નથી દેખાતા, પરંતુ તેઓ અદ્ભુત એક્ટર છે. હોલિવૂડ હોય કે ગમે ત્યાં સારા દેખાતા હીરો અથવા તો હિરોઇન મેઈનસ્ટ્રીમ એક્ટર બને છે. એવું જરૂરી નથી, પરંતુ એ જ કડવું સત્ય છે જે માનવું રહ્યું. પરંતુ તમારી પાસે ટેલેન્ટ હોય તો તમે ઘણું કામ કરી શકો છો. ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીમાં એવા ઘણાં લોકો છે. ઘણાં સુપરસ્ટાર એવા છે જેઓ હીરો હોવા જોઈએ એટલાં સારા નથી દેખાતા, પરંતુ તેઓ કરોડો કમાઈ રહ્યાં છે. આથી એક વાત નક્કી છે કે જો તમારી પાસે ટેલેન્ટ હોય તો બાકી કોઈ પણ વાત મહત્ત્વની નથી.'ભૂતકાળમાં ઘણાં સ્ટાર્સ દ્વારા કહેવામાં આવ્યું છે કે બોલિવૂડમાં તેમને હેન્ડસમ અથવા તો હીરો મટિરિયલ નથી એવું કહેવામાં આવ્યું હતું. શાહરુખ ખાન એમાનો એક છે. શાહરુખ ખાને ભૂતકાળમાં એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે 'મને ખબર નથી, પરંતુ મારા મોટા ભાગના ફ્રેન્ડ્સ મારા પર હસ્યા હતા કે હું ફિલ્મ સ્ટાર બની ગયો. મારી સાથે પહેલાં જે હિરોઇનોએ કામ કર્યું હતું તેઓ ખાસ મારા પર હસીને બોલતા કે હું ફિલ્મ સ્ટાર બની ગયો એ જાણીને પણ તેમને ખૂબ જ નવાઈ લાગી હતી.'શાહરુખ ખાનની જેમ રણવીર સિંહે પણ એનો સામનો કર્યો હતો. એક ઈન્ટરવ્યુમાં રણવીર સિંહે કહ્યું હતું કે 'મારા કરીઅરની શરૂઆતમાં જ આદિત્ય ચોપડાએ મને રિયાલિટી ચેક આપી દીધો હતો. તેમણે મને કહ્યું હતું કે તું સારો દેખાય છે, પરંતુ હીરો જેવો નહીં.

### વંચિત સમુદાયો સુધી ગુણવત્તાયુક્ત શિક્ષણ પહોંચ્યું!

# અદાણી ઈલેક્ટ્રિસિટી અને અદાણી ફાઉન્ડેશનની પહેલથી ૨૫,૦૦૦+ વિદ્યાર્થીઓનું 'ઉત્થાન'



। અમદાવાદ, તા.૧૦ ।

અદાણી ઈલેક્ટ્રિસિટી અને અદાણી ફાઉન્ડેશનનો પ્રોજેક્ટ 'ઉત્થાન' દેશભરના હજારો વિદ્યાર્થીઓના જીવનમાં આમૂલ પરિવર્તન લાવી રહ્યો છે. આ પહેલ થકી વંચિત સમુદાયોના વિદ્યાર્થીઓ સુધી ગુણવત્તાયુક્ત શિક્ષણ પહોંચ્યુ છે. તાજેતરમાં મુંબઈ ખાતે આ પ્રોજેક્ટની સફળ ગાથા દર્શાવતી કોફી ટેબલ બુક લોન્ચ કરવામાં આવી હતી. ઉત્થાન ઉત્સવમાં મહાપાલિકાના કમિશ્નર સહિત વિવિધ ક્ષેત્રના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ઉત્થાનનું લક્ષ્ય વિદ્યાર્થીઓની ક્ષમતાઓ વધારી શિક્ષણનાં પરિણામો બહેતર બનાવવાનું છે. તાજેતરમાં આ પ્રોજેક્ટ અંતર્ગત ૨૦,૦૦૦થી વધુ સ્કોલરશિપની તૈયારીનાં પુસ્તકો ૫૫૪૧ વિદ્યાર્થીઓને પૂરાં પાડ્યાં હતા તેમજ ૧૨,૦૦૦ લાઈબ્રેરી પુસ્તકો ૮૨ શાળાઓને પૂરાં પાડ્યાં હતાં, જે ૨૫,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ સુધી પહોંચ્યાં છે. પ્રોજેક્ટ ઉત્થાનથી વિદ્યાર્થીઓની મૂળભૂત સાક્ષરતામાં સુધારો, કૌશલ્ય નિર્માણ તેમજ ભણતર વધુ રૂચિકર અને સરળ બન્યુ છે.

વિદ્યાર્થીઓમાં આવેલા 'ઉત્થાન'ને કંડારતી પુસ્તિકાના વિમોચન પ્રસંગે મુંબઈ મહાપાલિકાના કિમિશ્નર ભૂષણ ગગરાણી, એડિશનલ કમિશનર અમિત સૈની, ડેપ્યુટી કમિશનર (શિક્ષણ) ડૉ. પ્રાચી જાંભેકર, અદાણી ફાઉન્ડેશનના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર વસંત ગઢવી, અદાણી ઈલેક્ટ્રિસિટીના સિનિયર મેનેજમેન્ટે હાજરી આપી હતી. સમર્પિત ઉત્થાન સહાયકોના સાથે આ પ્રોજેક્ટ પરિવર્તન માટે સૂત્રધાર બની ગયો છે.

ઉત્થાન પ્રેરિત ઈન્ટરએક્ટિવ શિક્ષણ પદ્ધતિ, પ્રવૃત્તિ આધારિત ભણતર અને ડિજિટલ સંસાધનો થકી વિદ્યાર્થીઓનો ભાષા અને ગણિત જેવા વિષયોમાં પણ આત્મવિશ્વાસ વધ્યો છે. તેની મુખ્ય સિદ્ધિઓમાં સાક્ષરતા અને આંકડાકીય કુશળતામાં સુધારો, ઉચ્ચ સંતોષ, વાંચન સંસ્કૃતિનો વિકાસ, વિઝન સ્પ્રિંગ પ્રોગ્રામ થકી નિઃશુલ્ક નેત્ર તપાસ, માસિક માતા સંમેલન અને ગૃહ મુલાકાત થકી ૫૦૦થી વધુ માતાઓની ભાગીદારી વગેરેનો સમાવેશ થાય છે. તેમાં રાષ્ટ્રીય શૈક્ષણિક નીતિ-૨૦૨૦ સુસંગત તાલીમ સત્રોનું આયોજન પણ કરવામાં આવે છે.

આ કાર્યક્રમમાં શિક્ષણાધિકારીઓ, અદાણી ફાઉન્ડેશનના વરિષ્ઠ વ્યવસ્થાપકો, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સહાયકોએ પ્રાસંગિક પેનલ ચર્ચા પણ કરી હતી. કાર્યક્રમમાં વિવિધ સાંસ્કૃતિક અને આંતરશાળા સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ લેખન, ચિત્રકળા અને વેસ્ટમાંથી બેસ્ટ વગેરે ઉપક્રમોનો સમાવેશ થાય છે.

# ઝાલોદ ઝોનમાં આજે ધોરણ દસની એસ.એસ. સી.ની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૦ ।

ગુજરાત રાજ્યભરમાં દસ અને બાર બોર્ડ ની પરીક્ષા ચાલુ હતી તમામે તમામ વિષયના વિદ્યાર્થીઓએ શાંતિ થી પરીક્ષા આપી જ્યારે આજે તારીખ ૧૦/૦૩/૨૦૨૫ ના રોજ સવારે છેલ્લું પેપર હિન્દી અને સંસ્કૃતના પેપર સાથે શાંતિપૂર્ણ માહોલમાં. ધોરણ દસની પરીક્ષા પૂરી થઈ આમ ઝાલોદ ઝોન માં એક પણ કેસ થયો નથી અને કોઈ અનિચ્છનીય બનાવ બન્યો નથી જ્યા પણ કઈ જરૂરિયાત સમયે ઝાલોદ ઝોનના અધિકારી હેમંતભાઈ પટેલ દ્વારા પૂરો પૂરો સાથ સહકાર આપેલ હતો.

# ઝાલોદ નગરમાં ઉજ્જૈન પદયાત્રાએ જતા બે યાત્રીઓનુ સ્વાગત કરાયું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૦ ।



બાયડ ( ગુજરાત) થી મહાકાલેશ્વર (ઉજ્જૈન) જતા બે પદયાત્રીઓ કે જેઓ અંદાજીત ૩૬૦ કિલોમીટરનું અંતર કાપવાના છે તેઓ તારીખ ૦૮-૦૩-૨૦૨૫ ના રોજ ઝાલોદ મુકામે રાત્રીના ૮ વાગે આવતા મુનમુન ખંડેલવાલ દ્વારા તેમના રોકાણ અને જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

બાયડ મુકામે થી ચાલતા આવતા બે યુવક વાળંદ અતુલભાઈ ઉમર ૩૧ વર્ષ અને જાલા ગૌતમસિંહ ઉમર ૨૪ વર્ષ કે જેઓ રમાસ (સાબરકાંઠા) ના રહેવાસી છે તેઓ ત્રણ વર્ષથી ઉજ્જૈન મહાકાલેશ્વર મંદિરે પગપાળા યાત્રાએ જાય છે. ભગવાન મહાકાલ પર અતૂટ શ્રદ્ધા અને આસ્થા ધરાવતા આ પદયાત્રીઓ અંદાજીત ૩૭૦ કિલોમીટરનું અંતર પોતાના વતન થી મહાકાલેશ્વર મંદિર સુધી કાપે છે દરરોજ આ યાત્રીઓ અંદાજીત ૩૦ થી ૩૫ કિલોમીટર પગપાળા અંતર કાપે છે એટલે આ યાત્રીઓની પગપાળા યાત્રા અંદાજીત બાર દિવસની હોય છે.

પગપાળા યાત્રાએ જતા તેઓ મહાકાલ ભગવાનના નામનું જાપ કરતા જતા હોવાથી શારીરિક પીડાનો તેમને અહેસાસ થતો નથી. રાત્રિ રોકાણમાં દરેક વિસ્તારોમાં સનાતન હિન્દુ ધર્મ સાથે જોડાયેલ સેવાભાવી વ્યક્તિઓ દ્વારા તેમના રોકાણ તેમજ જમવાની વ્યવસ્થા થઈ જતી હોય છે. એટલે તેઓને જ્યાં થી પણ પસાર થાય ત્યાં સેવાભાવી લોકો દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવે છે તેમજ ચા નાસ્તો તેમજ જમવાની વ્યવસ્થા થઈ જતી હોય છે. ઝાલોદ નગરમાં રાત્રી રોકાણ બાદ સવારે નીકળતા આ પદયાત્રીઓનું સ્વાગત સેવાભાવી લોકો દ્વારા કરવામાં આવ્યું હતું. આ પદયાત્રીઓ ભગવાન મહાકાલની ધ્વજા લઈ તેમજ પીઠ પર થેલાની ઉપર ઉજ્જૈન લખેલ હોવાથી આ પદયાત્રીઓ પગપાળા યાત્રાએ જઈ રહેલ છે તેવી ઓળખાણ થઈ જતી હોય છે.

### ધારાસભ્ય બાબુભાઈ પટેલના વરદ હસ્તે એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરવામાં આવ્યું

# દસક્રોઈ તાલુકાના કુહા અને કાસીન્દ્રા આયુષ્યમાન આરોગ્ય મંદિર માટે એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરાયું



તસ્વીર : વંદના નીલકંઠ વાસુકીયા, વિરમગામ

। (પ્રતિનિધી) વિરમગામ, તા.૧૦ ।



અમદાવાદ જિલ્લા પંચાયત હસ્તકના દસક્રોઈ તાલુકાના કુહા અને કાશીન્દ્રા આયુષ્યમાન આરોગ્ય મંદિર માટે ધારાસભ્ય બાબુભાઈ પટેલના વરદ હસ્તે કુલ - ૨ એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. એમ્બ્યુલન્સ મળવાને કારણે ઈમરજન્સીના સમયે દર્દીને વધુ સારી આરોગ્ય સેવાઓ માટે રેફરલ હોસ્પિટલ ખાતે પહોંચાડવામાં સરળતા રહેશે. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ કંચનબા વાઘેલા, ચેરમેન કારોબારી સમિતી પ્રમોદભાઈ પટેલ, ચેરમેન આરોગ્ય સમિતિ ગોવિંદભાઈ મકવાણા, ફુલસિંહ ચૌહાણ, તાલુકા પંચાયત દસ્ક્રોઈના પ્રમુખ સુરેશભાઈ પટેલ, પૂર્વ કારોબારી ચેરમેન વિનોદભાઈ પટેલ અને તાલુકા સંગઠન પ્રમુખ અને હોદ્દેદારો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં. આ ઉપરાંત અમદાવાદ જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. શૈલેષ પરમાર સહિત આરોગ્ય વિભાગના અધિકારીઓ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બાવળાના દેવડથલ ગામમાં ખેડૂતો માટે શેઢા, પાળા ઉપર થતી વનસ્પતિઓની ઓળખ અંગેની તાલીમ યોજાઈ

### ખેડૂતોની આવકમાં વધારો કરવો અને નિંદામણનાશક દવાઓ બંધ કરી ખેડૂતોના ખર્ચમાં ઘટાડો કરવાનો તાલીમનો આશય



। (માહિતી) અમદાવાદ, તા.૧૦ ।

અમદાવાદના બાવળા તાલુકાના દેવડથલ (નવાપુરા) ગામમાં ટાટા નેનો મોટર્સ વ્હીકલ કંપની લિમિટેડ અને ધરતી ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી ગામના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અને શેઢા, પાળા ઉપર થતી વનસ્પતિઓની ઓળખ અંગેની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત ખેડૂતોને અતિથિ કૃષિ વૈજ્ઞાન કેન્દ્રના નિવૃત વરીષ્ઠ વડાશ્રી ડૉ. કે.જી. મહેતાએ પ્રાકૃતિક ખેતીના પાયાના સિદ્ધાંત અને જમીનના વિવિધ તત્ત્વો ઉપર ખૂબ જ ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. ઉપરાંત, પ્રાકૃતિક ઉત્થાન ફાર્મર પ્રોડ્યુસર કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કાશીરામભાઈ વાઘેલાએ ખેડૂતો નિંદામણનાશક દવાઓનો છંટકાવ કરીને શેઢા, પાળા ઉપર થતી અમૂલ્ય ઔષધીય વનસ્પતિઓનો નાશ કરે છે, તો તેવી વનસ્પતિઓની ઓળખ કરાવી, તેનું મહત્ત્વ શું છે? કયા રોગમાં તેનો કેવી રીતે ઉપયોગ કરવો? જેવી વિસ્તૃત માહિતી આપી હતી. ઉલ્લેખનીય છે કે, નિંદામણનાશક દવાઓનો છંટકાવ કરવાથી ખેડૂતોના ખર્ચાઓ વધી રહ્યા છે. જે શેઢા, પાળા ઉપર થતું ઘાસ અને વિવિધ વનસ્પતિઓ પશુ આહારમાં વપરાતી હતી. પરંતુ દવાઓના છંટકાવ કરી આ વનસ્પતિઓને મારી નાખવાથી પશુપાલકોને પણ ઘાસચારો મોંઘા ભાવે ખરીદવો પડે છે. આ કારણસર આજે પશુપાલન વ્યવસાય પણ ઓછો થતો જાય છે અને દૂધ ઉત્પાદન પણ દિવસે દિવસે ઓછું થતું જાય છે. વસ્તીવધારાના કારણે માંગને પહોંચી વળવા ભેળસેળ કરતા લોકોમાં પણ બેફામ વધારો થતો જાય છે અને તેની માઠી અસર લોકોના આરોગ્ય ઉપર થાય છે. અંતે લોકોએ આરોગ્ય સુધારવા માટે દવાઓનો આશરો લેવો પડે છે.

### વિશ્વ મહિલા દિવસ નિમિતે ઝાલોદ CHC ખાતે

# ટી. આઈ. પ્રોજેક્ટ તેમજ ICTC ઝાલોદ ના સહયોગથી ઝાલોદ CHC ખાતે મહિલા દિવસની ઉજવણી કરાઈ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૦ ।



તારીખ ૦૮-૦૩-૨૦૨૫ ના રોજ "વિશ્વ મહિલા દિવસ" નિમિતે ઝાલોદ CHC ખાતે ટી. આઈ. પ્રોજેક્ટ તેમજ ICTC ઝાલોદના સહયોગથી ઝાલોદ CHC ખાતે મહિલા દિવસની ઉજવણીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આજરોજ આ કાર્યક્રમ માં ICTC કાઉન્સેલર હેતલબેન STI કાઉન્સેલર અનિલભાઈ ટી. આઈ./ઝાલોદ એડ્રોલેશન કાઉન્સેલર આશાબેન, ટી. આઈ. કાઉન્સેલર શૈલેષભાઈ ORW - ઈમ્તિયાઝભાઈ અશોખભાઈ તેમજ પી. ઈ. અને HRG હાજર રહ્યાં હતા.

આજરોજ આ કાર્યક્રમ માં ICTC કાઉન્સેલર હેતલબેન દ્વારા "મહિલા દિવસ"ની ઉજવણીના મુખ્ય ઉદ્દેશ્ય વિશે માહિતી આપવામાં આવી હતી તેમજ તેમના હક્કો અને અધિકારો વિશે માહિતી આપવામાં આવી હતી. STI કાઉન્સેલર અનિલભાઈ દ્વારા સિવિલ હોસ્પિટલમાં મળતી તમામ સુવિધાઓ વિશે માહિતી આપવામાં આવી હતી તેમજ STI ના લક્ષણો અને સારવાર વિશે માહિતી આપવામાં આવી હતી.. ટી. આઈ. કાઉન્સેલર શૈલેષભાઈ દ્વારા માનસિક આરોગ્ય વિશે માહિતી આપવામાં આવી હતી તેમજ આવેજ HRG ને તેમના સ્પાઉસ અને પાર્ટનર ટેસ્ટિંગ વિશે માહિતી આપવામાં આવી હતી અને તેઓને સરકારી યોજનાઓ વિશે અને તેઓને મળતા લાભો વિશે માહિતી આપવામાં આવી હતી. અંતે સૌને ચા નાસ્તો કરાવીને કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

# તાપી જિલ્લા સ્વચ્છ ભારત મિશન ગ્રામિણ યોજના અંતર્ગત "આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ"ની ઉજવણી કરાઇ

। (માહિતી) તાપી, તા.૧૦ ।

નિર્મળ ગુજરાતની નાયિકાઓને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિતે સ્વચ્છતા અંગે સન્માનપત્ર એનાયત કરાયા - તાપી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી ખ્યાતિ પટેલના માર્ગદર્શન હેઠળ આંતર રાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે આજ રોજ તાલુકા પંચાયત વ્યારા, વાલોડ, ડોલવણ, સોનગઢ, ઉચ્છલ, નિઝર, કુંકમુંડા ખાતે "ચાલો આપણા ઘર, આપણા ગામડાને સ્વચ્છ અને નિર્મળ બનાવતી નારીઓનું સન્માન કરીએ"ના સ્લોગન સાથે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં મહિલા સરપંચશ્રીઓ, મહિલા સ્વચ્છતાગ્રાહી, સ્વ સહાય જૂથોની બહેનો, ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રંસગે વિવિધ તાલુકાઓમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે નિર્મળ ગુજરાતની નાયિકાઓને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિતે સ્વચ્છતા અંગે સન્માનપત્ર આપવામાં આવ્યું હતુ.

# ઝાલોદ તાલુકાના લીલવાઠાકોર ગામે સી.સી. રસ્તા નું ભુમી પુજન કરવામાં આવ્યું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૦ ।



ઝાલોદ તાલુકાના લીલવાઠાકોર ગામે ખાંગુડા ફળિયાથી આંગણવાડી કેન્દ્ર ને જોડતા સી.સી. રસ્તાનું ભુમીપુજન કરવામાં આવ્યું. જેમાં ઉપસ્થિત લીલવાઠાકોર ગ્રામ પંચાયત સરપંચ વાલાબેન વસંતભાઈ ભાભોર, ઉપસરપંચ મુકેશભાઈ ખાંગુડા, ગ્રામ પંચાયત સભ્યો, ગામના આગેવાનોમા વસંતભાઈ ભાભોર, નારણભાઈ ખાંગુડા, પરસોત્તમભાઈ, દેવચંદભાઈ, મોહનભાઈ, હેમચંદભાઈ, રતિલભાઈ ભાભોર, મુકેશભાઈ પ્રજાપતિ, વિગેરે મહાનુભાવો હાજર રહ્યા હતા.

# ધી અમદાવાદ એક્સ સર્વિસ મેન વેલ્ફેર એસોસિએશન દ્વારા વીરનારીઓ, શહીદ પરિવાર, પૂર્વ સૈનિકો અને તેમના પરિવારજનોના વાર્ષિક સંમેલનનું આયોજન અમદાવાદ ખાતે કરાયું

। (માહિતી) અમદાવાદ, તા.૧૦ ।

ધી અમદાવાદ એક્સ સર્વિસ મેન વેલ્ફેર એસોસિએશન દ્વારા વીરનારીઓ, શહીદ પરિવાર, પૂર્વ સૈનિકો, સ્વર્ગસ્થ પૂર્વ સૈનિકોના ધર્મપત્નીઓ અને તેમના પરિવારજનોના વાર્ષિક સંમેલનનું આયોજન નવરંગપુરા અમદાવાદ ખાતે કરાયું હતું. આ પ્રસંગે પ્રમુખ ધી ગુજરાત એક્સ સર્વિસ લીગ અને બ્રિગેડિયર જે. પી અંકલેસરિયાએ જણાવ્યું હતું કે માજી સૈનિક સંમેલનમાં હાજર રહીને આનંદની લાગણી અનુભવું છું સાથેજ તેમણે યુધ્ધમાં શહીદ થયેલા શૂરવીરોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી સાથેજ શૂરવીરોના બલિદાન પર દેશ હંમેશા ગર્વ કરશે તેમ તેમણે ઉમેર્યુ હતુ. આ કાર્યક્રમમાં યુદ્ધમાં વીરગતિ પામેલ સૈનિકોના વિરનારીઓ અને વીરમાતાઓનું સમ્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આશરે ૨૫૦ જેટલા આમંત્રિત વ્યક્તિઓ ઉપસ્થિત રહ્યાં હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતના ૧૭ શહીદ પરિવારોને તે ગુજરાત એક સર્વિસઝ લીગ તરફથી રૂપિયા ૨૦ હજારનો ચેક એનાયત કરવામાં આવ્યો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે તામારુ સ્વાસ્થ્ય સારૂં રહેશે. અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. તમારી ઉડાઉ જીવનશૈલી ઘરમાં તણાવનું કારણ બનશે, આથી રાત્રે મોડા સુધી બહાર રહેવાનું તથા અન્યો પર ખર્ચ કરવાનું ટાળો. તમારો પ્રેમ એક નવી ઊંચાઈએ પહોંચશે. તમારો દિવસ તમારા પ્રિયપાત્રના હાસ્ય સાથે શરૂ થશે તથા તેનો અંત એકમેકના સપનાંમાં થશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે સ્વાસ્થ્યની દષ્ટિએ તમારો દિવસ સારો રેહશે. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે તામારુ સ્વાસ્થ્ય બરાબર રહેશે. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. પરિવારની જરૂરિયાતો તરફ દુર્લક્ષ કરશો કેમ કે કામના સ્થળે તમે વધુ પડતું શ્રમ લઈ રહ્યા છો. આનંદ આપીને તથા ભૂતકાળની ભૂલોને માફ કરીને તમે તમારા જીવનને લાયક બનાવશો.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે બેચેનીને કારણે તમારી માનસિક શાંતિમાં ખલેલ પહોંચશે પરંતુ સમસ્યા ઉકેલવામાં તમારા મિત્ર ખૂબ જ મદદરૂપ થશે. તાણ ભગાવવા માટે શાતા પહોંચાડે તેવું સંગીત સાંભળો. આ વાત સારી રીતે સમજી લો કે દુઃખ ના સમય માં સંચિત ધન જ કામ માં આવશે તેથી આજ ના દિવસ થી પોતાનો ધન સંચય કરવા નો વિચાર બનાવો? તમારી મુલાકાતે આવનારા મહેમાનો તમારી સાંજ પર કબજો જમાવશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે કોઈ પણ ઈજા ન થાય તે માટે બેસતી વખતે ખાસ સંભાળવું. કેમ કે બેસવાની ઢબ ન માત્ર વ્યક્તિના વ્યક્તિત્વને નીખારે છે બલ્કે સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે હળવા થવા માટે તમારા નજીક ના મિત્રો સાથે સમય વિતાવજો. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે.

**તુલા (ર,ત) :**

આજે તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વતર્માન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને તમારા વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો. આજે કોઈ વિપ રીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. આજે તમારો પ્રેમ સોળે કળાએ ખીલશે અને એ દેખાડશ કે તમે કેવું સુંદર કામ કર્યુ છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજે તમે અનયોની ટીકા કરવામાં તમારો સમય વેડફશો નહીં, કારણ કે તેની અસર તમારા સ્વાસ્થ્ય પર પડી શકે છે. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. ઘરમાં કોઈપણ પ્રકારના ફેરફાર કરતા પૂર્વે તમારા વડીલોના સલાહ-સૂચન લો અન્યથા તેનાથી ગુસ્સો તથા નારાજગીને આમંત્રણ મળશે.

**મકર (ખ,જ) :**

આજે તમારે શક્ય હોય તો લાંબી મુસાફરી ટાળવી કારણ કે મુસાફરી કરવા માટે તમે ખૂબ જ નબળા છો અને આ મુસાફરી તમને વધુ નબળા પાડી શકે છે. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ? લાંબા સમયથી જેના સંપકર્માં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય વધુ ખર્ચ કરો એવી સંભાવના છે. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે. ઘર ના કોઈપણ સભ્ય ના વર્તન ને કારણે તમે પરેશાન થઈ શકો છો. તમારે તેમની સાથે વાત કરવા ની જરૂર છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમને સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ બેચેની લાવી શકે છે. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. મિત્રો તથા સંબંધીઓ તમારી તરફેણ કરશે અને તમે તેમની સોબતમાં ખાસ્સા ખુશ રહેશો. આજે તમારી કોઈ ખરાબ ટેવ તમારા પ્રેમી ને ખરાબ લાગી શકે છે અને તેઓ તમારી સાથે ગુસ્સે થઈ શકે છે.




હરિયાણાના હિસાર ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગુરુ જંભેશ્વર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતાં.

### કાંગપોક્પી જિલ્લામાં સુરક્ષા દળોએ મોરચો સંભાળ્યો

# મણિપુર હિંસા : કુકી સમુદાયનું બંધનું એલાન, જનજીવનને અસર

## પ્રદર્શનકારીઓ અને સુરક્ષા દળો વચ્ચે થયેલી અથડામણમાં ઓછામાં ઓછો એક વ્યક્તિનું મોત જ્યારે ૪૦ ઘાયલ થયા હતા

। (એજન્સી) ઇમ્ફાલ/ચુરાચંદપુર, તા.૧૦ ।

મણિપુરમાં સુરક્ષા દળો દ્વારા કાર્યવાહી સામે કુકી-ઝો સમુદાયે અનિશ્ચિતકાળ માટે બંધનું એલાન કરતાં સામાન્ય જનજીવન પ્રભાવિત થયું હતું. કાંગપોક્પી જિલ્લામાં રવિવારે પરિસ્થિતિ તંગ પણ શાંત રહી, જ્યાં શનિવારે કુકી-ઝો પ્રદર્શનકારીઓ અને સુરક્ષા દળો વચ્ચે થયેલી અથડામણમાં ઓછામાં ઓછો એક વ્યક્તિનું મોત જ્યારે ૪૦ ઘાયલ થયા હતા. ચુરાચંદપુર અને તેંગનોપાલ જિલ્લાના અન્ય કુકી-પ્રભુત્વ ધરાવતા વિસ્તારોમાં વિરોધીઓએ ટાયરો સળગાવીને પથ્થરોથી રસ્તાઓ બ્લોક કર્યા હતા. જો કે, સુરક્ષા દળોએ મોરચો સંભાળ્યો હતો અને બંધ રસ્તાઓ ખોલતા જોવા મળ્યા હતા.લોકોને ઘરમાં રહેવાની અપીલ રાજ્યના કુકી પ્રભુત્વ ધરાવતા વિસ્તારોમાં વ્યાપારિક મથકો બંધ રહ્યા અને રસ્તાઓ પર બહુ ઓછા વાહનો જોવા મળ્યા હતા. પ્રદર્શનકારીઓ લોકોને ઘરની અંદર રહેવાની અપીલ કરતા જોવા મળ્યા. એક જિલ્લા અધિકારીએ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૨ (ઈમ્ફાલ-દિમાપુર રોડ) પર ગામીફિયાઈ અને જિલ્લાના અન્ય ભાગોમાં વધારાના સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા છે અને કાયદો અને વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે.અનિશ્ચિત સમયના બંધને સમર્થન મણિપુરમાં કુકી-ઝો સંગઠન ધ ઈન્ડિજિનસ ટ્રાઈબલ લીડર્સ ફોરમ દ્વારા બોલાવવામાં આવેલા અનિશ્ચિત સમયના બંધને સમુદાયના પ્રભુત્વ ધરાવતા તમામ ક્ષેત્રોમાંથી સમર્થન મળ્યું છે. એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'કુકી-ઝો પ્રભુત્વ ધરાવતા વિસ્તારોમાંથી મેઈતેઈ લોકોના અવરજવરને મંજૂરી આપવાના ભારત સરકારના નિર્ણયને કારણે કાંગપોક્પીમાં આંદોલન અને વિરોધ પ્રદર્શન થયું હતું. સુરક્ષા દળોએ પ્રદર્શનકારીઓ પર બળપ્રયોગ કર્યો હતો.

## ન્યૂઝ બ્રિફ

### ટેક્સદરોમાં વધુ ઘટાડાનો નાણામંત્રીએ આપ્યા સંકેત



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારામને જણાવ્યું હતું કે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST)ના દરોને તર્કસંગત બનાવવાની કામગીરી પૂરી થવા આવી હોવાથી જીએસટીના દરોમાં વધુ ઘટાડો થશે. જીએસટીનો જુલાઈ ૨૦૧૭માં અમલ કરાયો ત્યારે રિવન્યૂ ન્યુટ્રલ રેટ ((RNR) ૧૫.૮ ટકા હતો, જે ૨૦૨૩માં ઘટી ૧૧.૪ ટકા થયો હતો અને તેમાં વધુ ઘટાડો થશે. દિલ્હીમાં એક મીડિયા કાર્યક્રમમાં બોલતા નાણાંમંત્રી સીતારામને જણાવ્યું હતું કે GST સ્લેબને સરળ બનાવવાનું કામ લગભગ પૂર્ણ થઈ ગયું છે. આ અંગે GST કાઉન્સિલ ટૂંક સમયમાં અંતિમ નિર્ણય લે તેવી અપેક્ષા છે. હાલના તબક્કે પ્રધાનોના જૂથ (જીઓએમ)એ ઉત્કૃષ્ટ કામગીરી કરી છે. હવે આવા તમામ પ્રધાનોના ગ્રૂપની સમીક્ષા કરાશે આ પછી અંતિમ નિર્ણય કરવા માટે કાઉન્સિલ સમક્ષ આ દરખાસ્ત રજૂ કરાશે. જીએસટી દરો અને સ્લેબમાં ફેરફાર સૂચવવા માટે સપ્ટેમ્બર ૨૦૨૧માં ઍની સ્થાપના કરવામાં આવી હતી. આ સમિતિમાં છ રાજ્યોના નાણામંત્રીઓનો સમાવેશ થાય છે અને તે કર પ્રણાલીને વધુ કાર્યક્ષમ બનાવવા પર કામ કરી રહી છે. તર્કસંગતકરણ પ્રક્રિયામાં ટેક્સ સ્લેબની સંખ્યા ઘટાડો, દરોને સુવ્યવસ્થિત કરવા અને વિવિધ ઉદ્યોગો દ્વારા ઉઠાવવામાં આવેલી મુખ્ય ચિંતાઓનો ઉકેલ લાવવાનો સમાવેશ થાય છે.

### મહાકુંભનું પાણી સ્નાન માટે યોગ્ય હતું : પ્રદૂષણ બોર્ડ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

મહાકુંભ દરમિયાન પાણીની ગુણવત્તા સ્નાન માટે સારી ન હોવાના અહેવાલો આપ્યા બાદ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB) એ હવે નવા અહેવાલમાં પલટી મારી છે. CPCBએ દાવો કર્યો છે કે, આંકડાકીય વિશ્લેષણ મુજબ પ્રયાગરાજમાં મહાકુંભ દરમિયાન સંગમ ખાતે પાણીની ગુણવત્તા 'સ્નાન માટે યોગ્ય' હતી. જો કે, આ રિપોર્ટ ૧૭ ફેબ્રુઆરીના રોજ રજૂ કરાયેલા રિપોર્ટથી તદ્દન વિપરીત છે. જેમાં જણાવાયું હતું કે, પ્રયાગરાજમાં અનેક સ્થળોએ ફેકલ (મળ) કોલિફોર્મનું સ્તર ઊંચું ૨૮ ફેબ્રુઆરીના રોજ રજૂ કરાયેલા નવા અહેવાલમાં પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે જણાવ્યું હતું કે, ડેટામાં વિસંગતતાઓને કારણે આંકડાકીય વિશ્લેષણ જરૂરી હતું કારણ કે એક જ સ્થળેથી અલગ અલગ તારીખે અને એક જ દિવસે અલગ અલગ સ્થળોએથી એકત્રિત કરાયેલા સેમ્પલ ડેટામાં વિવિધતા હતી, જે નદીના પાણીની એકંદર ગુણવત્તાને દર્શાવતી નહોતી. નવા અહેવાલમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે, એક એક્સપર્ટ કમિટીએ ડેટા વિવિધતાના મુદ્દાનું વિશ્લેષણ કરીને એનાલિસિસ કર્યુ હતું કે, તારણો ચોક્કસ સ્થાન અને સમયે પાણીની ગુણવત્તાનો માત્ર એક સ્નેપશોટ દર્શાવે છે.

### રાહુલ અને પંડ્યાના કર્યા વખાણ

# રિટાયર થવાના સવાલ પર રોહિતનું મોટું નિવેદન

## રોહિત શર્માએ મેચ બાદ રિટાયર થવાના સવાલ પર કહ્યું કે, કોઈ ફ્યૂચર પ્લાન નથી, જેવું ચાલી રહ્યું છે ચાલશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની ફાઈનલમાં ભારતીય ટીમે ન્યૂઝીલેન્ડને ૪ વિકેટથી હરાવ્યું છે. આ જીત બાદ ભારતીય કેપ્ટન રોહિત શર્માએ પોતાના રિટાયરના સવાલ પર એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે, જેવું ચાલી રહ્યું છે એવું જ ચાલતું રહેશે.કેપ્ટન રોહિત શર્માએ એ પણ સ્પષ્ટ કરી દીધું છે કે, તેઓ વનડે ફોર્મટ પણ છોડવાના નથી. ૩૭ વર્ષના રોહિત શર્માએ મેચ બાદ રિટાયર થવાના સવાલ પર કહ્યું કે, 'કોઈ ફયૂચર પ્લાન નથી. જેવું ચાલી રહ્યું છે ચાલશે. હું આ ફોર્મેટ (વનડે)થી રિટાયર નથી થઈ રહ્યો. કોઈ અફવા ન ફેલાવે.'હિટમેન રોહિત શર્માએ ફાઈનલ મેચમાં ૪૧ બોલમાં ફિફ્ટી ફટકારી. મેચમાં કેપ્ટન રોહિત ૮૩ બોલમાં ૭૬ રન બનાવીને આઉટ થયો. પોતાની ઈનિંગમાં તેણે કુલ ૩ છગ્ગા અને ૭ ચોગ્ગા લગાવ્યા. રોહિતને રચિન રવીન્દ્રએ આઉટ કર્યો. તેમણે રોહિતને વિકેટકીપર ટોમ લેથમના હાથે સ્ટમ્પિંગ આઉટ કરાવ્યો.કેપ્ટન રોહિતે ફાઈનલ પછી કહ્યું કે, 'હું તે તમામનો આભાર માનું છું, જેમણે અહીં અમારું સમર્થન કર્યુ. આ અમારું હોમ ગ્રાઉન્ડ નથી, પણ તેમણે તેને અમારું હોમ ગ્રાઉન્ડ બનાવી દીધું. અમને રમતા જોવા અને અમને જીત અપાવવા માટે અહીં આવેલા ચાહકોની સંખ્યા સંતોષકારક હતી. જ્યારે તમે આવી પિચ પર રમી રહ્યા હોઈએ છીએ, ત્યારે ઘણી અપેક્ષાઓ



હોય છે. અમે તેમની શક્તિઓને સમજીએ છીએ અને તેનો લાભ લઈએ છીએ.'રોહિતે કહ્યું, 'તેનું (કેએલ રાહુલ) મન ખૂબ જ મજબૂત છે. તે ક્યારેય પ્રેશરથી ચિંતામાં મૂકાતો નથી. એટલા માટે અમે તેને મિડલ ઓર્ડરમાં રાખવા માંગતા હતા. જ્યારે તે બેટિંગ કરે છે અને સ્થિતિના હિસાબથી યોગ્ય શોટ રમે છે, ત્યારે તે હાર્દિક પંડ્યા જેવા બેટ્સમેનોને મુક્તપણે રમવાની સ્વતંત્રતા આપે છે.રોહિત કહે છે, 'જ્યારે અમે આવી પીચો પર રમીએ છીએ, ત્યારે અમે ઈચ્છીએ છીએ કે બેટ્સમેન કંઈક અલગ કરે. તેણે (વરુણ ચક્રવર્તીએ) ટૂર્નામેન્ટમાં અમારા માટે શરૂઆત સારી નહોતી કરી, પરંતુ જ્યારે તેઓ ન્યૂઝીલેન્ડ સામે રમ્યાં અને ૫ વિકેટ લીધી, ત્યારે અમે તેનો મહત્તમ ઉપયોગ કરવા માંગતા હતા. તેની બોલિંગમાં ઉત્તમ ગુણવત્તા છે. હું ચાહકોનો ખૂબ આભારી છું.રોહિત શર્માએ ફાઈનલમાં પોતાની વિસ્ફોટક બેટિંગ વિશે કહ્યું, 'ખરેખર સારું લાગે છે. અમે આખી ટૂર્નામેન્ટ દરમિયાન ખૂબ સારું રમ્યા.

### ૧૨ માર્ચના રોજ 'સ્પેસએક્સ ડ્રેગન' લોન્ચ કરાશેઃ નાસા

# અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ-વિલ્મોર આવતાં અઠવાડિયે પૃથ્વી પર પાછા ફરશે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૦ ।

છેલ્લા ૯ મહિનાથી ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં ફસાયેલા અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ અને બેરી વિલ્મોર ટૂંકમાં જ પૃથ્વી પર પગ મુકે તેવી આશા જન્મી છે. નાસાએ જણાવ્યું હતું કે, 'સ્પેસએક્સ ડ્રેગન' આવતા અઠવાડિયે જ લોન્ચ કરવામાં આવશે અને વિલિયમ્સ અને વિલ્મોર ૧૬ માર્ચ સુધીમાં પૃથ્વી પર પાછા ફરશે. ઉલ્લેખનીય છે કે, અવકાશમાં રીસર્ચ માટે માત્ર ૮ દિવસ માટે ગયેલા બંને અવકાશયાત્રી જૂન ૨૦૨૪થી ISS પર ફસાયેલા છે. તેમની સાથે અન્ય બે નાસા અવકાશયાત્રી નિક હેગ અને રોસકોસ્મોસ અવકાશયાત્રી એલેક્ઝાન્ડર ગોર્બુનોવ પણ હતા. અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, અમે તમને લેવા આવી રહ્યા છીએ. તમારે આટલા સમય સુધી ત્યાં રહેવું જોઈતું ન હતું. ૧૨ માર્ચે સ્પેસએક્સ ફાલ્કન ૯ રોકેટ સાથે



ડ્રેગન સ્પેસક્રાફ્ટ ચાર અવકાશયાત્રી એન મેકક્લેન, નિકોલ આયર્સ, જાપાન એરોસ્પેસ એક્સપ્લોરેશન એજન્સી (JAXA) અવકાશયાત્રી તાકુયા ઓનિશી અને રોસકોસ્મોસ કિરીલ પેસ્કોવને લઈને ISS જશે. આ રોકેટ ફ્લોરિડામાં નાસાના કેન્નેડી સ્પેસ સેન્ટર ખાતે લોન્ચ કોમ્પ્લેક્સ ૩૯છથી ઉડાન ભરશે. આ ફ્લાઈટ સ્પેસએક્સ સાથે સ્પેસ સ્ટેશન પર ૧૦મું ક્રૂ રોટેશન મિશન છે અને નાસાના કોમર્શિયલ ક્રૂ પ્રોગ્રામના ભાગ રૂપે ૧૧મી હ્યુમન સ્પેસફ્લાઈટ છે.

### મહિલાઓને એક હત્યાની છૂટ હોવી જોઈએ

# શરદ પવારની પાર્ટીના મહિલા નેતાનો રાષ્ટ્રપતિ મુર્મૂને પત્ર

। (એજન્સી) મુંબઈ, તા.૧૦ ।

એનસીપી (શરદ પવાર જૂથ)ની મહિલા શાખાના અધ્યક્ષ રોહિણી ખડસેએ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂને પત્ર લખ્યો છે. જેમાં તેમણે માંગ કરી છે કે મહિલાઓને તેમના પર થતાં અત્યાચાર વિરુદ્ધ લડવા માટે એક હત્યાની છૂટ આપવી જોઈએ. નોંધનીય છે કે શરદ પવારની પાર્ટીની મહિલા શાખાના અધ્યક્ષ રોહિણી ખડસેએ ઈન્ટરનેશનલ વિમેન્સ ડે પર આ પત્ર રાષ્ટ્રપતિને લખ્યો છે. જેમાં તેમણે કહ્યું કે, મહિલાઓ પર દમનકારી માનસિકતા, દુષ્કર્મ વાળી માનસિકતા અને નિષ્ક્રીય કાયદો વ્યવસ્થાની પ્રવૃત્તિને ખતમ કરવા ઈચ્છે છે. આ પત્ર મુંબઈમાં ૧૨ વર્ષની સગીરા સાથે થયેલા સામૂહિક દુષ્કર્મના સંદર્ભમાં લખ્યો છે. તેમની માંગ છે કે ભારતમાં મહિલાઓ વિરુદ્ધ ગુના વધી રહ્યા છે તેથી આત્મરક્ષા માટે એક હત્યાની અનુમતિ આપવી જોઈએ. ખડસેએ પત્રમાં લખ્યું છે કે, અમે તમામ મહિલાઓ



તરફથી એક હત્યાની છૂટની માગ કરી રહ્યા છીએ. આ પત્રનો ઉદ્દેશ્ય રાજ્યની કાયદો વ્યવસ્થાની સ્થિતિને લઈને રાજ્ય સરકાર પર પ્રહાર કરવાનો છે. તેમણે એક સર્વે રિપોર્ટનો પણ હવાલો આપ્યો છે, જેમાં જણાવાયું છે કે, ભારત મહિલાઓ માટે સૌથી અસુરક્ષિત દેશ છે, કારણ કે મહિલાઓ વિરૂદ્ધ અપહરણ અને ઘરેલૂ હિંસા સહિતના અનેક ગુના થઈ રહ્યા છે. ખડસેએ કહ્યું કે, અમને આશા છે કે, અમારી માગ પર ગંભીરતાથી વિચાર કર્યા બાદ તેનો સ્વીકાર કરી લેવાશે. બીજી તરફ મહારાષ્ટ્રના મંત્રી ગુલાબરાવ પાટિલે શનિવારે સલાહ આપી કે, મહિલાઓએ પોતાના પર્સમાં લિપસ્ટિકની સાથે મરચાંનો પાઉડર અને રામપુરી છરી પણ રાખવી જોઈએ.

### GST માળખું સજા જેવું ન લાગે તેવું સરળ બનાવો




। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

GSTના દરમાં ઘટાડો કરવાના સ્પષ્ટ સંકેત નાણામંત્રી નિર્મલા સીતારામને આપ્યા છે. GSTના માળખામાં પરિવર્તનની જરૂરિયાત પર ભાર મૂકતા કોંગ્રેસે માત્ર દર ઘટાડવાના બદલે તેને વધારે સર્વગ્રાહી બનાવવા માગણી કરી હતી. GST ૨.૦માં કર માળખાને સરળ તથા સજા જેવું ન લાગે તેનું ધ્યાન રાખવા કોંગ્રેસે માગણી કરી છે. પોપકોર્ન અને બન જેવી વસ્તુઓ પર અલગ-અલગ કર માળખાનું ઉદાહરણ આપી કોંગ્રેસે આ પ્રકારની વિસંગતતાઓ દૂર કરવા જણાવ્યુ હતું. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે GST બાબતે પક્ષનું વલણ સ્પષ્ટ કરતાં કહ્યું હતું કે, હવે નિર્ણય કેન્દ્ર સરકારે કરવાનો છે. નાણા મંત્રી ટૂંક સમયમાં GSTના દરમાં ઘટાડો કરવાનું આશ્વાસન આપ્યું છે ત્યારે GSTમાં પરિવર્તનની પ્રક્રિયા માત્ર દર ઘટાડા સુધી મર્યાદિત ન રહે તેનું ધ્યાન રાખવું જોઈએ. ઉદાહરણ તરીકે, પોપકોર્ન પર ત્રણ અલગ-અલગ દર લાગી રહ્યા છે. GSTના દરમાં મૂળભૂત સુધારો કરવાના બદલે માત્ર કેરેમલ પોપકોર્ન પર કર ઘટાડવાની પ્રક્રિયા માત્ર દેખાડા સમાન બની રહેશે. GST ૨.૦માં કર માળખાને અતિશય સરળ તથા ભાર રહિત બનાવવાની જરૂર છે. GST ૨.૦માં ટેક્સ સ્લેબને સરળ બનાવવો જોઈએ. ક્રીમ બન અન રેગ્યુલર બન તથા પોપકોર્નમાં લાગતા અલગ-અલગ પ્રકારના કર માળખા જેવી વિસંગતતાઓ માત્ર હિમશિલાની ટોચ સમાન હોવાનું જણાવતા જયરામ રમેશે ઉમેર્યુ હતું કે, નરેન્દ્ર મોદી સરકારના પૂર્વ મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણિયન પોતે સ્વીકારી ચૂક્યા છે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ તથા સેસમાં ૧૦૦ અલગ-અલગ પ્રકારના દર છે. આ પ્રકારની જટિલતાથી વહીવટીતંત્ર તથા ઉદ્યોગકારો પર ભારણ વધે છે. GSTનું સરળીકરણ કરી તેને વાસ્તવિક અર્થમાં ગુડ એન્ડ સિમ્પલ ટેક્સ બનાવવો જોઈએ. જટિલ કર માળખાના કારણે રૂ.૨.૦૧ લાખ કરોડની જીએસટી ચોરી થયેલી છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૩ના બજેટ કરતાં બમણી છે. ૨૦૨૩માં ૧.૦૧ લાખની કર ચોરી થઈ હતી. GSTમાં ગોલમાલ કરી રહેલા ૧૮,૦૦૦ એકમો પકડાયા છે અને હજુ ઘણાં પકડાવાના બાકી છે.

### હવે પાસપોર્ટ પર નહિ દેખાય તમારું સરનામું

# ભારતીય પાસપોર્ટને લઈને કેટલાક નિયમોમાં ફેરફાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

કેન્દ્ર સરકારે પાસપોર્ટ સંબંધિત કેટલાક મહત્વપૂર્ણ નિયમોમાં ફેરફાર કર્યા છે. પાસપોર્ટ સંબંધિત નિયમો હવે પહેલા કરતા વધુ કડક થઈ ગયા છે અને સાથે જ તમારી પ્રાઈવસીનું પણ પૂરેપૂરું ધ્યાન રાખવામાં આવ્યું છે. દસ્તાવેજોને લગતા નિયમો પહેલા કરતા વધુ કડક થઈ ગયા છે, હવે તમારા પાસપોર્ટ પર તમારું પૂરું સરનામું લખવામાં આવશે નહીં, તેના બદલે એક બાર કોડ હશે. સરનામાની જગ્યાએ એક બારકોડ હશે જેને સ્કેન કર્યા પછી માત્ર અધિકારીઓ જ આ માહિતી મેળવી શકશે, આ વખતે માત્ર સંબંધિત અધિકારીઓ જ કોડ સ્કેન કરીને સંપૂર્ણ માહિતી મેળવી શકશે. આ ઉપરાંત કેન્દ્ર સરકારે પાસપોર્ટ સેવા કેન્દ્ર વધારવાનો પણ નિર્ણય લીધો છે. ચાલો જાણીએ પાસપોર્ટને લઈને કયા નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. બર્થ સર્ટિફિકેટને લઈને એક




મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે, હવે ઑક્ટોબર ૨૦૨૩ પછી જન્મેલા લોકોએ તેમના જન્મ પ્રમાણપત્રની તારીખ તરીકે જન્મ પ્રમાણપત્ર આપવું પડશે. જો કે, જે લોકો આ પહેલા જન્મ્યા છે, તેઓ જન્મ તારીખના પ્રમાણપત્ર તરીકે અન્ય પ્રમાણપત્રો પ્રદાન કરી શકશે, જેમાં પાન કાર્ડ, ડ્રાઈવિંગ કાર્ડ જેવા અન્ય દસ્તાવેજો શામેલ છે. તમારી ગોપનીયતાને ધ્યાનમાં રાખીને, તમારું સરનામું હવે પાસપોર્ટ પર લખવામાં આવશે નહીં, તેને બાર કોડ દ્વારા બદલવામાં આવશે. આ બાર કોડ સ્કેન કરીને અધિકારીઓ તમારું સરનામું જોઈ શકશે. આ ઉપરાંત પાસપોર્ટની ઓળખ માટે કલર કોડ પણ શરૂ કરવામાં આવ્યો છે, જેમાં સરકારી અધિકારીઓ માટે સફેદ પાસપોર્ટ, રાજદ્વારીઓ માટે લાલ પાસપોર્ટ અને સામાન્ય નાગરિકો માટે વાદળી પાસપોર્ટ હશે. અત્યાર સુધી પાસપોર્ટ પર માતા-પિતાનું નામ આપવું ફરજિયાત હતું, પરંતુ હવે એવું નહીં થાય. સિંગલ પેરેન્ટ્સ હોય તેવી પરિસ્થિતિઓમાં આ નિયમ અસરકારક સાબિત થશે. આ ઉપરાંત પાસપોર્ટ સેવાને ઝડપી બનાવવા માટે કેન્દ્ર સરકાર ૪૪૨ સેવા કેન્દ્રોને બદલે ૬૦૦ પાસપોર્ટ સેવા કેન્દ્રો લાવવાની પણ તૈયારી કરી રહી છે. આગામી પાંચ વર્ષમાં દેશમાં ૬૦૦ પાસપોર્ટ સેવા કેન્દ્રો જોવા મળી શકે છે.

### અમેરિકામાં વ્હાઈટ હાઉસ પાસે ફાયરિંગ

# વ્હાઈટ હાઉસ પાસે સીક્રેટ સર્વિસે શખસને મારી ગોળી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૦ ।

અમેરિકાના વોશિંગ્ટનમાં વ્હાઈટ હાઉસ પાસે ફાયરિંગની ઘટના બની છે, જેમાં સીક્રેટ સર્વિસના અધિકારીઓએ બંદૂક લઈને આવેલા શખસને ગોળી મારી છે. આ ઘટના રવિવારે મોડી રાત્રે બની હતી, જોકે આ દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ફ્લોરિડામાં હતાં. વાસ્તવમાં સીક્રેટ સર્વિસના અધિકારીઓને માહિતી મળી હતી કે, વ્હાઈસ પાસે આવેલો વ્યક્તિ આત્મઘાતી છે, તેથી તેઓએ શખસની પૂછપરછ કરી અને અચાનક અથડામણ થયા બાદ ફાયરિંગ થયું હતું. સૂત્રોના જણાવ્યા મુજબ બંદૂક લઈને આવેલો વ્યક્તિ ઈન્ડિયાનાથી આવ્યો હતો. રિપોર્ટ મુજબ સીક્રેન સર્વિસને લોકલ પોલીસે માહિતી આપી હતી કે, ફાયરિંગ કરનાર વ્યક્તિ જેવો જ મળતો ચહેરો અને તેની કાર વ્હાઈટ પાસે જોવા મળી હતી. ત્યારબાદ અધિકારીઓએ આ કાર્યવાહી કરી હતી. એવું કહેવાય છે કે, સીક્રેટ સર્વિસના અધિકારીઓને માહિતી મળ્યા બાદ તેઓ શખસ પાસે ગયા હતા. આ દરમિયાન અધિકારીઓએ તેની પૂછપરછ કરતા તે વ્યક્તિએ અધિકારીઓને બંદૂક દેખાડી હતી. જોકે હજુ સુધી સ્પષ્ટ નથી કે, તે શખસે અધિકારીઓ પર ફાયરિંગ કરવાનો પ્રયાસ કર્યો હતો કે નહીં.

### હરિત ઊર્જા-વિનિયોગને વેગ આપવા

# ઉદ્યોગોને ગ્રીન એનર્જી પૂરી પાડવાની રાજ્ય સરકારની નેમ છેઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

## સી.આઈ.આઈ. ગુજરાતની એન્યુઅલ મિટમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનું પ્રેરક સંબોધન



। ગાંધીનગર, તા.૧૦ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે હરિત ઊર્જાને વેગ આપવા રાજ્યમાં ઉદ્યોગોને પણ ગ્રીન એનર્જી પૂરી પાડવાની નેમ વ્યક્ત કરી છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે રાજ્ય સરકારે એગ્રીકલ્ચર સેક્ટરમાં ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપ્યું છે, તેવી જ રીતે હવે ઈન્ડસ્ટ્રીયલ સેક્ટરમાં પણ વધુને વધુ ઉદ્યોગોને ગ્રીન એનર્જીના ઉપયોગ તરફ વાળવા છે. મુખ્યમંત્રીશ્રી સી.આઈ.આઈ. ગુજરાત આયોજિત એન્યુઅલ મિટ-૨૦૨૫માં સંબોધન કરી રહ્યા હતા. આ મિટિંગમાં 'વિકસિત ગુજરાત-પાવરિંગ અ પ્રોસ્પરસ ઈન્ડિયા'ની વિષયવસ્તુ સાથે ચર્ચા-સત્રો પણ યોજવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ તકે સ્પષ્ટપણે જણાવ્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશનો મિજાજ બદલાયો છે અને હવે મોટા સંકલ્પો, મોટા લક્ષ્યો સાથે વિકસિત ભારત માટે સૌ સજ્જ બની રહ્યા છે. તેમણે કહ્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગ્રીન એનર્જી ઉત્પાદન અને વિનિયોગને પ્રોત્સાહિત કરવાનો અભિગમ અપનાવ્યો છે. ગુજરાત વડાપ્રધાનશ્રીના આ અભિગમને સાકાર કરવા સંકલ્પબદ્ધ છે. ગત વાયબ્રન્ટ સમિટમાં ગ્રીન એનર્જીને પ્રાધાન્ય આપીને કુલ એમ.ઓ.યુ.માંથી અડધો અડધ એમ.ઓ.યુ. આ ક્ષેત્ર માટે કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે ગ્રીન એનર્જીથી ગ્રીન ગ્રોથનો સંકલ્પ પાર પાડવા રાજ્યની કોઈ એક ઔદ્યોગિક વસાહત – જી.આઈ.ડી.સી.ને સંપૂર્ણ પણે ગ્રીન એનર્જી આધારિત ઉદ્યોગો ધરાવતી જી.આઈ.ડી.સી. બનાવવાની દિશામાં સરકાર આગળ વધવા માંગે છે. તેમણે એમ પણ જણાવ્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગ્લોબલ ડેવલપમેન્ટ માટે ભારતે લીડ લેવાનો આ સમય સહી સમય છે તેવું આહવાન કર્યું છે.

# આર્ય સમાજ ગૌ - કૃષિની રક્ષા માટે સતત પ્રયત્નશીલ રહે : આચાર્ય દેવવ્રત

। ગાંધીનગર, તા.૧૦ ।

યુગપ્રવર્તક, સમાજ સુધારક અને આર્યસમાજના સ્થાપક મહર્ષિ દયાનંદ સરસ્વતીજીની ૨૦૦મી જયંતિ અને આર્યસમાજની સ્થાપનાના ૧૫૦મા વર્ષની ઉજવણી અંતર્ગત દેશભરમાં આર્ય સમાજ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. એ ક્રમમાં હરિયાણાના દયાનંદમઠ, રોહતકમાં આર્ય મહાસંમેલનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારંભની અધ્યક્ષતા ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કરી, જ્યારે હરિયાણાના રાજ્યપાલ શ્રી બંડારૂ દત્તાત્રેયજી અને હરિયાણાના શિક્ષણ મંત્રી શ્રી મહિપાલ ઢાંડાજી મુખ્ય અતિથિ તરીકે રહ્યા હતા. ગુજરાતના



રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ મહર્ષિ દયાનંદની જન્મભૂમિ ટંકારામાં ગયા વર્ષે ફેબ્રુઆરીમાં યોજાયેલા ભવ્ય કાર્યક્રમની સરાહના કરી. તેમણે કહ્યું કે, મહર્ષિ દયાનંદ સરસ્વતીજીની ૨૦૦મી જન્મજયંતિ પર દેશભરમાં આર્યસમાજ દ્વારા સંચાલિત નવજાગરણ અભિયાન પ્રશંસનીય છે. તેમણે મહર્ષિ દયાનંદજીના છઠ્ઠા નિયમને યાદ કરાવતાં જણાવ્યું કે, સમાજ માટે હંમેશા ઉપકારક કરવું એ આર્યોનું મુખ્ય કાર્ય છે. શ્રી આચાર્ય દેવવ્રતજીએ સ્ત્રીશિક્ષણ માટે મહર્ષિ દયાનંદજીની મૂલ્યવાન શિક્ષણપદ્ધતિને સ્થાપિત કરવા પર ભાર મૂકતાં કહ્યું કે મહર્ષિ દયાનંદના સિદ્ધાંતો દ્વારા નારી ઉન્નતિ ઝડપથી થઈ છે, મહિલા શિક્ષણને આગળ ધપાવવું જરૂરી છે. તેમણે આર્યસમાજને ગૌ, કૃષિ અને પર્યાવરણના સંરક્ષણ માટે વધુ પ્રયત્નશીલ રહેવાની અપીલ કરી હતી. તેમણે કેન્સર જેવી ગંભીર બીમારીઓથી ઉભરાઈ રહેલા દવાખાનાઓને જોઈ દુઃખ વ્યક્ત કર્યું અને આર્યસમાજને આ દિશામાં ઉદ્દીપક તરીકે કામ કરવા માટે આહ્વાન કર્યું હતું. પ્રાકૃતિક ખેતીની આવશ્યકતા પર ભાર મૂકતાં તેમણે કહ્યું હતું કે, ગ્લોબલ વૉર્મિંગના ખતરાને અવગણી શકાય તેમ નથી. તેમણે જણાવ્યું કે, રાસાયણિક ખેતી, ખાસ કરીને યુરિયા અને ડી.એ.પી.ના અંધાધુંધ ઉપયોગથી બીમારીઓ વધી રહી છે અને સારવારનો ખર્ચ પણ વધતો જાય છે. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'રાષ્ટ્રીય પ્રાકૃતિક ખેતી મિશન'ની જાહેરાત કરીને પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન અને પ્રાધાન્ય આપ્યું છે. આ મિશન માટે તેમણે ૧૪૮૧ કરોડ રૂપિયાની ફાળવણી પણ કરી છે. સાહિવાલ ગાય - દેશી ગાયના ઉપયોગથી થતી પ્રાકૃતિક ખેતી ખેડૂતો માટે સસ્તી અને વધુ અસરકારક છે.

# તાંત્રિક વિધિના નામે બાળકીનું કુહાડીથી ભુવાએ ગળુ કાપ્યું

। બોડેલી, તા.૧૦ ।

અંધશ્રદ્ધા અને તાંત્રિક વિધિના નામે હચમચાવી નાખે તેવી ઘટના સામે આવી છે. જેમાં બોડેલી તાલુકાના પાણેજ ગામમાં તાંત્રિક વિધિના નામે બાળકીની હત્યા કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ પાણેજ ગામમાં આરોપી તાંત્રિક લાલુ તડવી બાળકીના ઘરની સામે જ રહેતો હતો. જેણે અંધશ્રદ્ધાના નામે ભૂવાએ કુહાડી વડે બાળકીનું ગળું કાપી નાખ્યું હતું. ત્યારે આ બાળકીનો મૃતદેહ અથામણા ફળિયામાં જુના આવાસના મકાનમાંથી મળી આવ્યો હતો. આરોપી લાલુ તડવી તાંત્રિક વિધિ માટે બાળકીને ઝૂંપડીમાં લઈ ગયો હતો. જ્યાં તેણે તાંત્રિક વિધિના અનમે પાંચ વર્ષની બાળકીની હત્યા કરી હતી. જ્યા તેણે અંધશ્રદ્ધાના નામે ભૂવાએ કુહાડી વડે બાળકીનું ગળું કાપી નાખ્યું હતું. આ ઘટનાને તાંત્રિક વિધિનો એક ભાગ ગણાવતો હતો. ત્યારે બાળકીની બલિ આપ્યા બાદ તેના નાના ભાઈને પણ બલિ માટે લઈ જઈ રહ્યો હતો. આ દરમિયાન ગ્રામજનોની નજર ભૂવા પર પડી હતી. ત્યારે બાળકને બચાવી લઈ પોલીસને ઘટના અંગે ગામલોકોએ જાણ કરી હતી. જે બાદ પોલીસે મામલતદાર સાથે ઘટના સ્થળે પહોંચીને સમગ્ર કાર્યવાહી શરૂ કરી હતી.

# રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૭૮મી પુણ્યતિથિ નિમિત્તે એમની 'શૌર્યભૂમિ' ધંધુકા ખાતે ત્રિવિધ કાર્યક્રમ યોજાયો



। અમદાવાદ, તા.૧૦ ।

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૭૮મી પુણ્યતિથિ નિમિત્તે એમની શૌર્યભૂમિ ધંધુકા સ્થિત રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સંગ્રહાલય ખાતે ગુજરાત રાજ્યના પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જના મંત્રી શ્રી મુળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં ત્રિવિધ કાર્યક્રમ યોજાયો હતો.

નવી પેઢી આપણી ગૌરવવંતી સંસ્કૃતિ-સાહિત્ય-સંગીતની મહામૂલી વિરાસતથી પરિચિત-પ્રેરિત થાય તેમજ રાષ્ટ્રભાવના-દેશપ્રેમ જાગૃત થાય તે આશયથી ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણી દ્વારા આ પ્રેરક આયોજન-સંયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત ઝવેરચંદ મેઘાણીએ ૧૯૨૮માં રચેલું અમર કાવ્ય ચારણ-કન્યા આધારિત ગુજરાતનો સર્વપ્રથમ અનન્ય અને અનોખો થીમ પાર્ક ચારણ-કન્યા વાટિકા (ગીરની વાતો)નું લોકાર્પણ કરવામાં આવ્યું છે. પિનાકી મેઘાણીની પરિકલ્પના થકી કવિતાની સ્મૃતિરૂપે સર્વપ્રથમ વખત જ આવું પ્રેરક નિર્માણ કરાયું છે.

આ અવસરે એક પેડ માઁ કે નામ અંતર્ગત ગુજરાત સરકારના વન વિભાગ દ્વારા વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. આ પંથકમાં સર્વપ્રથમ મહાત્મા ગાંધીની મનોરમ્ય પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી આયોજિત મેઘાણી વંદના (કસુંબલ લોકડાયરો)માં ગુજરાતના ખ્યાતનામ લોકકલાકારો અભેસિંહ રાઠોડ, ધીરુભાઈ સરવૈયા, રાધાબેન વ્યાસ અને પંકજ ભટ્ટે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સ્વરચિત ગીતો તેમજ સંશોધિત-સંપાદિત પ્રાચીન લોકગીતો-ભજનોની રમઝટ બોલાવીને સહુને ડોલાવી દીધા હતા.

આ પ્રસંગે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના જીવન અને કાર્ય સાથે સંકળાયેલાં વિવિધ સ્મૃતિ-સ્થળોને સુયોગ્ય રીતે વિકસાવીને જીવંત કરવા બદલ ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકી મેઘાણીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, મંત્રી શ્રી મુળુભાઈ બેરા તેમજ ગુજરાત સરકારનો હૃદયથી આભાર માન્યો છે.

# સાબરમતી-યોગનગરી ઋષિકેશ યોગા એક્સપ્રેસ અને દૌલતપુર ચોક-સાબરમતી એક્સપ્રેસ પરિવર્તિત માર્ગથી ચાલશે

। અમદાવાદ, તા.૧૦ ।

અમદાવાદ ડિવિઝનના મહેસાણા-પાલનપુર સેક્શન પર કામલી અને ઊંઝા સ્ટેશનો વચ્ચે સ્થિત બ્રિજ નં. ૯૨૬ ના પુનર્નિર્માણ હેતુ એન્જિનિયરિંગ કાર્યને કારણે સાબરમતી-યોગનગરી ઋષિકેશ-સાબરમતી એક્સપ્રેસ અને દૌલતપુર ચોક-સાબરમતી એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ થી ચાલશે અને ઊંઝા અને સિદ્ધપુર સ્ટેશનો પર જશે નહીં. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છેઃ-

૧. ૧૧ માર્ચ ૨૦૨૫ ના રોજ સાબરમતી થી ઉપડનારી ટ્રેન સંખ્યા ૧૯૦૩૧ સાબરમતી-યોગનગરી ઋષિકેશ યોગા એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ મહેસાણા-ઊંઝા-સિદ્ધપુર-પાલનપુરના ને બદલે પરિવર્તિત માર્ગ વાયા મહેસાણા-પાટણ-ભિલડી-પાલનપુર ના માર્ગ થી ચાલશે અને ઊંઝા અને સિદ્ધપુર સ્ટેશનો પર નહીં જાય.

૨. ૧૦ માર્ચ ૨૦૨૫ ના રોજ યોગનગરી ઋષિકેશ થી ઉપડનારી ટ્રેન સંખ્યા ૧૯૦૩૨ યોગનગરી ઋષિકેશ-સાબરમતી યોગા એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ પાલનપુર-ઉંઝા-સિદ્ધપુર-મહેસાણા ના બદલે પરિવર્તિત માર્ગ વાયા પાલનપુર-ભીલડી-પાટણ-મહેસાણા ના માર્ગ થી ચાલશે તથા ઉંઝા અને સિદ્ધપુર સ્ટેશનો પર નહીં જાય.

૩. ૧૦ માર્ચ ૨૦૨૫ ના રોજ દૌલતપુર ચોક થી ઉપડનારી ટ્રેન સંખ્યા ૧૯૪૧૨ દૌલતપુર ચોક-સાબરમતી એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ પાલનપુર-ઊંઝા-સિદ્ધપુર-મહેસાણા ના બદલે પરિવર્તિત માર્ગ વાયા પાલનપુર-ભીલડી-પાટણ-મહેસાણા ના માર્ગ થી ચાલશે અને ઉંઝા અને સિદ્ધપુર સ્ટેશનો પર નહીં જાય.

મુસાફરોને વિનંતી છે કે કૃપા કરીને ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરો. ટ્રેનોના સમય, સ્ટોપેજ અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.